ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 18 Date : 01-06-2026

આ અંકમાં

વિનોબા	૦૧	આત્માને જાણીએ (૧૩)
આનંદ મઝગાંવકર	૦૪	આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ અને નેચરલ સ્ટુપીડીટીની દુનિયા
રામચંદ્ર ગુહા, અનુ. ડંકેશ ઓઝા	૦૮	વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે : મહાત્મા ગાંધી અને પર્યાવરણ
સંકલિત	૧૧	વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૬
રજની દવે	૧૨	પર્યાવરણ દિન નિમિત્તે : પર્યાવરણ મંથન - આજનો સંદર્ભ
જ્યોતિભાઈ દેસાઈ	૧૫	નઈ તાલીમની વિશેષતાઓ અને મર્યાદાઓ
પાર્થિવ શાહ	૨૦	રઘુરાય : છબીઓ જેમનો શ્વાસ હતી
સંજય સ્વાતિ ભાવે	૨૧	ચંદુ મહેરિયાના લેખનનું ગૌરવ : દેશના અગ્રણી અભ્યાસીઓના શબ્દોમાં
ગૌરાંગ જાની	૨૩	ચારુમતી યોદ્ધા
આશા વીરેન્દ્ર	૨૪	ઉધારી

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

યજ્ઞ પ્રકાશન

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
BHOOMIPUTRA
Gujarati Fortnightly
Price Rs.20, Annual Sub. Rs.300.
Vol.73 Issue No.18 1958 Date : 1-06-2026
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

આત્માને જાણીએ (૧૩)

❍ વિનોબા ❍

આત્મોદ્ધાર

આત્મોદ્ધાર કરવાના પ્રયત્નમાં પરાધીનતાનો ભાવ કામ આવતો નથી. વળી પરમાર્થ માર્ગમાં નસીબ જેવી કોઈ વસ્તુને સ્થાન નથી. અને એમાં કોઈ બહારની મદદ પણ મળી શકતી નથી. પરંતુ ખુદ સાધકે જ પ્રયત્નશીલ બનવું જોઈએ. આમ જોવા જઈએ તો બહારથી જે મદદ મળે છે, તે એક પ્રકારે અંદરની જ મદદ હોય છે. કેમ કે બહારની મદદ ગ્રહણ કરવાની શક્તિ આપણી અંદર રહેલી છે. જો ફેફસાં જ કામ ન કરતાં હોય, તો ઓક્સિજનની શું જરૂર રહેવાની ? એવી રીતે ગુરુ, મિત્ર અથવા પુસ્તકની સહાયતા વગેરે પણ મારી ભીતરી લાયકાત પર જ નિર્ભર રહેતી હોય છે. હું ખુદ કામ કરવા તૈયાર થઈ જાઉં છું તો બધાં લોકો મને મદદ કરે છે. જ્યાં આત્મોદ્ધારની વાત છે, ત્યાં નસીબ કે બહારની મદદ પર આધાર નથી રાખવાનો. ધ્યાનયોગનું સંપૂર્ણ કાર્ય એ કેવળ આત્મા પર જ નિર્ભર હોય છે.

ભગવદ્‌ગીતામાં બે વચન છે, उद्धरेत् आत्मना आत्मानम् – એટલે કે આત્માનો ઉદ્ધાર આપણે જાતે કરીએ, तेषां अहं समुद्धर्ता – બધા વિકારોને મારીને હું એ બધાને સંસારસાગરમાંથી બહાર કાઢું છું. આ બંને વચનોમાં વિરોધ છે, પરંતુ બંનેમાં મેળ પણ છે. ભક્ત જો બિલકુલ પ્રયત્ન ન કરે તો ભગવાન તેની પર આક્રમણ કરતો નથી. પરંતુ ભક્ત તરફથી થોડો પણ પ્રયત્ન થતો હશે તો ભગવાન એકદમ ઉદ્ધાર કરે છે. કેવળ ભક્તના પ્રયત્નોથી કામ થવાનું નથી. હકીકતમાં વસ્તુસ્થિતિ એવી હોય છે કે માણસ જેટલો ભગવાન પાસે જવા માટે ઉત્સુક હોય છે, એના કરતાં તો વધારે ભગવાન એને પોતાની પાસે રાખવા ઉત્સુક રહે છે. પોતાનો દીકરો અવળા માર્ગે કામ કરે છે, તો એમાંથી એને છોડાવવો જોઈએ. આ પ્રકારની છટપટાહટ – વ્યાકુળતા માતાની હોય છે. દીકરો તો સમજતો જ નથી કે તે કોઈ ખોટું કામ કરી રહ્યો છે. પણ એની માને ઉતાવળ હોય છે કે દીકરાને જલદીથી ખોટે-માર્ગે જતો અટકાવી શકાય. અહીં માની હેસિયતમાં ભગવાન છે. ભગવાન ઇચ્છે છે કે આપણે બધી બૂરાઈઓમાંથી દૂર થઈ જઈએ. આપણા તરફથી પણ આ દિશામાં સહેજે પ્રયત્ન થશે તો તે તરત મદદે આવશે.

એક વાર હું નાનકડા હૉજ પાસે ઊભો હતો. એ હૉજમાં પાણી નહોતું. એમાં એક કીડો હતો. એ વારેવારે ઉપર ચઢવાની કોશિશ કરતો હતો. પણ દીવાલ ચીકણી હોવાથી તે લપસી જતો હતો. મેં એ જીવડાની હલચલ જોઈ અને પછી એક લાકડી દીવાલ પર ટેકવી દીધી. પેલો કીડો તો ધીરે ધીરે એ લાકડી પર ચઢી ગયો ને ધીરેથી મેં એને બહાર કાઢી લીધો. હવે જો એ કીડો ઉપર આવવાની મથામણ ન કરતો હોત, તો હું કંઈ એને બહાર કાઢવાનો નહોતો. મેં વિચાર્યું કે પ્રત્યેક જીવાત્મા આ કીડાના સ્થાને છે અને મારી જગ્યાએ પરમાત્મા છે. તમે જો પ્રયત્ન કરશો તો ઈશ્વર ઉદ્ધાર કરશે. ઉદ્ધાર ભગવાન જ કરશે, આપણા પ્રયત્નોથી નહીં થાય. પરંતુ તમે જો કંઈ પણ ન કરો તો ઉદ્ધાર થવાનો નથી. આપણે પ્રયત્ન કરીએ છીએ, તો ભગવાન આપણી મદદ કરે છે. ગીતા કહે છે तेषां अहं समुद्धर्ता – હું એમનો ઉદ્ધાર કરું છું. ગીતાએ उद्धरेत् आत्मना आत्मानम् ની વાત પણ કરી છે. આ બંને એકદમ યોગ્ય છે. આપણે પોતાના ઉદ્ધાર માટે જેટલો પ્રયત્ન કરવો જોઈએ, તેટલો કરતા રહીશું તો પરમાત્માને દયા આવશે.

લોકોદ્ધારનો એકમાત્ર ઉપાય છે, આત્મોદ્ધાર. દુનિયાને સુધારવાના આગ્રહથી, તે એક બાજુ પર રહી જાય છે.

આત્મૌપમ્ય

આત્મૌપમ્ય એટલે પોતાની ઉપમા (સામ્ય), પોતાનો ન્યાય બીજા પર લાગુ કરવો. આપણે જેવી રીતે બીજા પાસેથી પોતાની સાથે જેવા વ્યવહારની અપેક્ષા કરીએ છીએ, એવો જ વ્યવહાર આપણે બીજા સાથે કરીએ. જેવી રીતે આપણને સુખ દુઃખ છે, એવી જ રીતે બીજાને પણ છે, આટલું ભાન રાખીને આપણે સમત્વથી વર્તન કરવું જોઈએ. કોઈ આપણને ગાળ આપે તો આપણે પણ એને ગાળાગાળી કરીએ, એ આત્મૌપમ્ય નથી. એને તો 'જેવાની સાથે તેવા' જેવો વ્યવહાર થયો કહેવાય. એટલે કે આત્મૌપમ્યનો અર્થ આપણે બીજાઓ પાસેથી જેવા વ્યવહારની અપેક્ષા કરીએ છીએ, તેવો વ્યવહાર આપણે બીજાઓ સાથે કરીએ. આપણે ક્યારેય એવું ન ઇચ્છીએ કે બીજા આપણને ગાળો આપે. તો આપણે પણ બીજાને ગાળો ન આપીએ. ડાકુ હોય છે તે બીજાને લૂંટતા હોય છે. પણ ડાકુ પોતે કયારેય એવું નહીં ઇચ્છે કે બીજા એને લૂંટે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

એટલા માટે આપણે પણ કોઈને ન લૂંટીએ - આ આત્મૌપમ્ય બુદ્ધિ છે. નાનું-મોટું કોઈ પણ એવું નહીં ઇચ્છે કે બીજા લોકો એને દુઃખ પહોંચાડે. એટલા માટે જ આપણે પોતાની જાતથી જ શરૂઆત કરવાની છે. બીજા ભલે આપણને દુઃખ આપતા હોય, પણ આપણે એને દુઃખ ન આપીએ.

ગીતાએ તો એવી અપેક્ષા રાખી છે કે જે લોકો નિરંતર ઈશ્વરમય જીવન જીવે છે તેવા મહાપુરુષો સામાન્ય માણસના સુખદુઃખ સાથે સમરસતા અનુભવે. હવે અહીં પ્રશ્ન થાય કે જે વ્યક્તિ સુખ-દુઃખાતીત થયો છે, એને વળી બીજાનાં સુખ-દુઃખોનું પરિમાણ કેવી રીતે ખબર પડે ? પણ અહીં વસ્તુસ્થિતિ એ હોય છે કે જે વ્યક્તિનું ચિત્ત પૂર્ણપણે નિર્વિકાર થયેલું છે, એ વ્યક્તિ બીજાનાં સુખ-દુઃખોને યથાર્થ રીતે જાણી-સમજી શકે છે. એના નિર્વિકાર ચિત્ત અને પરિશુદ્ધ આત્મામાં તે સહજ રીતે પ્રતિબિંબિત થઈ જાય છે. જ્ઞાની પુરુષના આત્મૌપમ્યનું આ સ્વરૂપ છે. જ્યારે અન્ય લોકોનું આત્મૌપમ્ય સીમિત રહેશે, કાલ્પનિક હશે, ઓછું-વત્તું રહેશે. બીજી કોઈ વ્યક્તિ મારું દુઃખ જોઈને વ્યાકુળ થઈ જશે પણ હું મારા દુઃખથી કેટલો વ્યગ્ર છું, એનું એને ભાન હોતું નથી. જેટલું મારું દુઃખ છે એનાથી એની સહાનુભૂતિ ઓછી જ હશે. મા જેવું કોઈ હશે તો તે દુઃખને વાસ્તવિક દુઃખ કરતાં વધારે જ માની લેશે. આમ, જ્ઞાની પુરુષને જ તમારું દુઃખ શું છે - કેટલું છે એનો અંદાજ આવી જાય છે અને એ જ એ દુઃખના નિરાકરણ માટે કામ કરશે કેમ કે જ્ઞાની નિર્વિકાર હોય છે અને એકદમ બરોબર જ્ઞાન રાખે છે.

ગીતાનું તો આ એક નૈતિક સૂત્ર છે કે બધાં લોકો આત્મૌપમ્ય વ્યવહાર કરે. જ્યાં પૂર્ણ આત્મૌપમ્ય રીતે વર્તન કરવું મુશ્કેલ હોય ત્યાં - સંભવ હોય એટલી સહાનુભૂતિ રાખવી જોઈએ - ચિત્તને નિર્વિકાર રાખીએ અને દુઃખમુક્તિ માટે યથા સંભવ મદદ કરતા રહેવી જોઈએ. શંકરાચાર્ય કહે છે કે જ્ઞાની લોકો આત્મૌપમ્યને લીધે બીજાનાં સુખ-દુઃખને પોતાના જેવાં સમજે છે. અને પછી શંકરાચાર્ય વ્યાખ્યા કરે છે કે अहिंसक इत्यर्थः - તે અહિંસક છે, આવો તેનો ભાવાર્થ થાય છે.

સામ્યયોગનો અર્થ છે, જે વસ્તુ હું ઇચ્છું છું, એ વસ્તુ બધાંને મળવી જોઈએ. તરસ લાગવા પર કોઈ પાણી પીવડાવે તો કેટલું સારું લાગે છે. માટે જ તરસ્યાને પાણી પીવડાવવું જોઈએ. એવી રીતે ભૂખ લાગી હોય ને કોઈ રોટલી ખવડાવે તો સારું લાગે છે, માટે ભૂખ્યા લોકોને ખવડાવવું જોઈએ. કોઈ મારતું હોય તો આપણને એ સારું નથી લાગતું, માટે આપણે પણ કોઈને ન મારવું જોઈએ. આ આત્મૌપમ્ય છે. આપણે આ વસ્તુને વ્યવહારમાં આચરણમાં મૂકીશું તો બધા ઝઘડાઓનો નિકાલ આવશે અને આપણે જે વસ્તુ ઇચ્છીએ છીએ તે સરળતાથી થઈ શકશે અને સંસારમાં સ્વર્ગનો અનુભવ થશે.

આત્મૌપમ્ય બુદ્ધિ અર્થાત્ સમત્વ બુદ્ધિ. આપણે સુખ અને દુઃખને સમ સમજીએ. પછી તે સુખદુઃખ આપણાં હોય કે બીજાનાં હોય. આપણે સુખ-દુઃખમાં તટસ્થ અને સમત્વબુદ્ધિ રાખવી જોઈએ અને અનાસક્ત ભાવે તેને દૂર કરવાના પ્રયત્ન કરવા જોઈએ.

મને જેવી ભૂખ અને જિજીવિષા છે, એવી બધાંને છે - આવી આત્મૌપમ્ય દૃષ્ટિથી સંસારને જોતાં રહીએ. આપણે જો આવું સમજીશું કે દરેકમાં જિજીવિષા રહેલી છે, તો આપણે કોઈની હત્યા અર્થાત્ હિંસા કરીશું નહીં. બધા ધર્મોએ સર્વોત્તમ નીતિસૂત્ર બાતવ્યું છે કે, ''પોતાની જેમ બીજાંને જોવા.'' ગીતા આને ''આત્મૌપમ્ય'' કહે છે.

આત્મસાક્ષાત્કાર

માનવમાં આત્મસાક્ષાત્કાર કરવાની શક્તિ હોય છે. પણ કેટલા માણસોને આત્મસાક્ષાત્કાર થાય છે ? ગીતા અનુસાર લાખો માણસોમાં કોઈ એકાદ વ્યક્તિ જ આત્મસાક્ષાત્કાર માટે પ્રયત્ન કરે છે. આમ તો દરેક શરીરમાં આત્મા હોય છે. માટે જ દરેક શરીરમાં આત્મસાક્ષાત્કારની સંભાવના હોય છે. પ્રાણીઓમાં પણ ભક્તિભાવ ધરાવનારાં પ્રાણી હોય છે અને વૃક્ષોમાં પણ સમાધિસ્થ ચૈતન્યવાળાં વૃક્ષો હોઈ શકે છે. તેમ છતાં અન્ય યોનીઓમાં આત્મસાક્ષાત્કાર કરવાની શક્યતા ઓછી હોય છે, મનુષ્યયોનિમાં વધારે સંભાવના રહેલી છે. પણ આ બાબતે મનુષ્યે અહંકાર રાખવો ઉચિત નથી કે તે બીજાં બધાં પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે.

આત્મસાક્ષાત્કાર વિષય એ બુદ્ધિગમ્ય નથી, તે અનુભવગમ્ય છે. જ્યારે વાસનાઓ ખતમ થશે, એક પણ વાસના શેષ નહીં રહે, ત્યારે આત્મસાક્ષાત્કાર થશે. શરીર છે, એટલા માટે ખાવું-પીવું પડશે, એટલા માટે આપણે આ દુનિયાની થોડીક સેવા કરીશું, પરંતુ ચિત્તમાં એક પણ વાસના રહેશે નહીં, કામ-ક્રોધાદિ વિકારો ખતમ થશે, ત્યારે આત્મસાક્ષાત્કાર થશે. જે પણ કોઈ માણસને એવો અનુભવ આવતો હશે કે તેના કામ-ક્રોધ-લોભ ખતમ થઈ ગયા છે, એનું જીવન કૃતાર્થ છે.

આત્મસાક્ષાત્કાર અર્થાત્ પૂર્ણ સમાધાન. એક ક્ષણ માટે પણ

આ અંકમાં

વિનોબા	૧	આત્માને જાણીએ (૧૩)
આનંદ મઝગાંવકર	૪	આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ અને નેચરલ સ્ટુપીડીટીની દુનિયા
રામચંદ્ર ગુહા	૮	મહાત્મા ગાંધી અને પર્યાવરણ
સંકલિત	૧૧	વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૬
રજની દવે	૧૨	પર્યાવરણ-મંથન : આજનો સંદર્ભ
જ્યોતિભાઈ દેસાઈ	૧૫	નઈ તાલીમની વિશેષતાઓ અને મર્યાદાઓ
પાર્થિવ શાહ	૨૦	રઘુરાય : છબીઓ જેમનો શ્વાસ હતી...
સંજય સ્વાતિ ભાવે	૨૧	ચંદુ મહેરિયાના લેખનનું ગૌરવ : દેશના અગ્રણી અભ્યાસીઓના શબ્દોમાં
ગૌરાંગ જાની	૨૩	ચારુમતી યોદ્ધા
આશા વીરેન્દ્ર	૨૪	ઉધારી

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અસમાધાન નહીં. અને આની એક કસોટી છે કે રાત્રે સ્વપ્નું ન આવવું. નિઃસ્વપ્ન નિદ્રા થઈ તો રાતની પરીક્ષા થઈ ગઈ. દિવસભર પ્રત્યેક ક્ષણ પરમાત્માનું સ્મરણ રહ્યા કરે. ભલેને આપણે કામ કરતા રહીએ, પણ આપણું ચિત્ત નિરંતર જાગ્રત રહેવું જોઈએ. જાગ્રત ક્ષણોમાં પરમાત્માનું સ્મરણ રહેશે તો આપણા દિવસની પરીક્ષા થઈ ગઈ. આત્મસાક્ષાત્કારની કસોટી આ છે કે – જાગ્રત અવસ્થામાં પરમાત્માનું સતત સ્મરણ અને રાત્રે નિઃસ્વપ્ન નિદ્રા.

લાખો માણસોમાં કોઈ એકાદ જ આત્મસાક્ષાત્કાર માટે પ્રયત્ન કરે છે. બીજા બધા કયા પ્રયત્નોમાં રચ્યાપચ્યા હોય છે ? કોઈ કામ-પ્રેરણાથી, તો કોઈ ધર્મ-પ્રેરણાથી, તો કોઈ અર્થ-પ્રેરણાથી પ્રયત્નો કરતા રહે છે. એમનો એનાથી આગળ પ્રવેશ થતો નથી. મનુષ્યોમાં બહુ ઓછા લોકો શ્રેયાર્થી હોય છે. જે શ્રેયાર્થી લોકો છે એમાં પણ ઘણાં બધાંની ઇચ્છા એટલી બધી મંદ હોય છે કે તેઓ સાંસારિક વાતોમાં લિપ્ત રહે છે અને શ્રેયની ઇચ્છા કેવળ નામમાત્રની રાખતા હોય છે. બહુ જ થોડાં લોકોમાં શ્રેય-સંપાદન કરવાની ઉત્કટતા હોય છે, જેના બળે તે સફળ થઈને જ આરામ કરે છે. તમે આ સાંભળીને નિરાશ થશો કે આશાવાન લોકોનું શું ? જો આ આટલું બધું મુશ્કેલ લાગતું હોય તો પ્રયત્ન કરવાનો જ છોડી દો – આવી ભાવના થઈ કે બધું સમાપ્તમ ! પરંતુ અહીં નિરાશ થવાની કોઈ વાત નથી. આ વાક્ય તો જ્ઞાનનું મહત્ત્વ બતાવવા માટે અને ઉત્સાહ વધારવા માટે છે. હે માનવો! તમને નરદેહ મળ્યો છે, તો ઊઠો, પરમાત્માને પામવા માટે પ્રયત્ન કરો. આવા પ્રયત્ન કરનારાઓ સફળ થયાં છે, ભલે એ ઓછાં કેમ ન હોય.

દેહમાં રહીને દેહનું આવરણ દૂર હટાવી, આત્મસાક્ષતાકાર કરવો – આ એક આશ્ચર્ય છે. એટલે કે આશ્ચર્યતુલ્ય, અદ્‌ભુત, દુર્લભ છે.

ખરેખર જે આત્માને જુવે છે, તે પુરુષ જ આશ્ચર્ય છે. દેહના આ સુંદર આવરણને હટાવવાનું કોણ ઇચ્છશે ? મનુષ્ય તો એનામાં જ રંગાઈ જાય છે. માટે જ શરીરમાં રહીને આત્મસાક્ષાત્કાર કરવા માટે પૂરા પ્રાણ સાથે થયેલી ચેષ્ટા કરનારો માણસ ખરેખર લાખોમાં કોઈ એક જ હોય છે.

આત્મસાક્ષાત્કાર થઈ ગયા પછી મનુષ્યની વાણી કુંઠિત થઈ જાય છે, પણ એ અનુભવને બરોબર સંભાળીને આત્માનુભવની અવસ્થામાં આત્માનું વર્ણન કરી શકવું, આ બીજું આશ્ચર્ય છે.

પછી તો જે પુરુષ આ બધું જોયા બાદ એનું વર્ણન કરી શકે છે, તે પુરુષ એટલે કે વળી વધુ એક આશ્ચર્ય ! માણસમાં આત્મ-સાક્ષાત્કાર થયા બાદ વક્તૃત્વશક્તિ જ બચતી નથી. એવી વ્યક્તિ બૂમો પાડીને બોલવા લાગે કે अहमन्नं, अहमन्नं, अहमन्नम् । अहमन्नादः अहमन्नादः अहमन्नादः – અરે, હું શાકભાજી છું, હું રોટલી છું, હું ખાનારો છું. આ બધું એનું કોણ સાંભળવાનું છે ? પણ જો પોતાની વાણીને બરોબર સંભાળીને કહેનારો કોઈ મળી પણ જાય તો કોઈ એને સાંભળનારું મળશે ? આવું સાંભળનારું મળવું તે પણ એક આશ્ચર્ય જ હશે. આત્માનું વર્ણન કરનારા કોઈ સાક્ષાત્કારીને સાંભળવાની રુચિ ધરાવનાર સહૃદય શ્રોતા મળવો, આ ત્રીજું આશ્ચર્ય છે !

વળી જે આ વર્ણન સાંભળે છે, સાંભળવાથી કંટાળતો નથી અને કંટાળીને ભાગી જતો નથી, આવો પુરુષ પણ આશ્ચર્ય છે.

જોકે નાટક-સિનેમાનાં થિએટરો ભરેલાં ને ભરેલાં જ છે. સાક્ષાત્કારીનું વ્યાખ્યાન સાંભળવા કોઈ આવતું નથી. પૈગંબર મુહમ્મદ સાહેબ પ્રાર્થના કરી રહ્યા હતા, ત્યાં એક બાજુ ખેલ-તમાશો ચાલી રહ્યો હતો તો બીજી બાજુ નાટક-ચેટક ચાલતાં હતાં, ત્રીજી બાજુ હાટ ભરાયેલી હતી, વેપારીઓ વેપાર કરી રહ્યા હતા. ત્યાં કોઈ રમત તો કોઈ નાટક જોવામાં મશગૂલ હતા તો કોઈ બજારમાં ખરીદી કરવા જતું રહ્યું, મુહમ્મદ સાહેબ એકલા પડી ગયા. એ અને એમના માલિક (ખુદા) ! મુહમ્મદ સાહેબ જેવા નબીની આ હાલત હોય તો બીજાંઓની તો શું વાત કરવી ?

શ્રોતાઓમાં પણ આ પ્રકારના શ્રોતા મળવા એ તો વળી ચોથું આશ્ચર્ય છે કે જે સાંભળતાંની સાથે જ એમના ચિત્તના દોષો દૂર થઈ જાય છે અને આત્મસાક્ષાત્કારની છાપ એમના ચિત્ત પર અંકિત થઈ જાય છે. ઉપનિષદમાં જનક-યાજ્ઞવલ્ક્યની વાત આવે છે કે યાજ્ઞવલ્ક્યે રાજા જનકને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો અને સાંભળતાં સાંભળતાં જનકને સાક્ષાત્કાર થઈ ગયો. જનક જેવા તો કોઈ વિરલા ભાગ્યે જોવા મળે કે જેમને શ્રવણમાત્રથી જ્ઞાન મળી જાય છે.

આમ આ રીતે, ઉત્તરોત્તર ચાર આશ્ચર્ય છે. આત્માનું દર્શન, આત્માનું વર્ણન, આત્માનું શ્રવણ અને અર્થાવબોધન – આ ચારેય દુર્લભ છે. આમાં આત્મજ્ઞાનનો મહિમા કહીને તે તરફ પ્રવૃત્ત કરવા માટે આ વાક્ય છે, એનાથી પરાવૃત્ત કરવા માટે આ વાક્ય નથી... આટલું ધ્યાનમાં લેવું જરૂરી છે.

ઘણી વાર પૂછવામાં આવ્યું છે કે આ આત્મસાક્ષાત્કારની કલ્પના શું છે ? આમાં એક વાત તો એ છે કે જો બુદ્ધિને સમજાઈ જાય તો સાક્ષાત્કારને આધાર મળશે. જ્યાં સુધી બુદ્ધિને આ વસ્તુ સમજાશે નહીં ત્યાં સુધી સાક્ષાત્કારનો પ્રશ્ન જ ઊભો થતો નથી. સર્વપ્રથમ તો બુદ્ધિને આ વાત સમજાઈ જવી જોઈએ. ત્યાર બાદ તેનો અનુભવ થવો તે બીજી વસ્તુ છે. બુદ્ધિને સમજાઈ જવું તે જ્ઞાન છે અને ત્યાર બાદ એનો જે અનુભવ આવે છે, તે વિજ્ઞાન અથવા સાક્ષાત્કાર છે. ઉદાહરણ રૂપે કરુણાનો સાક્ષાત્કાર સમજીએ. બુદ્ધિને કરુણાની આવશ્યકતા મહેસુસ થવી જોઈએ. આ સમગ્ર વિશ્વમાં કરુણા ભરેલી છે – એ વસ્તુ પણ બુદ્ધિને સમજાઈ જવી જોઈએ. ત્યાર બાદ મનુષ્યને કરુણાનો અનુભવ આવશે.

કોઈ પણ વાતને સમજી લેવી તે સામાન્ય બુદ્ધિનું કામ છે. જ્યારે કોઈ પ્રશ્નના વિષયમાં નિઃશંક હોવું, કોઈ પણ સંદેહ અથવા આક્ષેપનો સમાધાનકારક ઉત્તર આપવાની ક્ષમતા હોવી, એ વિષયમાં પૂર્ણ વિશ્વાસ હોવો – આ નિશ્ચયાત્મક અથવા વ્યવસાયાત્મિક બુદ્ધિ

(જુઓ પાન નં. ૨૩)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ અને નેચરલ સ્ટુપીડીટીની દુનિયા

આજે દુનિયામાં નગ્ન-દેખીતી હિંસા છે તે તો કંઈક અંશે આપણને સમજાય છે, જોકે તે અંગે પણ જાણે સમાજ ઉત્તરોત્તર અસંવેદનશીલ બનતો જતો દેખાય છે. પરંતુ અસમાનતા, જે મહેનત કરે તે ભૂખ્યા મરે, નબળી વ્યક્તિ દબાતી-કચડાતી જાય - આ બધાંને આપણે વ્યવસ્થાની હિંસા કહીએ અને આ પ્રકારની હિંસા આપણે કલ્પના ન કરી શકીએ તેટલાં ક્ષેત્રોમાં વ્યાપ્ત થઈ ચૂકી છે. આજની દુનિયામાં જાણે ન્યાય માટે ન કોઈને નિસબત છે, ન સમય.

એક તરફ પ્રકૃતિના દોહન અને શ્રમિકોના શોષણથી કોઈ દિવસ નહોતી એટલી ભૌતિક સંપત્તિ, આગળ પ્રાપ્ત ન હતી એવી ટેકનોલોજી આજે ઉપલબ્ધ છે. અને તેમ છતાં ક્યારેય ન હતી એટલી વિષમતા આજે આપણી દુનિયામાં વ્યાપ્ત છે. આવા સંજોગોમાં જો કોઈ ભૂખ્યું રહે તો એ અન્નની અછતને કારણે નહીં પરંતુ તે ન્યાયની અછત (અભાવ)ને કારણે છે !

આજે દુનિયામાં એટલાં ભયંકર યુદ્ધો ચાલી રહ્યાં છે - અને આ યુદ્ધોની બે બાજુઓ સંસાધનો અને શસ્ત્રની રીતે એટલી તો અસમાન છે દા.ત. એક તરફ મહાશક્તિ રશિયા અને નાનકડા દેશ યુક્રેન વચ્ચે ચાર વર્ષથી ચાલી રહેલું યુદ્ધ. તો બીજી તરફ ઇઝરાયેલનું ગાઝા પર આક્રમણ કે સંયુક્ત રાજ્ય અમેરિકા અને ઇઝરાયેલ મળીને ઈરાન પર આક્રમણ કરે છે. કે સ્વતંત્ર સાર્વભૌમત્વ ધરાવતા રાષ્ટ્ર વેનેઝુએલાના રાષ્ટ્રપતિનું રાતના અંધારામાં જઈને અમેરિકન સેના અપહરણ કરે છે. આવા સંજોગોમાં કોઈ પણ સંવેદનશીલ નાગરિક હતાશા, નિઃસહાયતાથી જુદું શું અનુભવી શકે ? વિકાસ, પ્રગતિ, ઉત્ક્રાંતિ, અહિંસાની ખોજ, ભૂલોમાંથી શીખવું એ જાણે કે કોઈ બીજા જ ગ્રહની વાત લાગે તેવું વાતાવરણ ચોમેર સર્જાયેલું છે.

આ વ્યાપ્ત પરિસ્થિતિની વ્યક્તિ અને સમાજ પર જે અસરો દેખાય છે તે કંઈક આવી છે :

૧. **ભ્રમ** : આજે માણસ એવા ભ્રમમાં જીવે છે કે આપણે આગળ વધી રહ્યા છીએ. કંઈક શીખી રહ્યા છીએ, હૃદય અને બુદ્ધિ-વાળા માનવ તરીકે ઉત્ક્રાંતિનો લાભ આપણને મળી રહ્યો છે. અને કૃત્રિમ બુદ્ધિ (એ.આઈ) બધા પ્રશ્નો ઉકેલી દેશે એવા ભ્રમમાં આપણે જીવીએ છીએ.

તો બીજી તરફ આપણે સાંભળીએ છીએ કે આપણે વિશ્વગુરુ છીએ, પરિપૂર્ણ છીએ, આપણી સમજણ સર્વશ્રેષ્ઠ છે તેથી આપણે કોઈ પાસે કંઈ શીખવાની જરૂર જ નથી.

૨. **અનુકરણ** : એક તરફ તો આપણે વિશ્વગુરુ હોવાની ગુરુતા-ગ્રંથિમાં રાચીએ છીએ અને બીજી તરફ આપણે પશ્ચિમનું આંધળું અનુકરણ દરેક બાબતમાં કરી રહ્યા છીએ - પછી તે જીવનશૈલી હોય, પહેરવેશ, ભાષા કે વિદેશનું શિક્ષણ. એટલું ઓછું હોય તેમ વિદેશ વસવાટની આકાંક્ષા તેમજ બેંકનાં ખાતાં ડોલરમાં હોય તેવા ખ્વાબો માટે જાન આપી દેનારા આપણા લોકો ! માનસશાસ્ત્રની ભાષામાં આને સ્કીત્ઝોફ્રેનીયા કે બાયપોલર ડીસઓર્ડર કહેવાય ને ?

૩. **દ્વિધા** : ગાંધીના ભારતમાં કે વિશ્વમાં જે લોકો સત્ય, અહિંસા અને ન્યાય પ્રત્યે નિસબત ધરાવે છે તેમને માટે આજની રાજકીય - આર્થિક - સામાજિક પરિસ્થિતિ એક મોટી દ્વિધા ઊભી કરે છે. જ્યારે વિશ્વમાં આટલી અસમાનતા હોય - આર્થિક, શસ્ત્રબળ અને સૈન્યની રીતે - યુદ્ધો મોટે ભાગે એકતરફી બની ચૂક્યાં હોય ત્યારે યુદ્ધ તો જ અટકે જો યુ.એસ. અને ઈઝરાયેલને કોઈ મોટું નુકસાન થાય - એમના થોડા સૈનિકો મરે તો પોતાના દેશની જનતાની બીકથી યુ.એસ. અને ઇઝરાયેલની સરકારને યુદ્ધ સમેટવાની ફરજ પડે. પરંતુ આવું વિચારવું એ એક મોટી દ્વિધા એટલા માટે છે કે ગાંધીની હિંસા તો સામેનાનુંયે બૂરું ઇચ્છવા પર પ્રતિબંધ મૂકે છે.

૪. **જાણી જોઈને અજાણ રહેવું** : આટલી વિષમતા, ભૂખમરો અને હિંસા જ્યારે દુનિયામાં વ્યાપ્ત હોય ત્યારે કોઈ પણ સામાન્ય વ્યક્તિ-નાગરિક પોતાની માનસિક સ્વસ્થતા (Sanity) જાળવવા આંખ બંધ કરી દે છે અને આ બધી વસ્તુઓથી અજાણ રહે છે. અંગ્રેજીમાં કહેવાય છે ignorance is bliss (શાંતિ માટે અજાણ રહેવું).

૫. **નિર્લેપ રહેવું / સંવેદનાને બુઠ્ઠી કરી દેવી** : જોવા છતાં ન જોવું, પોતાની જિંદગી રાબેતા મુજબ જીવવા - business as usual ચલાવતા રહેવા પોતાની જાતને મનાવી લેવી - કંઈક અંશે છેતરવી પડે તો તેમ કરવું કે કોઈ પ્રશ્ન નથી. ભલે આપણી આજુબાજુ આગ લાગી હોય છતાં 'સબ ચંગા સી' એવું માન્યા કરવું. અને પછી એ વસ્તુ આપણે માટે નોર્મલ બની જાય. એવી રીતે વિચારવાની લઢણ પડી જાય. પરિણામે વ્યક્તિના સંવેદનાના તાર હલવાના બંધ થઈ જાય. આપણે પોતાના કોચલામાં રહેતાં શીખી જઈએ. આ યાત્રા આજના સમયમાં જોવા મળતી સામાન્ય (નોર્મલ) કહેવાતી વ્યક્તિની છે. તેને કોઈ Survival (જીવતા રહેવા) માટેની પદ્ધતિ પણ કહી શકે !

૬. **ખોટો પ્રચાર - (વૃત્તાંત) ઊભો કરવો** : આવી વિકટ પરિસ્થિતિ વધુ વિકૃતિયુક્ત ત્યારે બને છે જ્યારે જેઓ સ્થાપિત હિત ધરાવતા હોય છે તેવા બળૂકા લોકો પોતાના નિહીત સ્વાર્થ માટે હિંસા, અત્યાચાર આચરતા અચકાતા નથી. વાતાવરણ વધુ વકરે તો તેમાંથી સરવાળે તેમને લાભ થતો હોય છે. અને પોતાની વિકૃત વાતને સાચી ઠરાવવા, ન્યાયી ઠરાવવા વ્યવસ્થા તેમજ પ્રચારતંત્રનો એવો ઘોંઘાટ ઊભો કરે, એક વૃત્તાંત બનાવે (narrative); દા.ત. યુ.એસ. કહે છે કે અમે આ યુદ્ધ આતંકવાદ દૂર કરવા, લોકશાહી બચાવવા અને ઈરાનની બહેનોની સ્વતંત્રતા માટે કરી રહ્યા છીએ. આંખ બંધ કરીને જીવતા, પોતાનું માનસિક સંતુલન જાળવવા મથતા નાગરિકો આ ઘોંઘાટના શિકાર સહેલાઈથી બની જતા હોય છે ને વળી તેના પક્ષકાર પણ બની જાય છે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

૭. એકલતાનો અનુભવ : જ્યારે આવું સ્પષ્ટ ધ્રુવીકરણ વ્યાપ્ત હોય, માન્યતાઓ, મત સતત વહેંચાયેલાં હોય, દરેકની લાગણી તંગ હોય. પોતાની મુશ્કેલીઓ માટે દોષનો ટોપલો અન્યને માથે નાંખવાની – બલિનો બકરો બનાવવાની વૃત્તિ જન્મ લે એટલું જ નહીં તે સમાજમાં સ્વીકાર્ય અને સામાન્ય બની જાય – ત્યારે હકીકતમાં વ્યક્તિ એકલી પડેલી હોય છે. આ પરિસ્થિતિમાં પોતાનો પ્રામાણિક મત પોતાના પડોશી કે મિત્રને જણાવવામાં અથડામણની બીક લાગે ત્યારે એક ભયંકર એકલાપણું ઊભું થાય છે. આવી પરિસ્થિતિમાં ભીડમાં પણ વ્યક્તિ એકલતા અનુભવે છે.

૮. સમાજમાં ઐક્યનો અભાવ (વિચ્છિન્નતા) : ભૌતિક રીતે પડોશમાં રહેતા હોવા છતાં વિચાર, સમજણ, લાગણીઓની મોટી દીવાલ આજે ઊભી થઈ ગઈ છે. પાડોશી સાથે કોઈ સેતુ નથી – જાણતા પણ નથી, અંતર વધતું જાય છે, દરેક પોતાનામાં મસ્ત છે, નિસબતના વિષયો પણ એક નથી, ભાષા (સમજણની) પણ એક નથી. આમ પણ શહેરોમાં આજે લોકો મોટા મોટા એનક્લેવ્સ્‌માં વસવાટ કરે છે. સોસાયટીની દીવાલો ઊંચી થતી જાય છે, વાડા વધતા- જુદા થતા જાય છે.

૯. વ્યક્તિ તરીકે વ્યક્તિને અનુભવાતી વ્યર્થતા : આજે વ્યક્તિને પરિસ્થિતિ ઉપર, પ્રવાહો ઉપર મીડીયા, લોકશાહી, ન્યાયતંત્ર – કશા ઉપર પોતાનો કોઈ જ પ્રભાવ પડતો દેખાતો નથી. પ્રશ્નો એટલા જટીલ તેમજ વ્યાપક અને આંતરસંબંધો ધરાવનારા છે કે જાગૃત, સંવેદનશીલ, કંઈક કરી છૂટવાની ભાવના કે ઇચ્છા ધરાવનાર વ્યક્તિ પણ નિસહાયતા અનુભવે છે, જે માણસને વધુ નિરાશા અને એકલતા ભણી ધકેલે છે.

૧૦. ટાપુ પર ભાગી જવું ? : આગળ લખ્યું છે કે આંખ બંધ કરીને જીવવું. પરંતુ, હિંસા, તિરસ્કાર, ભેદભાવ, અન્યાયના પ્રશ્નો એટલા બળૂકા અને કાન ફાડે તેવા તીવ્ર છે કે માત્ર આંખ કાન બંધ કરીને ચાલે તેમ નથી. ક્યાંક કોઈ ટાપુ પર ભાગી જવું પડે – જેથી દુનિયાના પ્રશ્નોથી પોતાને બચાવી શકાય (?) – એવી પરિસ્થિતિમાં આજે આપણે મુકાયા છીએ. પછી એ પાણીની કે ગેસની અછત, ક્લાઈમેટ ચેન્જને કારણે ડૂબતો સમુદ્રકિનારો હોય, પહાડોમાં થતું ભૂસ્ખલન હોય કે ધર્મ-જાતિ-વર્ગને આધારે થતી હિંસા. આજનો રસ્તો એ છે કે પોતે સુરક્ષિત જગ્યાએ ભાગી જવું. પોતે પોતાનો ઉપાય કરી લેવો. બાકીની દુનિયા જખ મારે. દા.ત. જાહેર વાહનવ્યવહારની હાડમારીથી બચવા કાર ખરીદી લેવી, વગેરે.

આટલી પ્રતિકૂળ પરિસ્થિતિ છે છતાં પ્રવાહ વિરુદ્ધ તરનારા વીરલાઓ તો મળી જ આવે છે – દુનિયાનો ઇતિહાસ પણ એ બતાવે છે અને વર્તમાન પણ – રેચલ કોરી જે બુલડોઝર સામે ગાઝામાં ઊભી રહી અને પોતાની જાન ગુમાવી. ઈરાનનો સંગીતકાર અલી ઘમસારી જે શાંતિ માટે વીજળીમથક સામે જઈને પોતાનું સંગીત વગાડતો બેઠો, ઉમર ખાલીદ, શરજીલ ઇમામ, ગુલફીશાં ફાતિમા, પરોંજય ગુહા ઠાકુરતા, રવિ નાયર, મહમદ દીપક અને આવા અસંખ્ય બીજા લોકો જે પોતાને માટે નહીં પરંતુ ન્યાય માટે, શાંતિ માટે, લોકશાહી માટે પોતાની જાન ફના કરવા તૈયાર થઈ જાય છે.

અત્યાર સુધી આપણે જે વાત કરી તે એક વ્યક્તિ તરીકેના અનુભવની હતી. હવે આપણે જોઈએ કે સમાજમાં આ બધાં પરિબળોનું શું પ્રતિબિંબ પડે છે અથવા આનું સામાજિક સ્વરૂપ કેવું હોય :

૧. પે એન્ડ યુઝની સંસ્કૃતિ : જેની પાસે પૈસા છે તેને જ જાણે કે ઉપભોગનો અધિકાર હોય એવી માનસિકતા ચારે તરફ વ્યાપ્ત છે અને તે સ્વીકાર્ય બનતી જાય છે. તેને વિશે કોઈ પ્રશ્ન ઊઠતો નથી. સહુને યાદ હશે કે આજથી થોડાં વર્ષો પહેલાં જ રેલવે સ્ટેશન કે બસ સ્ટેન્ડ પર મા-દીકરી માટલું લઈને પાણી વેચવા આવતાં ને આપણે તે નિરાંતે પીતાં. પણ આજે હવે આપણને આપણા આરોગ્ય તેમજ સ્ટેટસની સલામતી ‘બીસલેરી’ કે ‘એક્વાફીના’ની બોટલમાં જ સાંપડે છે. રસ્તો વાપરવો હોય તો પણ હવે ટોલ ભરવો પડે છે. ફક્ત એટલું જ નહીં, વિશ્વમાં હવા એટલી પ્રદૂષિત થઈ ચૂકી છે કે તેના ઉકેલ તરીકે હવે ઑક્સિજન પાર્લર ઊભાં કરવાની નોબત આવી છે. પાણી અને હવા પણ ખરીદવાં પડે એવી દુનિયામાં આપણે જીવીએ છીએ અને જેની પાસે તેને માટે પૈસા નથી તેને કોઈ ગટરના કિનારે આવેલી ઝૂંપડપટ્ટીમાં પોતાનો જીવનગુજારો કરવાની ફરજ પડે છે.

૨. સમાજનું મધ્યમ વર્ગીકરણ : આપણાં સપનાં, આકાંક્ષાઓ, જીવનશૈલી, જીવનના સ્તરનું મધ્યમ વર્ગીકરણ જોવા બહુ દૂર નજર નહીં નાંખવી પડે. એકબીજાના ઘરમાં રહેવું, એકબીજા માટે ઘસાવું સાવ સ્વાભાવિક હતું. પરંતુ આજે એ બધું તૂટતું જાય છે. હોટેલોમાં રહેવાનો શિરસ્તો વધતો જાય છે. સામૂહિક જગ્યાઓ (Space) આપણે સાથે મળીને વાપરતાં તેનું સ્થાન વ્યક્તિગત જુદી, પોતાની અંગત જગ્યાઓએ લેવા માંડ્યું છે. ઘરમાં વપરાતી એક લેન્ડલાઈનનું સ્થાન દરેકના હાથમાં રમતા સ્માર્ટફોને લીધું છે. ફળિયામાં, ગામમાં, શહેરની પોળોના ઓટલે બેસીને ગપ્પાં મારવાં એ જાણે કે ભૂતકાળની ઘટના બની ગઈ છે. મિત્રો-સગાંને મળવાનાં સ્થાનો હવે રેસ્ટોરાં – હોટેલ અને સુરક્ષા કવચવાળી ઊંચી દીવાલવાળી સોસાયટીઓનાં ડ્રોઈંગરૂમ કે કલબ હાઉસ બની ગયાં છે. કારણ કે હવે આપણા સ્ટેટસને એ વધુ માફક આવે છે અને તેમાં જ આપણે સુરક્ષિતતા પણ અનુભવવા માંડ્યા છીએ.

૩. બદલાતી ભાષા, ન બદલાનારી હકીકતો : સરકારી દસ્તાવેજો હોય કે વિશ્વસ્તરે થતી વાટાઘાટો, આજકાલ તેમાં ફેશનેબલ પરિકલ્પનાઓનો ઉપયોગ અતિપ્રચલિત છે જેમ કે, ‘ચિરંજીવી વિકાસ’, ‘લોક ભાગીદારી’, ‘પારદર્શિતા’, ‘લોકશાહી’, ‘સહિયારી માલિકી’ વગેરે શબ્દો ઉછાળવામાં આવે છે. પરંતુ હકીકતમાં કરારો, નીતિ નિર્ધારણ, યોજનાઓ કે કાયદાઓ બનાવવામાં સામાન્ય માણસનો વિચાર, તેમની જરૂરિયાતોનો અંદાજ કે ભાગીદારી માત્ર નામ ખાતર કે રાજકીય ફાયદો ઉઠાવવા-સસ્તી લોકપ્રિયતા મેળવવા જ કરવામાં આવે છે.

૪. સંવેદનહીનતા : જો જીતા વહી સિકંદર ! હરીફાઈમાં વધુ મેરીટ વાળો જ જીતે. મેરીટ જ બધું ભવિષ્ય નક્કી કરે એવા ભ્રમમાં

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આપણે જીવીએ છીએ. આગળ વધવા માટે બીજાના ખભા પર પગ મૂકવો પડે તેમાં ખોટું નથી. સફળ થવા માટે આ જરૂરી છે. અને સફળ થવું તે જ પ્રગતિ-વિકાસ છે તેવી માન્યતા હવે સમાજમાં સારા પ્રમાણમાં સ્વીકાર્ય બની ગઈ છે. તેથી સૌ એ જ દોટમાં લાગેલા છે. સફળતાના દાખલા (Success Stories) જ દુનિયાને આગળ લઈ જશે એવું ઠસાવી દેવાય છે, જ્યારે વાસ્તવિકતા એ છે કે ૭ અબજ એટલે કે ૭૦૦ કરોડ (પૃથ્વીની વસ્તી) લોકોમાંથી ૭૦૦૦ કે ૭૦,૦૦૦ લોકો જ 'સફળ' થઈ શકે. એટલે ૬,૯૯,૯૯,૩૦,૦૦૦ લોકોને શું જીવવાનો અધિકાર નથી? એમણે શું નિષ્ફળતાનું પાટિયું ગળામાં લટકાવીને બાકીની જિંદગી 'સફળ' લોકોની ગુલામી કરવાની ? અથવા તેમણે શું હંમેશાં દુય્યમ દર્જાના નાગરિક બનીને જીવન ગુજારવું ? સમાજનો વિકાસ માત્ર મેરીટ અને હરીફાઈથી થાય એ બાબત આજની આપણી શિક્ષણવ્યવસ્થા અને સમાજનાં પ્રચલિત મૂલ્યો પ્રસ્થાપિત કરી રહ્યાં છે. અને અહીં જ હિંસાનાં બીજ રોપાય છે એમ કહીએ તો અતિશયોક્તિ નહીં થાય.

આવા વાતાવરણમાં 'સૌના ભલામાં આપણું ભલું છે' એ સિદ્ધાંત હવે વેવલાપણામાં કે જુનવાણી વિચારમાં ખપાવી દેવાય છે.

૫. લોક વિરુદ્ધ લોક : 'વેપાર-ધંધાના વિકાસ માટે શ્રમિકોનું શોષણ તો કરવું જ પડે. દેશ અને સંપત્તિના વિકાસ માટે આદિવાસીઓની જમીન ડૂબે કે ખનિજના ખોદકામ માટે તેમને વિસ્થાપિત કરવા પડે તો તેમાં કાંઈ ખોટું નથી' એ પ્રચલિત મૂલ્ય છે. આખરે 'વિકાસ માટે કોઈક તો ભોગ આપવો જ પડે ને ? અને ભોગ તો હંમેશ ગરીબ-પછાત લોકોએ જ આપવાનો હોય ને ?'

ઉદ્યોગના વિકાસ માટે શ્રમિકોનું શોષણ, શહેરના વિકાસ માટે ગામડાનું શોષણ, ગામના વિકાસ માટે ખેડૂત-મજૂરનું શોષણ, વ્યાવસાયિક ખેતી માટે આદિવાસી જીવનપદ્ધતિનું શોષણ, કુટુંબના વિકાસ માટે સ્ત્રીનું શોષણ - આવી એક જટીલ-ગૂંચવણભરી સાંકળ બનેલી છે, જેને કારણે ટ્રીકલ ડાઉનને બદલે હકીકતમાં ફ્લશીંગઅપની પ્રક્રિયા થઈ રહી છે. સંપત્તિ નીચે સુધી પહોંચાવાને બદલે ઉપર કેન્દ્રિત થઈ રહી છે. અને આ મોડેલમાં હકીકતમાં જુદા જુદા વર્ગ, વ્યવસાયના લોકો એકબીજાની સામસામે આવીને ઊભા રહે છે.

૬. ઉપગ્રહ અર્થતંત્ર : 'પહેલા વિશ્વ' (યુરોપ, અમેરિકા વ.)ના ઉપગ્રહો એ આફ્રિકા અને એશિયાના દેશો છે. 'ત્રીજા વિશ્વ'ના દેશોનાં અર્થતંત્ર જાણે કે 'પ્રથમ વિશ્વ'ના અર્થતંત્રના ઓઈલીંગ માટે વપરાતાં હોય તેવી પરિસ્થિતિ છે. જ્ઞાનસંપદા (Intellectual property) ટેકનોલોજી અને પાકો માલ 'પ્રથમ વિશ્વ'માંથી 'ત્રીજા વિશ્વ'માં આવે છે. અને આજે પણ કાચો માલ અને શ્રમિકો 'ત્રીજા વિશ્વ'માંથી 'પ્રથમ વિશ્વ'માં જાય છે. એનો અર્થ એ થયો કે મહેનત કરનારા અને ગરીબોએ શ્રીમંતોના ફેંકેલા ટુકડા ઉપર નભવાનું એવી વ્યવસ્થા છે. આ જૂના સમીકરણમાં આજે ૨૧મી સદીમાં પણ ખાસ ફેર પડતો નથી એ હકીકત છે.

૭. રોગ કરતાં દવા વધુ જોખમી : ગરીબી, ભૂખમરો, સંસાધનોની અછત, વેડફાટ - પછી તે ખનીજની હોય કે પાણીની - જેવા પ્રશ્નોના ઉકેલ તરીકે નિર્ણયકર્તાઓને જે યોગ્ય લાગે છે તે છે ખાનગીકરણ. વિશ્વભરના ખાનગીકરણના અનુભવો વિશે વાત કરી શકાય પણ આપણા દેશની પરિસ્થિતિની વાત કરીએ. સેવાઓનું ખાનગીકરણ થયું તો પરિણામ શું આવ્યું ? સરકારી શાળાઓ બંધ થઈ, સરકારી શાળાઓની ગુણવત્તા ઉત્તરોત્તર બગડતી ગઈ (અથવા આપણે એવું માની લીધું) - પરિણામ ? આજે દરેક બાળકને દોઢથી બે લાખની ફી ભરીને પ્રાઈવેટ શાળામાં ભણાવવાની ફરજ પડે છે. મધ્યમવર્ગ આટલો ખર્ચ કરે તો તેનું શું થાય ? આરોગ્યની બાબતમાં પણ આ જ વાત લાગુ પડે છે. રેફરલ હૉસ્પિટલોનું મોટા પાયે ખાનગીકરણ થઈ રહ્યું છે એનો ચોખ્ખો અર્થ એવો કે ગરીબોને માટે સાદી સારવાર પણ તેમની પહોંચની બહાર થતી જાય છે. એટલે કે જેની પાસે પૈસા છે તેને જ ખરીદીનો, ઉપભોગનો, પોતાની જરૂરિયાત પૂરી કરવાનો - પછી તે ખોરાકની હોય, શિક્ષણની હોય કે આરોગ્યની - અધિકાર છે.

૮. સરકારની બદલાતી ભૂમિકા : એક સમયે ગરીબી હટાવવી, શિક્ષણ અને આરોગ્ય સેવાઓની જવાબદારી, કલ્યાણકારી યોજનાઓ સુચારુ રીતે ચાલે તેની જવાબદારી સરકારની ગણાતી. પરંતુ, આજે હવે સરકારની જવાબદારી ઉદ્યોગોને અનુકૂળ માળખું તેમજ વ્યવસ્થાઓ ઊભી કરવાની બની ગઈ છે. એટલું જ નહીં, સહેલાઈથી ઉદ્યોગો ચાલી શકે તેને માટે કાયદા પણ બદલાય છે જેમાં પર્યાવરણનાં ધારા-ધોરણો નવે મૂકી દેવાય છે - જેનું નુકસાન દેશને અને હાંસિયા પર જીવતા લોકોને સૌથી વધુ ભોગવવવું પડે છે. જે મૂળભૂત જરૂરિયાતોની જવાબદારી સરકારે ઉપાડવાની હતી, જે સામાન્ય નાગરિકો માટે હતી તેની પૂર્તિ બજાર દ્વારા થઈ જશે એવું ગૃહિત ધારી લેવાય છે. પરંતુ શું એવું થાય છે ખરું ?

૯. ટેકનોલોજી એ જ ઉકેલ : મોટા ઉદ્યોગો, પ્રદૂષણ, જલવાયુ પરિવર્તન, અતિ ઉપભોગ - આ બધાને લીધે જે વિકરાળ પ્રશ્નો પૃથ્વી, સૃષ્ટિ અને માનવના અસ્તિત્વ સામે ઊભા થયા છે એ દરેક પ્રશ્નનો ઉકેલ ટેકનોલોજી આપી દેશે તેવી માન્યતા છે. આને અંધશ્રદ્ધા નહીં તો શું કહીએ ? (અંધશ્રદ્ધાનો સંબંધ તો અજ્ઞાન, ભણતરનો અભાવ, પછાતપણા સાથે નહોતો ?)

આજે અગાઉ ન હતા એવા ટેકનોલોજીકલ જાયન્ટસ્ ઊભા થઈ ગયા છે, જેમાં નાણાંનું ભયંકર કેન્દ્રીકરણ છે. અને એમાંથી નવા ડીજીટલ ઉપનિવેશોનું નિર્માણ થઈ રહ્યું છે.

૧૦. શું સમગ્રતાવાળું ચિંતન શક્ય નથી ? : સમાજ અને વિશ્વ આટલા ગંભીર પ્રશ્નોનો સામનો કરી રહ્યું છે. તેવે સમયે પણ આપણે ખંડિત ચિંતન (piece meal) અને ટૂંકા ગાળાના સીમિત ઉકેલોથી ઉપર કેમ ઊઠી શકતા નથી ? શું એકવીસમી સદીમાં સમગ્રતાપૂર્ણ ચિંતન કરવું શક્ય નથી ? આજે જ્યારે માનવી કૃત્રિમ બુદ્ધિથી લઈને દુનિયાભરના જ્ઞાનનાં બણગાં ફૂંકે છે, જ્ઞાન હવે તેને એક ક્લીક કરતાં હાથવગું છે ત્યારે પણ તેની આ પરિસ્થિતિ છે ?

૧૧. સત્ય અને અહિંસા : પર્યાવરણીય, રાજકીય, આરોગ્ય ક્ષેત્રે

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અને સામાજિક ક્ષેત્રે પણ જ્યારે માણસ જાણે તૂટી જવાની કગાર ઉપર ઊભો છે ત્યારે કોઈ સત્ય અને અહિંસાનું 'ઠૂંઠું' પકડીને બેસે તો તે મૂરખ જ કહેવાય ને ?! આવી વિચારધારા આજે આમસમાજમાં પ્રવર્તે છે. વ્યવસ્થાની તેમજ આ દરેક ક્ષેત્રમાં વ્યાપ્ત હિંસાને નજર-અંદાજ કરીને માનવજાત આગળ વધી શકશે ખરી ?

ઉકેલની દિશામાં :

આજે જેટલાં માહિતી અને જ્ઞાનનાં ભંડોળ માનવજાત પાસે છે તેટલાં કોઈ દિવસ તેની પાસે ન હતાં અને તેમ છતાં આપણી સાથેના પ્રશ્નો વધુ ને વધુ વિકટ અને વિકરાળ થતા જાય છે. આવા મહાકાય પડકારોનો ઉકેલ કોઈ પ્રાચીન ગ્રંથોમાં શોધે, કોઈ માર્ક્સમાં શોધે, કોઈ ગાંધીમાં શોધે, કોઈ બજારવાદમાં શોધે, કોઈ એ.આઈ.- કૃત્રિમ બુદ્ધિમાં શોધે તો કોઈ ધર્મગ્રંથમાં શોધે. પરંતુ, કોઈ એક વાદ, કોઈ પણ આત્યંતિક કે એકાંગી વિચારમાંથી આજના બહુઆયામી અને ગંભીર પ્રશ્નોનો ઉત્તર નહીં મળી શકે.

જેમ માત્ર પ્રાચીન ગ્રંથમાં ઉકેલ નથી તેમ માત્ર અદ્યતન ટેકનોલોજીમાં પણ ઉકેલ નથી. આ પ્રશ્નોના રેડીમેડ ઉકેલ ન હોઈ શકે. પ્રાચીન ગ્રંથમાંની કથામાંથી ગુરુબાબાઓ પંથ-સંપ્રદાય ઊભા કરે જે સમાજને નવી દિશા નથી આપતા. પ્રગતિશીલ નથી બનાવતા - તેમનો રસ પોતાના પંથ-સંપ્રદાયનો વિસ્તાર કરવામાં હોય છે. તેવી જ રીતે ટેકનોલોજીનો માલિક કોણ છે, તેના બનાવનારા કોણ છે, તે કોના હિતમાં છે, નફો કોને મળે છે એ મહત્ત્વની બાબતો છે. કારણ કે તે એક પ્રોડક્ટનું લોન્ચિંગ કરે છે તેનાથી લોકહિત પણ સધાય છે કે નહીં એ સવાલનો જવાબ જ નક્કી કરશે કે ટેકનોલોજી કોને માટે છે. અહીં એ પણ યાદ રાખીએ કે, ટેકનોલોજી તમામ પ્રકારની વિવિધતાઓનો અંત લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

તો શું કરીશું ?

○ વાસ્તવિકતા વિશે માહિતગાર રહેવું, સભાન થવું એ આજના સમયની માંગ છે. આ સમાનતા અસંતોષમાં પરિણમે અને આ અસંતોષ તેની પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે કંઈક હિલચાલ થાય છે. એક ડાળ પર ૯૯ વાંદરાઓ બેઠા હોય ત્યાં સુધી એ ડાળ સુરક્ષિત હોય પણ જે ઘડીએ ૧૦૦મું વાંદરું એના પર બેસે છે ત્યારે એ ડાળ પડી ભાંગે છે (100th monkey effect).

○ ભડકો થવા માટે એક નિમિત્ત (trigger)ની જરૂર હોય છે. જેવું ટુનિસિયા દેશમાં બન્યું. એક ફળવાળો રોજની હેરાનગતિથી ત્રાસીને રસ્તા પર આત્મહત્યા કરે છે - તેમાંથી 'આરબ સ્પ્રીંગ' આંદોલનનો ઉદ્‌ભવ થયો જેમાં કેટલાય દેશોની સરકાર કાં તો બદલાઈ અથવા હલી ગઈ.

○ જનતા તરફથી આવા પડકાર ઊભા થાય ત્યારે સ્વાભાવિકપણે જ જે-તે સત્તા તેને ડામવાનો પ્રયત્ન કરે - જેવું છેલ્લાં કેટલાંક વર્ષોમાં શ્રીલંકા, બાંગ્લાદેશ અને નેપાળમાં જોવા મળ્યું. પરંતુ આવું દમન વિરોધને મજબૂત કરવાનું ને વધારવાનું જ કામ કરે છે.

○ આમ થાય તો તેમાંથી પ્રાપ્ત થશે પરિવર્તન માટે પ્રતિબદ્ધ એવા લોકોનું પૂરતી ઊર્જા સાથેનું ચાલકબળ.

○ આવા ચાલકબળમાં એ શક્તિ પણ હશે કે તે વિભીષણ ઈફેક્ટ ઊભી કરે. એટલે કે સ્થાપિત વ્યવસ્થાને ટકાવી રાખનારાં તત્ત્વો પાટલી બદલીને પરિવર્તનના પક્ષમાં આવી જાય. પરિણામતઃ સ્થાપિત વ્યવસ્થામાં તિરાડો પડવાની શરૂઆત થાય.

○ પરિવર્તન ઇચ્છનારાં તત્ત્વોનું સંખ્યાબળ જેમ વધતું જાય તેમ ધ્યેય, હેતુ અને તાત્કાલિક હાંસલ કરવા જેવાં લક્ષ્યો વિશે સર્વસંમતિ ઊભી કરવી પડે. અને જ્યાં સર્વસંમતિ સધાય ત્યાં અચૂક પરિવર્તનની શરૂઆત થતી જોવા મળે છે.

○ પરિવર્તન જો ટકાઉ બને એવું ઇચ્છતા હોઈએ તો પરિવર્તનકારીઓમાં લાંબા ગાળાનું દર્શન અને દૂરદૃષ્ટિ હોવાં જરૂરી છે. સાથેસાથે પરિવર્તન માટેનું વૈકલ્પિક દર્શન પણ હોવું જોઈએ.

આવી પૂર્વશરતોની પૂર્તિ જ્યાં, જે દેશમાં, વિસ્તારમાં, જે સમયે થાય ત્યાં હકારાત્મક પરિવર્તન જોવા મળે છે. પરિવર્તન માટે દુનિયામાં અસંખ્ય પ્રયોગો થયા છે, લોહી વહ્યું છે, લોકોએ બલિદાન આપ્યાં છે. પરંતુ, ઉપર જણાવેલાં પરિબળોમાંથી પૂરતાં પરિબળો કોઈ સંજોગોમાં ભેગાં ન થાય ત્યારે પરિવર્તનના પ્રયાસો નિષ્ફળ પણ ગયા છે. આમ છતાં પરિવર્તન માટે પ્રયાસો તો સતત ચાલુ જ રાખવા પડે - કોઈ વાર બે કદમ આગળ અને એક કદમ પાછળ તો કોઈ વાર એક કદમ આગળ અને બે કદમ પાછળ એવી યાત્રા ચાલ્યા કરશે.

(મો.: ૯૯૮૭૭૨૬૪૦૦) **- આનંદ મઝગાંવકર**

(૨૮.૩.૨૦૨૬ના રોજ 'ગાંધી વિચાર સંવાદ'ના ઉપક્રમે સુરતમાં આપેલ પ્રવચન મઠારીને)

મહાત્મા ગાંધી અને પર્યાવરણ.. (પાન ૧૦નું ચાલુ)

આજનો શિક્ષિત અને ધનિક વર્ગ સહઅસ્તિત્વની મહત્ત્વની બાબતથી જાણે કે સાવ અજાણ છે. પૃથ્વીમાતા, પ્રાણીઓ અને અન્ય સજીવ-સૃષ્ટિ વગેરે વિશે જાણે તેને કંઈ પડી જ નથી. એ તો તક મળે એટલે કુદરતના સહજ આયોજનને ઉશેટવા, તેને અસ્તવ્યસ્ત કરવા અને લૂટી લેવા બેઠો હોય એવાં વૃત્તિ અને વલણ છે. ખરેખર તો આપણે કુદરતનાં સંતુલનો અને કુદરતના નિયમો મુજબ ચાલીને તેના એક ભાગ બની જઈને આપણો વિકાસ સાધવાની પદ્ધતિઓનો અભ્યાસ કરવાની જરૂર છે. આમ કરીશું તો જ આપણે શારીરિક રીતે તંદુરસ્ત અને નૈતિક રીતે સારી પ્રજાતિના છીએ તેમ ગણાઈશું.

- રામચંદ્ર ગુહા
અનુ. ડંકેશ ઓઝા

(પૂનામાં ચાલતી પરિસર વ્યાખ્યાનમાળામાં ૧૯૯૩માં અપાયેલ પ્રવચનમાંથી સારવીને પર્યાવરણ દિવસ નિમિત્તે ઉપરોક્ત રજૂઆત અહીં મૂકી છે. પોતાના સમય કરતાં આગળ અને સમાજજીવનને તેમજ દેશને, દેશના છેવાડાના માનવીને સ્પર્શતી દરેક બાબત અંગે ગાંધીજીનું આગવું ચિંતન હતું જેની અભ્યાસપૂર્ણ રજૂઆત રામચંદ્ર ગુહાએ અહીં કરી છે. -સં.)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મહાત્મા ગાંધી અને પર્યાવરણ

શું મહાત્મા ગાંધીને આપણે શરૂઆતના પર્યાવરણવાદી ગણી શકીએ ? એ તો જાણીતું છે કે સમકાલીન ભારતીય પર્યાવરણીય ચળવળ ઉપર ગાંધીના જીવન અને કાર્યની ઠીકઠીક અસર રહેલી છે.

ચિપકો આંદોલનથી લઈને નર્મદા બચાઓ આંદોલન સુધીના પર્યાવરણીય કર્મશીલો અહિંસક વિરોધની ગાંધીની પદ્ધતિને વ્રતપૂર્વક વળગી રહ્યા છે. આ ચળવળનાં મહત્ત્વનાં વ્યક્તિત્વો - સુંદરલાલ બહુગુણા, ચંડીપ્રસાદ ભટ્ટ, બાબા આમટે અને મેધા પાટકર કહેતાં આવ્યાં છે કે ગાંધી તેમને આ ક્ષેત્રમાં સતત પ્રેરણા આપતા આવ્યા છે અને ગાંધીનું બહુ મોટું ઋણ આપણા પર છે.

ભારતીય પર્યાવરણીય ચળવળ ઉપર ગાંધી સિવાયની વિચાર-ધારાઓની પણ અસર રહી છે. આમ છતાં એમ કહેવું યોગ્ય રહેશે કે પર્યાવરણીય ચળવળ પર સૌથી મોટી કોઈ અસર રહી હોય તો તે ગાંધીના જીવનવ્યવહારની છે. જોકે ચિપકો આંદોલનને માત્ર ગાંધીવાદી ચળવળમાં ખતવી દેવાનું યોગ્ય નહિ ગણાય. કારણ કે આ ચળવળનાં મૂળિયાં સદીઓ જૂની પર્યાવરણ જાળવણી અને તેના વિનાશ સામે પ્રતિકારની પરંપરામાં પડેલાં છે, જે દ્વારા આપણે જંગલોને બચાવતાં રહ્યાં છીએ. અહીં એ પણ નોંધીએ કે આ આંદોલનના બહુ જાણીતા આ બંને નેતાઓ પોતે ગાંધીવિચારના રચનાત્મક કામોની પરંપરાનાં જ ઉત્તમ ઉદાહરણો છે.

ચિપકો આંદોલનના પાયામાં ચંડીપ્રસાદ ભટ્ટ છે, તો સુંદરલાલ બહુગુણાનું સામાજિક કાર્ય તો તેથી પણ આગળ ગયેલું છે. ૧૯૪૦માં મહાત્મા ગાંધીએ પોતાનાં અંગ્રેજી શિષ્યા કેથેરિન મેરી હિલમેન, જેમને તેમણે સરલાદેવી નામ આપેલું, તેમને કુમાઉની પહાડીઓમાં મોકલેલાં. સરલાદેવી સાથે સુંદરલાલજીનાં પત્ની વિમળાબહેન અને તેમનાં સાથી સર્વોદય કાર્યકરોએ કામ કર્યું હતું. ભાગીરથી ખીણ વિસ્તારમાં બહુગુણાજી રહેતા હતા. જેમણે ૧૯૭૭થી ૧૯૮૦ દરમિયાન ઘણા બધા ચિપકો પ્રતિકારનું સંચાલન કર્યું હતું. હિમાલયની પર્યાવરણ સૃષ્ટિની જાળવણી માટે ચંડીપ્રસાદજી અને તેમના સાથી કાર્યકરો પણ લાંબા સમયથી સક્રિય હતા. બહુગુણાજી ચિપકોના આ સંદેશને દૂર સુધી લઈ ગયા. આ પદયાત્રી કદી થાક્યા ન હતા. તેમણે ભારતમાં તેમજ ભારત બહાર એમનાથી ઓછી ઉંમરનાને શરમાવે તેવા પ્રયાસો કર્યા હતા. એક વક્તા તરીકે પણ તેમની શૈલી પ્રભાવકારી હતી. નગરવાસી બૌદ્ધિકોને બેરોકટોક આગળ વધી રહેલી ભૌતિકવાદની ભયાનકતાઓ વિશે જાગૃત કરનાર પણ તેઓ જ હતા.

આ બંનેના જીવનને ઝંકૃત કરનાર ગાંધી હતા. પરંતુ મને એવું વિચારવું ગમે છે કે બંને જણ પોતાના ગુરુથી જુદા તેમજ આગળ હતા. ગાંધીએ ૧૯૦૯માં 'હિંદ સ્વરાજ' લખ્યું જેમાં આધુનિક સંસ્કૃતિ વિરુદ્ધ મોટું તહોમતનામું મૂકવામાં આવ્યું છે. બહુગુણાજી પણ ઔદ્યોગિક સંસ્કૃતિના સખત ટીકાકાર છે. એમની પ્રેરણા પેલા ટચુકડા પુસ્તકમાં રહેલી છે. તેઓ પોતાની પદયાત્રાઓ અને વ્યાખ્યાનો મારફત ઉપભોક્તાવાદથી દૂર રહેવાની વિનવણી લોકોને કરતા રહ્યા છે. અને સાદગીભર્યા જીવન તરફ પાછા ફરવાનું સૂચવતા રહ્યા છે. ગ્રામસ્વરાજની વાત પણ તેઓ બંને કરતા રહ્યા છે. ચંડીપ્રસાદજી પોતાનાં કાર્યો દ્વારા આ જ આદર્શને નવો અર્થ અને નવું પરિમાણ પૂરું પાડતા રહ્યા. તેવી જ રીતે નર્મદા બચાવો આંદોલન સાથે જે લોકો જોડાયેલા છે તેમણે પણ એ આંદોલન તેમજ તેની નેતાગીરીના જીવનકાર્યમાં ગાંધીની ભાવના જોઈ જ હશે. પરંતુ આ બે ઉત્કૃષ્ટ આંદોલનો જ ગાંધીજીના જીવંત વારસાનાં એકલ-દોકલ ઉદાહરણ માત્ર નથી. સાંપ્રત પર્યાવરણ ચળવળમાં તે અન્યત્ર પણ જોવા મળે છે.

આજના પર્યાવરણવાદીઓ ગાંધીજીના દાખલાને અનુસરવાનો માત્ર દાવો કરતા નથી, તેઓ આગળ વધીને કહે છે કે મહાત્માને ઔદ્યોગિક સંસ્કૃતિની પર્યાવરણ સમસ્યાની જાણ બહુ વહેલી થઈ ગઈ હતી. શું ગાંધી સમયથી વહેલા પર્યાવરણવાદી હતા ? આ સંદર્ભમાં સૌથી પહેલી નજર જાય છે ૧૯૦૯માં પ્રકાશિત હિંદ સ્વરાજ તરફ. તેમાં સ્પષ્ટ દર્શાવાયું છે કે 'વિકાસની હાલની તરાહમાં માણસ માણસનું અને માણસ કુદરતનું કેવું શોષણ કરે છે.' પરંતુ આ પુસ્તકમાં માણસના કુદરત સાથેના સંબંધ વિશે કશું કહેવાયું નથી અને વિકાસના વૈકલ્પિક પરિપ્રેક્ષ્ય બાબતે તો તેમાં એથી પણ ઓછું છે.

૧૯૧૪માં ભારત આવ્યા પછી ગ્રામીણ ભારતમાં તેઓ ખૂંપી ગયા અને એમને સ્પષ્ટ થયું કે પશ્ચિમના ઔદ્યોગિક વિકાસની પદ્ધતિને અનુસરવાનું ભારત માટે અશક્ય છે. તેમણે ભારતના વિકાસનું વૈકલ્પિક માળખું નથી રજૂ કર્યું પરંતુ તેમનાં છૂટાંછવાયાં લખાણો એક પ્રકારે વિકલ્પના માર્ગ તરફ સંકેત કરતાં રહે છે. તે હવે જોઈએ.

''ભગવાન કરે ભારત પશ્ચિમના જેવા ઔદ્યોગિકીકરણના માર્ગે ન ચડે તો સારું. એક ટચુકડા ટાપુ પરના અંગ્રેજ રાજનો આર્થિક શાહીવાદ આખી દુનિયાનો ભરડો લઈ બેઠો છે. જો ત્રીસ કરોડનો દેશ આ જ પ્રકારના આર્થિક શોષણના માર્ગે વળે તો દુનિયાના તીડોની સંખ્યા પણ ઓછી પડશે.'' (૨૦.૧૨.૧૯૨૮ યંગ ઇન્ડિયા)

આના બે વર્ષ પહેલાં ગાંધીએ લખેલું, ભારતને ઇંગ્લેંડ અને અમેરિકા જેવું બનાવવું હશે તો શોષણ માટે પૃથ્વી પર સ્થળો અને નવી જાતિઓ શોધવી પડશે. (૭.૧૦.૧૯૨૬ યંગ ઇન્ડિયા)

છેલ્લા કેટલાક દાયકાઓમાં આપણો પ્રયત્ન નિશ્ચિતપણે ભારતને 'પ્રથમવિશ્વ'ના દેશો જેવો બનાવવાનો રહ્યો છે. આ રાષ્ટ્રોએ ઉદ્યોગો શરૂ કર્યા ત્યારે તેમને માટે શોષણ કરવા માટે સંસાધનો, દેશો અને બજારો ઉપલબ્ધ હતાં. આજે આપણી પાસે તે નથી. તેથી ભારત પાસે બે જ શક્યતા છે : એ પર્યાવરણનું શોષણ કરે તેમજ પોતાના લોકોનું પણ શોષણ કરે. નગરો અને ઉદ્યોગો બંનેની જરૂરિયાતો પૂરી કરવા માટે સતત ગ્રામીણ વિસ્તારનાં કુદરતી સંસાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. જંગલો, પાણી વગેરે બોલકા સમૃદ્ધ વર્ગ માટે વપરાય છે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આદિવાસીઓ, જેઓ પરંપરાથી જે રીતે કુદરતી સંસાધનો ઉપર અધિકાર ધરાવતા હતા તેનાથી તેઓને વંચિત કરાઈ રહ્યા છે. તેઓ આ સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરી જાણતા હતા જેથી આ સંસાધનો પેઢીઓથી જળવાઈ રહ્યાં હતાં. પરંતુ ઔદ્યોગિક સંસ્કૃતિનું સૂત્ર છે 'વાપરો અને વધુ વાપરો'. આજે તો હવે આપણો ડોળો આંદામાન-નિકોબાર ટાપુઓ સુધીનાં કુદરતી સંસાધનો સુધી પહોંચી ચૂક્યો છે.

ગાંધીને કદાચ આનું સહેજે આશ્ચર્ય ન થયું હોત, કારણ કે તેમને આ પરિણામોની જાણ હતી. તેઓ કહે છે, 'ગામોનાં લોહી ઊભાં થતાં શહેરોમાં સિમેન્ટનું કામ કરે છે.' (૨૩.૩.૧૯૪૬, હરિજન)

અને ઇન્દોરની એક સભામાં ચેતવણી આપેલી ''આપણે ઝગારા મારતી લાઈટ સાથેના સરસ પંડાલમાં બેઠા છીએ. પણ આપણે જાણતા નથી કે આ બધો ભાર ગરીબોની કેડે જ છે.'' (૧૧.૫.૧૯૩૫, હરિજન)

ઔદ્યોગિકીકરણનાં દૂષણોના નિદાનમાંથી જ ગાંધીનો ઉકેલ પ્રગટેલો. જ્યાં આર્થિક વિકાસના કેન્દ્રમાં ગામ હતું. આ વિચારમાં રાજકીય અને આર્થિક સત્તાનું વિકેન્દ્રીકરણ મહત્ત્વનું હતું જેથી ગામો ફરી કાબૂ ધરાવતાં થાય. જ્યારે એમના પર આરોપ મુકાયો કે તેઓ વિજ્ઞાનની શોધોને નજર-અંદાજ કરી રહ્યા છે જેમાં વીજળી અત્યંત મહત્ત્વની છે, ત્યારે તેમણે કહેલું : ''જો ગામના દરેક ઘરમાં વીજળી આવતી હોય તો.... મને બહુ વાંધો નથી, પરંતુ તે સંજોગોમાં ગ્રામીણ સમૂહો કે રાજ્ય ગામના ગૌચર પર જે સત્તા ધરાવે છે એવી એમની સત્તા વીજળી મથકો પર પણ હોવી જોઈએ.'' (૨૨.૬.૧૯૩૫, હરિજન)

આદર્શ ભારતીય ગામની વ્યાખ્યા ૧૯૩૭માં ગાંધીજીએ કંઈક આમ કરેલી : ''એવાં ગામોમાં, એવાં ઘરો હશે જેમાં પ્રકાશની અને હવાની અવરજવરની પૂરતી જોગવાઈ હશે. અને આ ઘરો ઊભાં કરવા માટેનાં માલસાધનો આસપાસના પાંચ માઈલમાંથી મેળવાયાં હશે. આ ઘરોના વાડામાં ઘર માટે શાકભાજી ઉગાડવાની તેમજ ઢોર-ઢાંખર બાંધવાની પૂરતી જોગવાઈ હશે. આ ગામો ધૂળમુક્ત હશે, બધા ઉપયોગમાં લઈ શકે તેવા કૂવા હશે. ઢોર માટે, ગૌચર હશે, સહકારી ડેરી હશે, વ્યાવસાયિક ઔદ્યોગિક તાલીમ સહિતની શાળાઓ હશે, ઉપાસના માટે સમૂહમાં ભેગા થઈ બેસવા માટેની પૂરતી જોગવાઈ હશે, સમાજના ઝગડાના નિકાલ માટે પંચાયત હશે. ગામલોકોના ઉપયોગ માટેનું અનાજ, શાકભાજી, ફળો અને ખાદી ગામમાં જ પેદા કરાતાં હશે.''

પર્યાવરણવાદીના સ્વપ્નલોક માટે આ ચિત્રમાં ખૂબ સુંદર એવાં તત્ત્વો પડેલાં છે. જેવાં કે સ્થાનિક સ્વનિર્ભરતા, સ્વચ્છ અને આરોગ્યપ્રદ પર્યાવરણ, સામૂહિક વ્યવસ્થાપન વગેરે. પણ ગાંધી માત્ર સ્વપ્નદૃષ્ટા ન હતા. એમનાં સ્વપ્નોમાં વ્યવહારુતા બુદ્ધિપૂર્વક ભળેલી હોય છે. આ સંદર્ભમાં તેમણે જમીનની ફળદ્રુપતાની મોટી સમસ્યા માટે કેવું ધ્યાન આપ્યું છે તે નોંધવા જેવું છે. જીવનનાં છેલ્લાં વર્ષોમાં, ખેતીના ઝડપી યાંત્રિકીકરણના પુરસ્કર્તાઓને ચેતવણી આપતાં તેમણે કહેલું કે જમીનની ફળદ્રુપતાનો ઝડપી પેદાશો માટે ઉપયોગ કરવા લાગશો તો તે વિનાશક અને ટૂંકી દૃષ્ટિવાળું પુરવાર થઈ રહેશે, જેમાં જમીન લગભગ બિનફળદ્રુપ બની રહેશે.

તેઓ સેન્દ્રિય ખાતરના ઉત્સાહી પુરસ્કર્તા હતા. જેનાથી જમીનની ફળદ્રુપતા જળવાય અને કચરાના અસરકારક નિકાલ દ્વારા ગામનું આરોગ્ય સુધરે, વિદેશી હૂંડિયામણ બચે અને પાકનું ઉત્પાદન વધે - આ બધું આજે આપણે જાણીએ છીએ. પરંતુ છેક ૧૯૩૭માં ગાંધીએ આ તરફ ધ્યાન દોર્યું હતું.

સમગ્રપણે આધુનિક સંસ્કૃતિનું ગાંધીએ જે તાત્ત્વિક અને ટીકાત્મક અવલોકન કર્યું છે તેનો આજે આપણી જીવનશૈલી પર અને આજના પર્યાવરણ સાથે ગાઢ સંબંધ છે. તેઓ કહેતા, 'આધુનિક સંસ્કૃતિનું વિશિષ્ટ લક્ષણ એ જ છે કે તે આપણી જરૂરિયાતો અનંતગણી બનાવી દે છે. આની સરખામણીએ પ્રાચીન સંસ્કૃતિઓમાં અનિવાર્ય એવો સંયમ હતો અને જરૂરિયાતો પર કડક નિયમન હતું.' ('યંગ ઇન્ડિયા' તા. ૨-૬-૧૯૨૭) સામાન્ય એવા અસંયમી સ્વરે તેમણે સમય અને અંતરને કાપી નાખતી ગાંડી ઇચ્છાઓ, પશુઓની જેમ વધતી ભૂખ અને તેને સંતોષવા પૃથ્વીના બીજા અંતિમે પહોંચવાની તૈયારીની સંપૂર્ણપણે ભર્ત્સના કરી છે. 'જો આધુનિક સંસ્કૃતિ આ જ કરવાની હોય અને જે હું સમજ્યો છું તે બરાબર હોય તો હું તેને શેતાની કહીશ.' ('યંગ ઇન્ડિયા' ૧૭-૩-૧૯૨૭) આવા કડક શબ્દો તેમણે વાપર્યા છે.

વ્યક્તિગત ધોરણે, ગાંધીની સ્વૈચ્છિક સાદગીની વાત આધુનિક જીવનશૈલી સામે એક ટકાઉ વિકલ્પ પૂરો પાડે છે. પર્યાવરણના નીતિશાસ્ત્રનું એક સૂત્ર અતિ ઉત્તમ છે, તે ગાંધી પૂરું પાડે છે : ''પ્રત્યેકની જરૂરિયાત પૂર્ણ થાય તે માટે દુનિયામાં પૂરતું છે. પરંતુ પ્રત્યેકના લોભને સંતોષવા અહીં પર્યાપ્ત નથી.'' ગાંધીએ ખુદ એનો અમલ કરી બતાવ્યો. સંસાધનોને ફરી ફરી વાપરવાં અને જરૂરિયાતો ઘટાડતાં જવું એ વાત એમના જીવનમાં વણાઈ ગઈ હતી. એમણે આર્થિક વિકાસની વ્યાપક પ્રક્રિયાઓનું જે પૃથક્કરણ કર્યું છે, ગ્રામીણ નવરચના માટે જે કાર્યક્રમ આપ્યો છે અને જિવાતા જીવનનું જે નીતિશાસ્ત્ર આપ્યું છે, એ ગાંધીનાં લખાણોને સાંપ્રત સંદર્ભમાં તપાસીએ તો આજની પર્યાવરણીય કટોકટી બાબતે તેમાંથી ઘણી સૂક્ષ્મ સમજણો ઊભી થાય છે. તેમના જીવનકાળ દરમ્યાન મહાત્માના અંગત શિષ્યોમાંના એક જે.સી. કુમારપ્પાએ ગાંધીના આર્થિક વિચારોને બરાબર સમજાવીને આપણી સમક્ષ રજૂ કર્યા છે. ગાંધીની પર્યાવરણીય સમજને ખૂબ સુંદર રીતે મૂકી આપનાર તે સૌથી પહેલા છે.

કુમારપ્પાને લંડનમાં હિસાબ પદ્ધતિની તાલીમ મળેલી. મુંબઈમાં ઓડિટર તરીકેની તેમની પ્રેક્ટીસ ધમાકેદાર ચાલતી હતી. ગાંધીના સંપર્કમાં આવ્યા બાદ કુમારપ્પાએ ઓડિટરની પ્રેક્ટીસ છોડીને સાબરમતી આશ્રમમાં જોડાવાનું નક્કી કરી લીધું. ગ્રામીણ પુનઃરચના જે ગાંધીની મહત્ત્વની યોજના હતી તેનો હવાલો તેમને સોંપાયો. પછીના દાયકાઓમાં તેમણે કૃષિ અર્થતંત્ર અંગેનાં મહત્ત્વનાં સર્વેક્ષણો હાથ ધર્યાં.

ઓગણીસસોની ત્રીસી અને ચાળીસી દરમ્યાન જે.સી.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કુમારપ્પાએ સંખ્યાબંધ પુસ્તકો લખી ગાંધીના અર્થશાસ્ત્રને ઔપચારિક રૂપ આપવાનો પ્રયાસ કર્યો. ગાંધીની માફક કુમારપ્પાનાં લખાણોમાં પણ પર્યાવરણની પ્રગાઢ અસરો અંગેનાં નિરીક્ષણો સતત આવતાં રહે છે. આમાંથી જ પર્યાવરણ અંગેની જવાબદારી માટે પાયાની શરત ઊભી થાય છે : ''આપણને જરૂરી બધી ચીજવસ્તુઓ જો સ્થાનિક વિસ્તારમાંથી ઊભી કરવામાં આવે તો આપણે તે ઉત્પાદન પદ્ધતિઓ પર પૂરી નજર રાખી શકીએ. પરંતુ જો આપણે પૃથ્વીના બીજે છેડેથી આપણી જરૂરિયાતો પૂરી કરતા હોઈએ તો એ ઉત્પાદન પદ્ધતિઓ પર નિગરાની રાખવાનું અશક્ય બનતું હોય છે.''

પોતાના ગુરુની માફક જે.સી. કુમારપ્પાએ પણ ઔદ્યોગિક સંસ્કૃતિની આકરી ટીકા કરી છે. તેમનું નિરીક્ષણ રહ્યું છે કે લૂંટફાટ વિના ઔદ્યોગિકીકરણ શક્ય નથી. એની સરખામણીમાં ખેતી એ વ્યવસાયોમાં ઉત્તમ છે અને રહેશે. તેમાં મનુષ્ય કુદરત પર અને પોતાના પર્યાવરણ પર એવો કાબૂ ધરાવે છે, જેમાં ઉત્પાદનનાં સૌથી સારાં પરિણામો તે મેળવી શકે.

એમની પેઢીના બીજા ગાંધીજનોની માફક કુમારપ્પાને મુખ્ય રસ સૈદ્ધાંતિક વિચારણામાં ન હતો, પરંતુ ભારતના ખેડૂતો અને કારીગરોએ જે કંઈ ગુમાવ્યું હતું તેને બચાવવામાં હતો. એમનાં બધાં જ લખાણોમાં કૃષિ અર્થતંત્રનાં કુદરતી સંસાધનોના કાળજીપૂર્વકના સંવર્ધનની વાત સાતત્યપૂર્વક કરવામાં આવી છે. માનવમળને ખાતર તરીકે વાપરવાની વાત પર તેઓ ભાર મૂકે છે. જ્ઞાતિના ભેદભાવથી ઉપર ઊઠીને માનવમળ એકઠો કરીને તેનો સેન્દ્રિય ખાતર તરીકે ઉપયોગ કરવા સૂચવે છે. સાથોસાથ, જમીનની ગુણવત્તા સાચવવા તેનું ધોવાણ ન થાય, તેમાં સતત પાણી ભરાઈ ન રહે, તે ચકાસતા રહેવાની વાત પર પણ ભાર મૂકે છે.

જંગલ વ્યવસ્થાપન અંગે તેઓ કહે છે :

''સરકારે જંગલોની જાળવણીની તેની નીતિમાં ધરખમ સુધારણા કરવાની જરૂર છે. જંગલ જાળવણીની પાછળ મહેસૂલ એકઠું કરવાની નીતિ ન હોવી જોઈએ. પણ પ્રજાની જરૂરિયાતની વિચારણા હોવી જોઈએ. આસપાસ રહેતા ગામલોકોની આવશ્યકતા શી છે તે વિચારીને વનોનું આયોજન થવું જોઈએ. જંગલોને મુખ્ય બે ભાગમાં વિભાજિત કરવાં જોઈએ : (૧) લાંબા ગાળાની દૃષ્ટિથી સમયાંતરે લાકડાનો પુરવઠો પૂરો પાડનારાં (૨) ઈંધણ અને ઘાસ પૂરું પાડનારાં. આ બંને પ્રજાને ક્યાં તો વિના મૂલ્યે ક્યાં તો પ્રતીક મૂલ્યથી આપવાં જોઈએ. ગ્રામોદ્યોગમાં તાડનો ગોળ, કાગળ ઉત્પાદન, માટીકામ વગેરે તો જ વિકસી શકે જો ઈંધણ અને ઘાસ તેમને સસ્તા દરે મળતાં રહે.''

જૈવિક બળતણ કે કચરાની ગ્રામીણ અર્થતંત્રમાં કેવી અછત રહે છે એ બાબતે કુમારપ્પાની દીર્ઘદૃષ્ટિ હતી. તેમને ઘાસચારાની ઉપલબ્ધતા અંગે વિશેષ ચિંતા હતી. તેમણે કહ્યું છે કે શણ, તમાકુ અને શેરડી જેવા રોકડિયા પાક તરફ આપણે વળીએ છીએ પરિણામે માણસ માટે અનાજ ઘટે છે અને ઘરેલુ પ્રાણીઓ માટે ઘાસચારો. તેમણે ખેડૂતોની એ ફરિયાદ પણ નોંધી હતી કે એમનાં પશુઓ માટે પૂરતાં ગૌચર નથી.

જમીનની જાળવણી અને ઉત્પાદકતા, પાણીની જાળવણી અને એની પુનઃપ્રાપ્તિ, ગામ લોકોના જંગલ અંગેના અધિકારો અને જૈવિક કચરાના અંદાજો – ગ્રામીણ પર્યાવરણની સમસ્યાઓની આ કાર્યસૂચિ આજે પણ આપણો કેડો મૂકતી નથી. ખેતીને કુદરતના આયોજનમાં દૃઢતાથી સ્થાપિત કરવામાં કુમારપ્પાએ ગાંધીવિચાર મુજબ પર્યાવરણનો આખો કાર્યક્રમ ઘડી કાઢ્યો છે. આજના પર્યાવરણવાદીઓ ભલે એમના કામથી સુપરિચિત ન હોય પણ તેઓ કુમારપ્પાના કામને જ આગળ લઈ જઈ રહ્યા છે.

બીજી વ્યક્તિ જે ગાંધીની સાથીદાર હતી અને જેના પર્યાવરણ વિશેના વિચારો ઘણા પ્રગતિશીલ હતા તે હતાં મેડેલીન સ્લેડ ઉર્ફે મીરાંબેન. જે.સી. કુમારપ્પાની માફક મીરાંબહેન પણ મહાત્માના આંતરિક વર્તુળમાં હતાં અને તેમના અનુયાયીઓમાં અગ્રગણ્ય હતાં. તમિળ અર્થશાસ્ત્રી કુમારપ્પાની માફક જ મીરાંબહેન પણ ગ્રામીણ પુનઃ રચનામાં અગ્રેસર હતાં. તેમાં ઘણાં વર્ષો વીતાવ્યાં હતાં. ગાંધીના એ અંગેના વિચારોને વ્યવહારુ રીતે અમલમાં મૂકીને આગળ લઈ ગયાં હતાં.

૧૯૪૭માં તેમણે હિમાલયની તળેટીમાં ઋષિકેશ નજીક પોતાનો આશ્રમ સ્થાપ્યો હતો. તે પછી ઘણાં વર્ષો બાદ તેઓ ભીલંગણા ખીણ તરફ જઈને રહ્યાં હતાં. એ સમયે એમણે જે લેખો લખ્યા તેમાં મીરાંબહેને હિમાલય વિસ્તારમાં જંગલો ઓછાં થવા વિશે, જમીન ધોવાણ અને નદીઓનાં પૂર વિશે પ્રજાને તેમજ નીતિ નક્કી કરનારાઓને સાવચેત કર્યા હતા. બધી બાબતો એકબીજા સાથે જોડાયેલી છે તેના પર ભાર મૂક્યો હતો. ચિપકો આંદોલનનાં વર્ષો પહેલાં આ વિચારોએ લોકોને બળ પૂરું પાડ્યું હતું.

મીરાંબહેને શોધી કાઢ્યું હતું કે જંગલની જાળવણીમાં ગામલોકોને બાકાત કરાય છે તે સારી બાબત નથી. ઓકનાં વૃક્ષોને બદલે ઘણા વિસ્તારોમાં પાઈન વવાતાં હતાં એની પણ એમણે ટીકા કરી હતી. કારણ કે તેનાથી વરસાદનું પાણી જળવાવાની શક્તિ ઘટતી હતી. તેમણે આ બાબતોની વિગતો ફોટા પાડીને વડાપ્રધાન જવાહરલાલ નહેરુને પણ મોકલેલી. નહેરુએ તે વનઅધિકારી તરફ મોકલેલા પણ વર્ષો બાદ મીરાંબહેને સખેદ નોંધ્યું હતું કે આ એવા પાયાના ફેરફારો હતા જે જંગલખાતું કરી શકે તેમ ન હતું.

મીરાંબહેન જોઈ રહ્યાં હતાં કે જે ઝડપથી પર્યાવરણમાં ફેરફારો કરાઈ રહ્યા છે તે આધુનિક જીવનનું વિશિષ્ટ અને અવરોધક લક્ષણ જ છે. ઉત્તર અમેરિકા અને મધ્યપૂર્વની પ્રાચીન સંસ્કૃતિઓનો વિનાશ કુદરતી પર્યાવરણને નજરઅંદાજ કરી તેનો દુરુપયોગ કરવાથી જ થયો હતો એમ તેમણે તા. ૫-૬-૧૯૫૦ના રોજ 'હિંદુસ્તાન ટાઈમ્સ'ના એક લેખમાં લખ્યું. એમણે આગળ એમ પણ લખ્યું કે ભૂતકાળમાં સંપૂર્ણ વિનાશ થતાં સદીઓ વીતી છે. પણ આધુનિક વિજ્ઞાન અને યંત્રશાસ્ત્ર તે આજે બહુ થોડાં વર્ષોમાં કરી નાખશે.

(જુઓ પાન નં. ૦૭)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પૃથ્વી નથી દલીલ કરતી કે નથી તે વાટાઘાટો કરતી. તે તો સંકેતો મોકલે છે – જો આપણે તે સમજીએ તો – દરિયાની વધતી જતી સપાટી, જંગલોમાં લાગતી ભીષણ આગ, અસહ્ય પ્રમાણમાં વધતી જતી ગરમી (હીટવેવ) અને ઓગળતા ગ્લેશિયર્સ. પૃથ્વીનું તાપમાન વધવાની મર્યાદા ૧.૫ ડીગ્રી સેન્ટીગ્રેડની માનવામાં આવી હતી. પરંતુ, આપણે તેને વટાવી રહ્યા છીએ. દાયકાઓથી હવે આપણે જલવાયુ પરિવર્તન અંગેની ચેતવણીઓ, લક્ષ્યાંકો, જીવનશૈલીના ફેરફાર, સમયમર્યાદા વગેરે અંગે વાત કરતા આવ્યા છીએ. કમનસીબે આ બધી અત્યંત મહત્ત્વની અને આપણી પૃથ્વી એટલે કે આપણા અસ્તિત્વને જોખમમાં મૂકનારી બાબતો અંગેના આપણા પ્રતિસાદમાં વિલંબ, અસ્વીકાર તેમજ તેના તરફથી ધ્યાન ભટકી જવાના અંદેશા દેખા દે છે. પરંતુ, હવે જરા ધ્યાનથી સાંભળો. આ અવાજોની નીચે એક બીજો સંકેત ઊભરી રહ્યો છે. છાપરાઓ અને અગાશીઓ પર સોલર પેનલો લાગી રહી છે. ક્ષિતિજ પર પવનચક્કીઓ દેખાઈ રહી છે. શહેરોની પુનઃરચના લોકો માટે – પર્યાવરણની જાળવણીને ધ્યાનમાં રાખીને કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે, જંગલો ફરીથી ઉગાડવામાં આવી રહ્યાં છે. પૃથ્વીના લગભગ દરેક ભાગમાં સકારાત્મક પરિવર્તનો માટેનો પવન ફૂંકાઈ ચૂક્યો છે.

વર્ષ ૨૦૨૬નો વિશ્વપર્યાવરણ દિવસ (૫મી જૂન) ‘હવામાન પરિવર્તન’ પર ધ્યાન કેન્દ્રિત કરે છે – પૃથ્વી આપણને જે તાકીદના સંદેશા મોકલી રહી છે તેના પર અને આપણે જે સંકેતો પાછા મોકલવાનું પસંદ કરીએ છીએ તેના પર. યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ (UNEP)નું વૈશ્વિક અભિયાન આપણને સૌને આ પ્રક્રિયામાં જોડાવા, આગળ વધવા અને આ સતત ગતિશીલ વિશ્વને યોગ્ય દિશા આપવા માટેની હાકલ કરે છે. હવે પ્રશ્ન એ નથી કે પરિવર્તન આવશે કે નહીં, પરંતુ જોવાનું એ છે કે આ પરિવર્તનનું દિશાદર્શન આપણે કેવી રીતે કરીએ છીએ અને તે કેટલી ઝડપથી થાય છે.

આ વર્ષના વિશ્વપર્યાવરણ દિવસનો યજમાન દેશ છે અઝરબૈજાન. તેની રાજધાની બાકુમાં વિશ્વપર્યાવરણ દિવસની વૈશ્વિક ઉજવણીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ઐતિહાસિક સિલ્ક રોડ પર પૂર્વ અને પશ્ચિમના સંગમ સ્થાને આવેલો અઝરબૈઝાન અદ્ભુત કુદરતી વિવિધતા ધરાવતો દેશ છે. તેની ભૌગોલિક સ્થિતિને કારણે અઝરબૈજાનમાંથી બે મુખ્ય આબોહવાના ઝોન – ઉપઉષ્ણકટિબંધીય અને સમશીતોષ્ણ – પસાર થાય છે. અને તેમાં ઉપ-ઉષ્ણકટિબંધીય જંગલોથી લઈને આલ્પાઈન નિવસન તંત્ર સુધીના આઠ અલગ અલગ આબોહવા પ્રકારોનો સમાવેશ થાય છે, જે એક સમૃદ્ધ જૈવવિવિધતાનું નિર્માણ કરે છે.

અઝરબૈજાન હરિત વિકાસ અને પુનઃપ્રાપ્ય ઊર્જા તરફ ઝડપથી આગળ વધતો દેશ છે. પેરિસ કરારના પક્ષકાર તરીકે તેણે ૨૦૨૩ સુધી ઉત્સર્જનમાં ૪૦% (૧૯૯૦ના સ્તરથી) ઘટાડો કરવાનું વચન આપ્યું છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં તે પુનઃપ્રાપ્ય ઊર્જા વધારીને ૩૦% સુધી પહોંચવાનું લક્ષ્ય રાખે છે. અહીં ૨૩૦ મેગાવોટનો ગારાદાગ સોલર પ્લાન્ટ તેમજ ૨૪૦ મેગાવોટનો ખીઝી-ઓબશેરોન વિન્ડ ફાર્મ સહિતના મોટા પ્રોજેક્ટ્સ કાર્યરત છે, જેમાં ૧ ગીગાવોટથી વધુ ક્ષમતા ધરાવતા પ્રોજેક્ટ્સનાં આયોજનો થયેલાં છે.

શહેરનું ટકાઉપણું જાળવી રાખવા બાકુમાં લો-એમીશન બસો, EV – ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ તેમજ ઊર્જા બચાવવાના વૈકલ્પિક ઉપાયો શોધવામાં આવ્યા છે. ગારાદાગ અને પૂર્વ ઝાંગેઝુર પ્રદેશોને ઝીરો-એમીશન ઝોનમાં પરિવર્તિત કરવામાં આવી રહ્યા છે. પુનઃપ્રાપ્ય ઊર્જા તેમજ નિવસન-તંત્રના પુનઃસ્થાપનને ધ્યાનમાં લઈને વિકાસનાં આયોજન કરવામાં આવી રહ્યાં છે. આધુનિક જળવ્યવસ્થાપન તેમજ આબોહવાના ફેરફારના અનુકૂલન પ્રમાણેની કૃષિ અઝરબૈજાન વિકસાવી રહ્યું છે. જેને લીધે દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પણ ખેતીનો વિકાસ થઈ શક્યો છે. આ ઉપરાંત અઝરબૈજાને વર્ષ ૨૦૧૯થી એક્શન પ્લાનનું અમલીકરણ કરીને પર્યાવરણ પર થતી પ્લાસ્ટિક પેકેજિંગના કચરાની માઠી અસરો પર ધ્યાન કેન્દ્રિત કરે તેવી પર્યાવરણ નીતિઓ ઘડવાનું કામ પણ કર્યું છે. નવા કાયદાકીય સુધારાઓ દ્વારા તેણે ૧૫ માઈક્રોન સુધીની જાડાઈવાળા પ્લાસ્ટીક તેમજ પોલિઈથીલીન કોથળીઓના ઉત્પાદન, આયાત તેમજ વપરાશ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકી દીધો.

COP-29 ના યજમાન તરીકે અઝરબૈજાને વૈશ્વિક આબોહવા પરિવર્તનના એજન્ડાને આગળ વધાર્યો છે. આબોહવા પરિવર્તન માટેનાં નાણાં તેમજ કાર્બન બજાર અંગેના મહત્ત્વના નિર્ણયો થાય તે જોયું તેમજ સાથેસાથે આબોહવા પરિવર્તનની અસરોને ઓછી કરવા માટે વિવિધ પહેલો પણ અમલમાં મૂકી જેમ કે જૈવ વિવિધતા જાળવવી, પુનઃપ્રાપ્ય ઊર્જા તરફ વળવું, પાણીની બચત, ખેતીમાં પરિવર્તન તેમજ જલવાયુ પરિવર્તનની સમાજ પર થતી અસરો અંગે કામો કરવાં.

ઉપર પ્રમાણેના વિવિધ કાર્યક્રમોની શ્રૃંખલા પર આધારિત અઝરબૈજાનનું વિશ્વપર્યાવરણ દિવસ ૨૦૨૬ માટેનું રાષ્ટ્રીય અભિયાન આબોહવા પરિવર્તન, નિવસનતંત્રનો થઈ રહેલો નાશ તેમજ આ બંને બાબતોની લોકો તેમજ કુદરત પર થનારી સામૂહિક અસર ઉપર પ્રકાશ પાડે છે. ‘‘પ્રકૃતિ દ્વારા પ્રેરિત. આબોહવા માટે. આપણા ભવિષ્ય માટે’’ એ વિષય હેઠળ એ બાબત ઉપર ભાર મૂકે છે કે પ્રકૃતિનો કોઈ વિકલ્પ નથી – આબોહવાની સ્થિતિસ્થાપકતા તેમજ આપણા સામૂહિક ભવિષ્ય માટે તે અત્યંત મહત્ત્વની છે.

વધુમાં અઝરબૈજાન દેશ આ વર્ષ દરમ્યાન જે બીજા કાર્યક્રમોનું આયોજન કરી રહ્યો છે, તેમાં પણ તે યજમાનની ભૂમિકા ભજવશે – તે દ્વારા વૈશ્વિક પર્યાવરણ અને જલવાયુ પરિવર્તન અંગેના એજન્ડાને

(જુઓ પાન નં. ૨૩)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પર્યાવરણ મંથન - આજનો સંદર્ભ

સમગ્ર વિશ્વમાં પાંચમી જૂનનો દિવસ પર્યાવરણ દિવસ તરીકે ઊજવવામાં આવે છે. માનવ-સમુદાય જે પરિસરમાં વસે છે તેની હાલત કેવી છે, તેનાં લેખાં-જોખાં કરવાની આ પળ ગણાય. આ પરિસરમાં માત્ર માનવ જ અસ્તિત્વ ધરાવતો નથી. અસંખ્ય જીવો વચ્ચે માનવ જીવી રહ્યો છે. આ બધા જીવોના સંદર્ભમાં આપણે વિચાર કરવો રહ્યો.

માનવ કુદરતના ખેલમાં પોતાની બુદ્ધિ તેમજ જરૂરિયાતો પ્રમાણે, સારા એવા પ્રમાણમાં દખલ કરતો આવ્યો છે. તેમ છતાં જ્યાં સુધી માણસના હાથ ટેકનોલોજીકલ ટૂલ્સ દ્વારા સશક્ત બન્યા ન હતા ત્યાં સુધી આ દખલ એક મર્યાદિત સ્વરૂપમાં હતી.

પૃથ્વી પર સૃષ્ટિ ટકી શકે તેવા વાતાવરણનું સર્જન કુદરતે અનેક પરિવર્તનો દ્વારા કર્યું. પરંતુ માણસે જે રીતે અડપલાં કરવાનું શરૂ કર્યું છે તેને કારણે કુદરતે કરેલાં પરિવર્તનોથી ઊલટી દિશામાં સૃષ્ટિ જઈ રહી છે. આ છેડતી કુદરત કેટલાક અંશે સહન કરી લે છે પરંતુ માણસ હદ બહાર જાય ત્યારે કુદરત નારાજ થાય, ગુસ્સો કરે તે સ્વાભાવિક છે. માણસની સાન ઠેકાણે લાવવા કુદરત ક્યારેક પળ બે પળ માટે તેનું ઉગ્ર સ્વરૂપ પણ દેખાડે છે. કેટલાક શાણા માણસો આને ખતરાની ઘંટડી સમજી માનવજાતને સુધરવા માટેનાં સૂચનો કરે છે. છેલ્લા ઘણા દશકાઓમાં શાણા લોકોએ પર્યાવરણશાસ્ત્રની રચના કરી છે. આ એક વિશાળ અને સૂક્ષ્મ શાસ્ત્ર છે.

આ લેખમાં આપણે મુખ્યત્વે પૃથ્વીના વધતા જતા તાપમાનને સમજવાનો પ્રયત્ન કરીશું, જે પર્યાવરણશાસ્ત્રનું એક મહત્ત્વનું અંગ છે.

ટેકનોલોજી જીવનને આરામદાયક અને સગવડોવાળું બનાવે છે. પરંતુ તેનો વિવેકસરનો ઉપયોગ ન કરતાં ઘણા પ્રશ્નો સર્જે છે. આવી વાતો સાંભળીને તરત જ પ્રશ્ન કરવામાં આવે છે, તો શું સમાજે અંધકાર યુગમાં, જંગલી અવસ્થામાં પાછા જવું ? પર્યાવરણની વાત વિજ્ઞાનનાં તથ્યો ઉપર આધારિત છે, પરંતુ તેના તરફ થોડી નજર તો નાંખો ! સમજો, જરૂર પડે બે પ્રશ્નો પણ કરો પણ શાહમૃગની જેમ રેતીમાં મોં ન છુપાવો.

આપણે પ્રદૂષણની સાંકડી વ્યાખ્યામાંથી બહાર નીકળવું છે. ક્યાંક વાસ મારે, ક્યાંક ધુમાડો દેખાય, ક્યાંક રંગીન પાણી દેખાય તો જ પ્રદૂષણ છે, તેટલું માનીને અટકવું ન જોઈએ. કરોડો વર્ષોની સાધનાના અંતે કુદરતે જે વાતાવરણ સર્જ્યું છે, તેમાં નકારાત્મક પરિણામ સર્જે તેને પ્રદૂષણ તરીકે જોવું જોઈએ.

કેટલાક મુદ્દાઓ પર વિગતે વાત કરીએ તે પહેલાં અહીં નોંધવું જરૂરી છે કે સ્થાનિક સ્તરે, રાજ્યસ્તરે, કેન્દ્રસ્તરે અને વિશ્વસ્તરે નાની મોટી અનેક સંસ્થાઓ, જૂથો, કેટલાક કર્મશીલો સારું એવું કામ કરી રહ્યાં છે. કેટલાંક ક્ષેત્રે ધારાધોરણો પણ બન્યાં છે, તેનો ભંગ કરનાર સજાને પાત્ર બને છે. કેટલાક આંતરરાષ્ટ્રિય કરારો કે સંધિ અનુસાર સ્વેચ્છા-પૂર્વક ધારાધોરણોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પરંતુ ઘણું કામ કરવાનું હજી બાકી છે. બે ડગલાં આગળ જવાય તો ક્યારેક બે ત્રણ ડગલાં પાછળ જવાય છે. આ બધા વચ્ચે લોકશિક્ષણ સારા એવા પ્રમાણમાં થયું છે. છતાં કેટલાંક ટૂંકું હિત ધરાવતાં તત્ત્વો ગાડીને પાટા પરથી ઉતારતાં રહ્યાં છે. આમાં સરકાર પણ તેવા લોકોના સાથમાં ઊભી રહેતી દેખાય છે.

વ્યાપક સ્તરના પર્યાવરણના પ્રશ્નોના ઉકેલ માટે સામૂહિક સંકલ્પ, સામૂહિક આચરણ કહો કે સામૂહિક સાધના જરૂરી છે. આ માટે વાટાઘાટોનો દોર સારા એવા પ્રમાણમાં ચાલ્યો છે અને ચાલશે.

■ પૃથ્વીનું વધતું તાપમાન

પૃથ્વી સૂર્યમાંથી છૂટી પડી પછી એકાદ અબજ વર્ષ પછી જીવ-પ્રાગટ્ય માટેનું વાતાવરણ સર્જાયું. સ્થિરતા પામેલી પૃથ્વી પર માટીનું આવરણ - મૃદાવરણ, પાણીનું જલાવરણ અને હવાનું વાતાવરણ સ્થિર થયાં. પૃથ્વીના ગુરુત્વાકર્ષણ અને તાપમાનની અસર તળે પૃથ્વી પર વાતાવરણ સેંકડો કિ.મી. સુધી વિસ્તરેલું છે. આ વાતાવરણ પૃથ્વીની સજીવ સૃષ્ટિને ગરમીથી બળી જતાં અને ઠંડીથી થીજી જતાં બચાવે છે.

સૂર્યની સપાટીનું તાપમાન ૬૦૦૦ અંશ સેન્ટિગ્રેડ છે. સૂર્યનાં કિરણોનો ધોધ પૃથ્વીના વાતાવરણમાં પહોંચે ત્યારે તેમાંથી અલ્ટ્રાવાયોલેટ કિરણોને પૃથ્વીના ઉપલા સ્તરમાં આવેલું ઓઝોનનું સ્તર રોકી રાખે છે. અને અંતરિક્ષમાં પાછાં ધકેલી દે છે. બાકીનાં ૨૫% વિકિરણો વાતાવરણમાંથી પસાર થઈને પૃથ્વી સુધી પહોંચતાં વાદળોમાં શોષાય છે. ૨૫% વાદળો સાથે અથડાઈને અંતરિક્ષમાં પાછાં ધકેલાઈ જાય છે. ૫% જમીન સાથે અથડાઈને અંતરિક્ષમાં પાછાં ધકેલાય છે. બચેલાં ૪૫% વિકિરણો સમુદ્રો, જમીન, ખડકો, જળાશયો, હિમાચ્છાદિત પર્વતો, વૃક્ષો અને નાનાં મોટાં ઘટકોમાં શોષાય છે. આ શોષાયેલ ગરમી રાત્રે અંતરિક્ષ તરફ ફંગોળાઈ જાય છે. જો આ ગરમી પૃથ્વી પર જ રહી જાય તો થોડાક દિવસોમાં જ પૃથ્વી એક ધગધગતી ભઠ્ઠી બની જાય.

હવે આ ફંગોળાઈ જતી ગરમીનો થોડોક ભાગ વાતાવરણમાં રહે છે, જે પૃથ્વીને હૂંફાળી રાખે છે. ફંગોળાઈ જતી ગરમીને થોડાક પ્રમાણમાં પકડી રાખવાનું કામ વાતાવરણમાં રહેલા કાર્બનડાયોક્સાઈડ (CO_2), મિથેન, પાણીની વરાળ, નાઈટ્રસ ઓક્સાઈડ જેવા વાયુઓ કરે છે, જેને ગ્રીન હાઉસ ગેસીસ કહેવામાં આવે છે. આ સર્જાયેલા સમતોલનમાં ખલેલ પહોંચે તો ફંગોળાઈ જતી ગરમી વધુ પ્રમાણમાં પૃથ્વી પર રહે અને પૃથ્વીનું તાપમાન વધે, જેને આપણે ગ્લોબલ વૉર્મિંગના નામે ઓળખીએ છીએ.

■ ઔદ્યોગિક સંસ્કૃતિએ સમતોલન તોડ્યું

ઈ.સ. ૧૮૦૦ પછી ભૌતિક રીતે વધુ સમૃદ્ધ થવા માટે વધુ માત્રામાં કોલસો વાપરાવા લાગ્યો. ઈ.સ. ૧૯૦૦ પછી પેટ્રોલિયમ પેદાશો-

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કુદરતી ગેસનો મોટા પાયે વપરાશ થવા લાગ્યો. મૂળમાં આ કાર્બન પદાર્થો પૃથ્વીના પટ પર કાર્બોહાઈડ્રેટ - CH ના સ્વરૂપમાં હતા. વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ ગેસને પોતાનામાં પચાવીને બેઠા હતા. કુદરતે તેમને જમીનમાં ધરબી દીધા હતા. પરંતુ માણસે તેને જમીનની સપાટી પર લાવી દીધા. પાછા આવ્યા ત્યારે HC હાઈડ્રોકાર્બનના સ્વરૂપમાં આવ્યા, જેનો બળતણ તરીકે ઉપયોગ કરતાં તેમાંથી CO_2 વાયુ બન્યો. વર્ષ ૧૮૫૦ના ગાળામાં વાતાવરણમાં ગ્રીનહાઉસ ગેસીસનું પ્રમાણ આશરે ૨૭૫ પાર્ટસ પર મિલિયન (પીપીએમ) હતું, જે વર્ષ ૨૦૨૩માં ૪૨૦ પીપીએમ સુધી પહોંચ્યું છે.

જો માનવજાત આ જ પ્રમાણે વાતાવરણમાં ગ્રીનહાઉસ ગેસ છોડવાનું ચાલુ રાખે તો વર્ષ ૨૦૩૬ સુધીમાં પૃથ્વીનું ઉષ્ણતામાન ૨ ડિગ્રી સેન્ટીગ્રેડ જેટલું વધી જાય તેવી શક્યતા છે. આમ બને તો જીવન જીવવાનું ઘણું મુશ્કેલ બની જાય.

નાસાના રીપોર્ટ પ્રમાણે સન ૧૮૮૦માં આધુનિક રેકોર્ડ રાખવાનું શરૂ થયું ત્યારથી ૨૦૨૪નું વર્ષ સૌથી ગરમ વર્ષ રહ્યું. ૨૦૨૪નું એવરેજ તાપમાન વર્ષ ૧૯૫૧ થી ૧૯૮૦ના ગાળામાં રહ્યું તેના કરતાં ૧.૨૮ ડિગ્રી સેન્ટીગ્રેડ વધારે હ્યું. નાસાએ ૨૦૨૪ના જાન્યુઆરીમાં જાહેર કર્યું હતું કે ૨૦૨૪નું વર્ષ સૌથી ગરમ વર્ષ રહ્યું. વધુમાં, છેલ્લાં દસથી અગિયાર વર્ષ હમણાં સુધીનાં સૌથી વધુ ગરમ વર્ષ રહ્યાં છે એટલે કે ૨૦૧૫થી ૨૦૨૫ સુધીનાં વર્ષો. ૨૦૨૬ની શરૂઆતમાં નાસાએ જણાવ્યું કે ૨૦૨૩, ૨૦૨૪ અને ૨૦૨૫ સૌથી વધુ ગરમ વર્ષો તરીકે નોંધાયાં છે

■ ઓઝોન પટમાં ગાબડું

આપણે ગ્લોબલ વૉર્મિંગ અંગે કેટલીક પાયાની વિગતો જોઈ. બીજી એટલી જ મહત્ત્વની બાબત ઓઝોન સ્તર અંગેની છે. સૂત્રાત્મક ઓઝોન O_3 દ્વારા દર્શાવવામાં આવે છે. સાદી ભાષામાં ઓક્સિજન O_2 દ્વારા દર્શાવામાં આવે છે. O_2 અને સિંગલ ઓક્સિજન એટમના સંયોજનથી O_3 બને છે.

વાતાવરણમાં પૃથ્વીથી ૧૦ કિ.મી.થી. ૫૦ કિ.મી. ઉપરના અંતરે આવેલા સ્તરને સ્ટ્રેટોસ્ફિયર (ઊર્ધ્વમંડલ) કહેવામાં આવે છે. આ સ્તર ઓઝોનનું બનેલું છે. સ્ટ્રેટોસ્ફિયરમાં સૂર્યનાં ઊંચી ઊર્જા ધરાવતાં કિરણો ઓક્સિજન મોલેક્યુલને ઓક્સિજન 'O' માં બદલે છે, જે O_2 ના મોલેક્યુલ સાથે જોડાઈને O_3 બનાવે છે. આ પ્રક્રિયાને ફોટોલીસીસ (Photolysis) કહેવામાં આવે છે. કુદરતમાં આ સાથે બીજી પ્રક્રિયા પણ ચાલે છે. વાતાવરણમાં નાઈટ્રોજન, હાઈડ્રોજન અને કલોરીન ગેસ O_3 ને તોડી નાંખે છે. આ સર્જન અને વિસર્જનના અંતે પણ વાતાવરણમાં O_3 કેટલાક પ્રમાણમાં બચે છે. પૃથ્વીના વાતાવરણમાં એવરેજ O_3 નું પ્રમાણ ૦.૩ પીપીએમ છે પરંતુ ઓઝોન લેયર (સ્તર)ના ભાગમાં તેનું પ્રમાણ ૧૦ પીપીએમ હોય છે.

ઓઝોનસ્તર સૂર્યમાંથી આવતાં પારજાંબલી કિરણોને મહદ્અંશે પૃથ્વી પર આવતાં અટકાવે છે. આ કિરણો માનવની ચામડી પર પડતાં કેન્સર પેદા કરે છે. આંખો પર પડતાં મોતિયાની બીમારી સર્જે છે. દરિયા પર પડતાં સપાટી પરના ફોટોપ્લેક્ટોનને મારી નાંખે છે. માછલી માટેની ફૂડ ચેઈનનો આ મહત્ત્વનો ભાગ છે. ખેતીના પાક પર પડતાં પાનની સાઈઝ ઘટી જાય છે, પાક ઓછો ઊતરે છે. પ્લાસ્ટીકના ફર્નિચર પર પડતાં તેને બરડ બનાવી દે છે.

માનવે ૧૯૨૮માં કલોરીન, ફ્લોરીન અને કાર્બનના સંયોજનમાંથી CFC -ક્લોરો ફ્લોરો કાર્બન-ગેસ (વાયુ) બનાવ્યો. આ વાયુને ચારેબાજુથી ખૂબ જ આવકાર મળ્યો, કારણ કે તે ઝેરી નથી. ધડાકો કરનાર (Explosive) નથી, તેનો સાદી રીતે સંગ્રહ કરી શકાય છે. ખૂબ ક્રિયાશીલ નથી.

CFCનો મોટા પાયે રેફ્રિજરેટરમાં તેમજ એરકંડિશનમાં તેમજ વિવિધ પ્રકારના સ્પ્રેયરમાં ઉપયોગ થવા લાગ્યો. તે ઉપરાંત પોચા મેટ્રેસ, ફૂલેલા પેકિંગ મટીરીયલ થર્મોકોલ જેવામાં પણ તે વાપરવામાં આવે છે. CFC વાતવરણમાં મુક્ત થતાં સાધારણ રીતે સામાન્ય હવા કરતાં ભારે હોવાથી નીચે બેસે છે પરંતુ પવન આવતાં તે વાતાવરણમાં ઊંચે જાય છે, ત્યારે સ્ટ્રેટોસ્ફિયરમાં પહોંચી O_3 ને તોડી ઓઝોન પડને તોડે છે. CFC માંનો ક્લોરીન ઓઝોનને તોડવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવે છે.

૧૯૭૦ના દશકા પછી વાતાવરણમાં ઓઝોનમાં ૪%નો ઘટાડો જોવામાં આવ્યો. ૧૯૮૯માં વિશ્વમાં CFCs તેમજ ઓઝોનને નુકસાન કરનારા ગેસીસના ઉત્પાદન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. પરંતુ અત્યાર સુધીમાં જે વાયુઓ વાતાવરણમાં છોડવામાં આવ્યા તેના કારણે ઓઝોન પટમાં પડેલા ગાબડાને સંધાતાં વર્ષ ૨૦૭૫ સુધીનો સમયગાળો જશે, તેવો અંદાજ છે.

■ જૈવ વિવિધતાનું ઘટતું પ્રમાણ

વિશ્વમાં વિવિધ સજીવોની કેટલી જાતિઓ છે તે અંગે અત્યાર સુધી એમ કહેવાતું હતું કે તેમની સંખ્યા ૧ કરોડથી ૧.૪ કરોડ જેટલી છે. આ સજીવો (species) માંથી માંડ ૧૨ લાખ અંગેની નોંધ લેવામાં આવી છે. હજુ ૮૬% અંગેની વિગતો નોંધાઈ પણ નથી. પરંતુ તાજેતરમાં વિજ્ઞાનીઓએ કહ્યું છે કે, સજીવોના ૧૦ અબજ પ્રકારો છે. તેમાંથી માત્ર એક હજારમા ભાગની નોંધ લેવામાં આવી છે.

વર્ષ ૨૦૦૭માં જર્મનીના પર્યાવરણપ્રેમીઓના કહેવા પ્રમાણે વર્ષ ૨૦૫૦ સુધીમાં ૩૦% સજીવોની જાતિઓ ખતમ થઈ જશે. પ્રતિ વર્ષ આશરે ૧,૪૦,000 જાતિઓ ખતમ થઈ રહી છે. WWF ના અભ્યાસ પ્રમાણે વર્ષ ૨૦૧૪ સુધીમાં, ૧૯૭૦માં જેટલી વિવિધતા હતી તેમાંથી ૫૨%નો નાશ થઈ ચૂક્યો છે. કેટલીક જાતિઓ ખતમ થવાની કગાર પર છે.

જંગલો ખતમ થવાથી જાતિઓના વસવાટનાં સ્થળો ખતમ થઈ રહ્યાં છે. મોટા પાયે ટ્રોપીકલ ફોરેસ્ટ ખતમ થયાં છે. માનવોની વધતી જનસંખ્યા, માણસ દ્વારા થતો સંસાધનોનો વધુ વપરાશ, વિવિધ પ્રકારનું પ્રદૂષણ તેમજ પૃથ્વીનું વધતું તાપમાન જેવાં કારણો,

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જૈવવિવિધતાને ખતમ કરી રહ્યાં છે. માનવજાત એ સમજી શકતી નથી કે પૃથ્વીમાં બધા જીવો એકબીજાના આધારે ટકી રહેતા હોય છે. જો પતંગિયાં, મધમાખી તેમજ અન્ય નાના જીવડાઓ માત્ર ખેતીના પાકોમાં પરાગનયન ન કરે તો ખેતીમાં વર્ષે ૨૩૫ થી ૫૭૭ બિલીયન ડોલરનું નુકસાન થાય.

જો ગીધો મરી પરવારે તો મૃતદેહો સડવા માંડે અને રોગચાળો ફેલાઈ શકે છે. વિશ્વનું ૭૫% તાજું પાણી જંગલોમાંથી આવે છે, જે નદી માટે વોટરશેડનું કામ કરે છે. જંગલો ખતમ થાય તો ચોખ્ખું-નિતર્યું પાણી ન મળે.

ભારતમાં આપણે જેટલા પ્રમાણમાં હવામાં કાર્બન ડાયોક્સાઈડ મુક્ત કરીએ છીએ તેમાંથી ૧૧% આપણાં જંગલો શોષી લે છે. વર્ષ ૨૦૦૯માં પર્યાવરણ મંત્રાલયે જંગલની આ સેવાની કિંમત મૂકતાં જણાવ્યું છે કે, આ Ecosystem Service ની કિંમત રૂ. ૬,૦૦,૦૦૦ કરોડ થાય. આવું જ્ઞાન ધરાવવા છતાં આપણે રોજના ૧૩૫ હેક્ટર કરતાં વધુ જંગલો હાઈવે બાંધવા, ખાણ કામ માટે તેમજ સિમેન્ટ ફેક્ટરીઓ માટે ફાળવતાં જ જઈએ છીએ ! પર્યાવરણમંત્રીએ જાન્યુઆરી ૨૦૧૬થી સપ્ટેમ્બર ૨૦૧૬ના ટૂંકા ગાળામાં જંગલ વિસ્તારના ૧૦,૦૦૦ હેક્ટરમાં ૨૪૯ પ્રોજેક્ટની મંજૂરી આપી દીધી હતી ! આમ કરીને આપણે પૃથ્વીના વધતા જતા તાપમાનમાં ઉમેરણ પણ કરતા જઈએ છીએ.

દેશની કુલ ૩૨,૮૭,૪૬૯ ચો.કિ.મી. જમીનમાંથી ૭,૦૮,૨૭૩ ચો.કિ.મી.માં એટલે કે માત્ર ૨૧.૫૪% જમીનમાં જંગલ બચ્યું છે ! સરકાર જંગલોને ઉત્તરોત્તર ખાનગી માલિકોના હાથમાં સોંપી રહી છે. કુલ જંગલનો ૫૦% વિસ્તાર ડિગ્રેડેડ - આછાં થઈ ગયેલાં જંગલ વિસ્તાર ગણીને ખાનગી માલિકોને સોંપવાનું સરકાર વિચારી રહી છે, જે મોટા ભાગે પેપર મિલના માલિકોના હાથમાં જઈ શકે છે.

સરકાર આત્યાર સુધી માઈનીંગ કંપનીઓને ૨૫ ચો.કિ.મી.ના જમીન વિસ્તારમાં માઈનીંગ લાયસન્સ આપતી હતી તે હવે ૫૦૦૦ ચો.કિ.મી.ના વિસ્તારમાં આપવાની તૈયારી કરી રહી છે. આના કારણે માઈનીંગ હેઠળનો વિસ્તાર ૫૩,૦૦૦ ચો.કિ.મી.માંથી ૪,૬૬,૫૫૬ ચો.કિ.મી. (દેશનો ૧૪% વિસ્તાર) જેટલો આવરી લેવામાં આવશે. આમાંનો ઘણો વિસ્તાર જંગલ વિસ્તાર હશે. આપણો દેશ દર વર્ષે ૧૭ કરોડ ટન જેટલો માઈનીંગ વેસ્ટ ઉત્પન્ન કરે છે.

■ વાયુ પ્રદૂષણ

સરકારે ૧૯૮૧માં પ્રદૂષણને અટકાવવા માટે Air Prevention and Control of Pollution Act ની રચના કરી પરંતુ તેની ખાસ અસર જોવા મળતી નથી. વાતાવરણમાં નાઇટ્રોજન ઓક્સાઈડ, સલ્ફર ડાયોક્સાઈડ, કાર્બન ડાયોક્સાઈડ, કાર્બન મોનોક્સાઈડ પાર્ટીક્યુલેટ મેટર તેમજ આરોગ્યને નુકસાન કરનારા અન્ય વાયુઓ અમર્યાદ માત્રામાં છોડાયા કરે છે. WHO (વર્લ્ડ હેલ્થ ઓરગેનાઈઝેશન)ના મતે ભારતમાં પ્રતિ વર્ષ ૪ થી ૧૦ લાખ લોકો ચૂલાના ધુમાડાના કારણે મરે છે. તેમજ હવાના પ્રદૂષણ એટલે કે પાર્ટીક્યુલેટ મેટર, સૂક્ષ્મ રજકણોના કારણે અસ્થમા, ફેફસાંના કેન્સર, હૃદયની બીમારીથી ભારતમાં અકાળે મૉત પામનારાઓની સંખ્યા પંદરથી વીસ લાખ જેટલી છે. માત્ર દિલ્હીમાં ૫૦% બાળકો, જેની સંખ્યા આશરે ૨૦ લાખ જેટલી થાય, તેઓ ફેફસાંની અને હૃદયની બીમારીથી પીડાય છે. ભારત સરકાર આવા સર્વેને, પરદેશી સર્વે ગણીને નકારે છે, પોતે રિપોર્ટ બહાર પાડશે તેમ કહે છે. પરંતુ પ્રદૂષણ અટકાવવા અસરકારક પગલાં ભરતી દેખાતી નથી.

સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ (CSE) દ્વારા આ દિશામાં વર્ષોથી કામ કરવામાં આવે છે. પરંતુ પેટ્રોલિયમ પ્રોડક્ટ પેદા કરવા, વાહનો બનાવનારી કંપનીઓના સહકાર સાથે પરિણામ હાંસલ કરવું મુશ્કેલ છે. દેશના નાગરિકોના આરોગ્યની જવાબદારીઓમાંથી સરકારે હાથ ખંખેરી નાખ્યા છે. આના કારણે રોગ ફેલાવાની, અને મરનારની સંખ્યાનો આંક તેની દૃષ્ટિની બહાર રહી જતો હોય તેમ લાગે છે.

આપણે આપણા વાહનમાં વપરાતા ફ્યુઅલની ગુણવત્તાનાં ધારા-ધોરણ ઊંચાં લઈ જવાં પડશે. તેમજ વાહન દ્વારા છોડાતા ધુમાડામાં ઓછામાં ઓછી માત્રામાં પ્રદૂષિત તત્ત્વો હોય તેવાં ધારાધોરણ લાગુ કરવાં પડશે.

વર્ષોથી ડિઝલ પોલ્યુશન સામે પ્રશ્નો ઉઠાવાતા હોવા છતાં સરકાર ડિઝલ કાર પર પ્રતિબંધ મૂકતી નથી. અત્યારના ધારાધોરણ પ્રમાણે સરકાર ડિઝલની કારને ત્રણ ગણી માત્રામાં પોલ્યુશન ફેલાવવાની છૂટ આપે છે. કારણ કે પેટ્રોલકાર કરતાં ડિઝલકાર ત્રણ ગણી માત્રામાં NOX વાયુ છોડે છે. સરકારે જલદીમાં જલદી હાલ કરતાં વધુ શુદ્ધ ડિઝલ - Clean Diesel ના વપરાશને ફરજિયાત બનાવવું પડશે.

આજકાલ દ્વિચક્રી વાહનોને બેટરી દ્વારા ચલાવવા પર ભાર મૂકવામાં આવે છે. પરંતુ જો બેટરી ચાર્જ કરવા કોલસા આધારિત પાવર પ્લાન્ટનો આશરો લેવામાં આવે તો આપણે વાહનમાંથી નહીં તો અન્ય સ્થળે વધુ માત્રામાં પ્રદૂષણ ફેલાવીશું, સોલાર આધારિત વાહનો આવકારદાયક છે.

દેશમાં હવાના પ્રદૂષણને સમજવાનું વિજ્ઞાન પણ સારા એવા પ્રમાણમાં વિકસ્યું છે. તાજેતરમાં WHO એ વર્ષ ૨૦૧૬માં ઉત્તર ભારતમાનાં શહેરોમાં પ્રદૂષણ અંગે વાત કરી છે, જેમાં - ૨.૫ સૂક્ષ્મ પાર્ટિક્યૂલેટ મેટરને ધ્યાનમાં લેતાં વિશ્વનાં ૧૫ શહેરો જે સૌથી વધુ પ્રદૂષિત જાહેર કરવામાં આવ્યાં તેમાંથી ૧૪ શહેરો ઉત્તર ભારતમાં આવેલાં છે. આ શહેરો મોટા ભાગે ગંગાના ખીણ વિસ્તારમાં આવેલાં છે. અહીં વસ્તીની ગીચતા પણ વધુ છે. તેમજ એક બાજુ ઉત્તર તરફ હિમાલય છે અને નીચે તરફ વિંધ્યાચલ પર્વત છે. ડાબી બાજુ અરવલ્લીની ટેકરીઓ છે. આના કારણે પ્રદૂષિત વાયુ કોઈ તીવ્ર પવનના વહેણમાં દૂર જઈ શકતા નથી.

દિલ્હીના પ્રદૂષણ અંગે પણ ઘણું લખાય છે. વર્ષ ૧૯૯૧થી દિલ્હીમાં પ્રતિ વર્ષ ૨ લાખ વાહનોનો ઉમેરો થાય છે તેવો અંદાજ હતો. પરંતુ માત્ર ૨૦૨૫-૨૬ના વર્ષમાં આશરે ૬.૪૩ લાખ નવાં

(જુઓ પાન નં. ૧૯)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

નઈ તાલીમની વિશેષતાઓ અને મર્યાદાઓ

(સુરત જિલ્લામાં ગાંધીમેળાની એક વિશેષ પરંપરા રહી છે. નારાયણભાઈ દેસાઈના સૂચનથી જ્ઞાનસત્રના કાર્યક્રમો પણ તેમાં થતા, જેમાં કાર્યકરોને ઉપયોગી એવા વિષયોની ચર્ચા-વિચારણા સંવાદો થતા. આવું એક જ્ઞાનસત્ર ૨૦૧૪માં નઈ તાલીમ અંગે યોજાઈ ગયું તેની ખાસ નોંધ અહીં પ્રસ્તુત છે. -સં.)

આગે કદમની ખોજ

ગાંધી મેળા'ના એક મહત્ત્વના અંગરૂપ આ ગોષ્ઠિનો કાર્યક્રમ આપણા નારાયણભાઈએ સુઝાડ્યો છે. તેના દ્વારા આપણને હંમેશાં મૂંઝવતા પ્રશ્નો સાથે મળીને તપાસીએ અને ઉકેલો મેળવીએ એવી અપેક્ષા છે. આ વર્ષની આ ગોષ્ઠિમાં નઈ તાલીમની વિશેષતાઓ અને મર્યાદાઓ અંગે થોડી ખોજ ચલાવીએ એમ સૂચવાયું છે.

ચર્ચાનો પ્રારંભ કરાવવા માટે રજૂઆત કરવાની જવાબદારી મને સોંપાઈ તે પ્રમાણે મને જે વાતો ધ્યાન ઉપર લેવા જેવી લાગી છે તે રજૂ કરું છું. સંભવ છે કે એવા અન્ય મુદ્દાઓ હોઈ જ શકે જે આ રજૂઆતમાં બાદ થઈ ગયા હોય. તેનો પણ સમાવેશ આપણી ચર્ચામાં કરીશું અને આગળના કદમો ભરીશું.

સૌ પ્રથમ એવું ધ્યાન ઉપર આવે છે કે આપણા બધાંયના પ્રયત્નો છતાં નઈ તાલીમ બહુ જામતી દેખાતી નથી. એક રગશિયું ગાડું, ખેંચી તાણીને નભે જઈએ છીએ. આ લાગણીમાંથી મુક્ત થવાનો વિચાર કરવા જેવો છે. બોર્ડના નિયમો, પરીક્ષાઓ, વાલીઓની સમજણો, જેમ કે વ્યાપક સમાજમાં ગોઠવાઈ જવાની અને બને તો મોખરે રહેવાની છટપટાહટ પણ આપણને વળગેલી છે. આપણે ત્યાં આવનાર વિદ્યાર્થી, બહેનો અને ભાઈઓનો થનગનાટ, મોટે ભાગે વ્યાપક સમાજના વિચારો ઝીલીને તેમાં સરળતાથી હેમખેમ પાર પડી જવા પૂરતો એક સીમિત દાયરાનો છે.

હવે વ્યાપક સમાજની દિશા નીચે મુજબ છે. ફાવી જવું; યેનકેન પ્રકારેણ જીતી જવું; પહેલીને પાયાની જરૂરિયાત સ્વાર્થ સાધવાની; આવું આવું મેળવવા માટે એક જબરી હોડ ચાલે છે. એ બધાંયનો પડકાર પૂરેપૂરી શક્તિથી વ્યક્તિ માત્રની સામે આવી ઊભો છે.

ઇન્ટરનેશનલ સ્કૂલ, ખાનગી યુનિવર્સિટી વિદેશની ઉત્તમ ડિગ્રી મેળવવા માટેના સાહસો એવાં જબરાં આવાહનો તેમજ લાલચો દ્વારા પ્રાપ્ત થયાં છે કે પાંચ પચીસ લાખ ખરચીને પણ દીકરી કે દીકરાને મોખરે મૂકી દેવાની જરૂર દેખાય છે. તેને અંગે શંકા રજૂ કરીએ તો પુછાય છે : ''શું અમારાં બાળકો કાંઈ નબળાં છે એવી એવી (અપેક્ષિત) સિદ્ધિ અને સમૃદ્ધિ તેમને કેમ મેળવી ના આપીએ ?'' આવા પ્રશ્નો સહેજે અંતરને કોરતા રહે છે, ત્યારે એમ થાય છે કે લાચારીવશ નઈ તાલીમની સંસ્થાને બારણે આવી ઊભવાનું થયું છે ?

ઉપરની સમજણોના વિકલ્પે નઈ તાલીમ જુદી વાત લઈને આવી છે. આપણા જીવનમાં કેટલીક બીજી વાતોનું ઉમેરણ કરવાનું અપેક્ષિત છે, તેમાં વિશેષ અભ્યાસક્રમ છે અને નથી યે, પરીક્ષા છે પણ સાવ જુદા પ્રકારની, અને પ્રમાણપત્ર તો વ્યક્તિને સાચો આત્મસંતોષ પ્રગટાવે તેવું મેળવી આપવાનું વિચારાયું છે.

આપણા 'ઘર'નો વિચાર કરીએ તો શું કેવળ ભીંતોનો કે તેમાં એકત્ર કરેલા કે થયેલા ફર્નીચરનો ? ઘર એ 'આપણું' કાંઈક છે. તેમાં આપણાપણું છે, જે આપણને બાંધે છે. 'ધરતીનો છેડો ઘર' એવી કહેવત છે તેમાં બીજું ઘણું સમાયેલું છે ને ! ત્યાં સૌ કોઈને આશ્વાસન, પ્રેમ આદર, નિર્ભયતા, મુક્ત વ્યવહાર એવું એવું સતત હૃદયપૂર્વક વહેતું ઝરણું જ અને તેથી જ ત્યાં 'આપણું ઘર', ગમનારું ઘર આપણને પકડી રાખે છે. એવું કાંઈક આપણાપણું ખીલવવાને આ નઈ તાલીમનો વિચાર રજૂ થયો છે.

ગુરુદેવ ટાગોરના ગીતનો જુગતરામકાકાએ કરેલો અનુવાદ અહીં નઈ તાલીમની પાયાની વાત સમજવા ખપમાં આવી શકે તેમ છે તેથી તે ગીત અને તેમાંથી ફલિત થતી વાતો રજૂ કરવા જેવી લાગે છે.

''અમે હાથે તે કામ બધાં કિજીએ જી રે !
નહીં બાધા કે બંધનથી બીજીએ રે''

નઈ તાલીમ દ્વારા તૈયાર થયેલાં સૌ કોઈ કેવાં હશે ? સ્વાવલંબી હશે, પૂર્વગ્રહથી મુક્ત હશે. વળી સમાજે ઘડેલા બીબાઢાળ રિવાજોથી અટકી કે બીને જીવતાં નહીં હોય, એવી કાચી સમજણો, પછી તે કોમની હોય, ગ્રામ સમાજની હોય કે વ્યાપક સમાજની હોય તો તેમાંનું કશું જ સ્વીકારાશે નહીં. 'હાજી હા' કહેનારા નોકરો નહીં જ બને. આત્મવિશ્વાસપૂર્વક તેમજ પ્રામાણિકતાથી પોતાની સમજણો ખીલવતા, અને ફેલાવતા રહેશે.

''અમે જોઈએ તપાસીએ ને બુઝીએ રે !
અમે ભાંગીએ તોડીએ ને પાછાં જોડીએ રે''

અમારી સમજણો કેળવવા જાતતપાસ કરશું, અનુભવોનાં તારણો કાઢશું. કોઈકે કીધું માટે નહીં સ્વીકારીએ. કોઈ મશીન હોય તો તેને આખું ખોલીશું, એક્કેએક ભાગ - શા માટેનો અને તેથી શું શું થાય છે તે તપાસીશું, તેનું કામ સમજીને પાછું ગોઠવી દઈને સમજણપૂર્વક અપનાવવા મથવાની આવડત મેળવશું.

શા માટે સાદાઈથી જીવવું ? ખાદી, શ્રમ અને પ્રાર્થના શા માટે તે એકકેએક વાત, વિચારને ખોલ્યા વગર નહીં રહીએ.

''અમે સર્વ દેશોમાં ઘૂમી આવ્યા રે
જેવા ફાવે તેવા સાજ અંગે ધરીએ રે''

જગત આખાના; વિવિધ સમાજોના પ્રકાર પ્રકારના રિવાજો, સંસ્કારો, વારસાઓના સત્ત્વને શોધીને તેમાંથી લેવા જેવું લાગશે તે અપનાવશું.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

''કોને પરવાહ છો પહોંચીએ કે થાકીએ રે
કોને પરવાહ છો ફાવીએ કે હારીએ રે''

આવું કરવા જતાં - એટલે કે ઉત્તમ જીવન જીવવાનું ભાતું મેળવવાના પ્રયત્નો કરવા જતાં પડછાઈએ તો વાંધો શો ? જીવનનું નિશાન નીચું રાખીને અથડાતાં રહીએ તેમ નથી કરવું. તેથી ભૂલો કરી બેસશું. ભલે અમે શ્રેષ્ઠ માનવી ન બની શકીએ પણ માનવ થવાનો લહાવો તો લેશું ને ! સાચું શિક્ષણ જેમને કોઈને મળે તે એવું કરે. આમ શિક્ષણને પરિણામે જે નિશાન તાકવું છે તેમાં આટલું અપેક્ષિત છે.

''અમે લીધાં તે કામ એમ કેમ છોડીએ રે
કદી છોડીએ તો મોત માંગી લીજીએ રે''

નઈ તાલીમ એક ઊંચા આદર્શની વાત લઈને આવી છે. એવું શિક્ષણ ખીલવવું છે કે જે મેળવનાર વ્યક્તિ આત્મવિશ્વાસપૂર્વક માનવતાયુક્ત, સચ્ચાઈ-ભર્યું જીવન જીવવાને મથતી રહેશે. એવા આદર્શને આંબવાનું વ્રત લેવાનો સવાલ ગુરુદેવે દર્શાવ્યો છે.

આપણી આવડતો, શક્તિઓ, સમજણો કાચી કે પાકી હોય તે હોઈ શકે પણ મથશું પૂરા પ્રયત્નથી, સંપૂર્ણ સમર્પણથી જેથી આદર્શ શિક્ષણ ખીલવીને રહીશું. આવું કરવા માટે કોઈ મુશ્કેલીને આધિન ના જ થવાનો સંકલ્પ કરી લઈશું. ટાગોરના મૂળ કાવ્યમાં ''જો એવું આ વ્રત તોડશું તો શરમના માર્યા મરશું'' એવો ભાવ છે. જુગતરામકાકાએ તો એવું વ્રત ભંગ કરવાના પ્રસંગ કરતાં તો ''મોત જ માંગી લેશું'' એવો ટંકાર કર્યો છે. એમ કરીને આવો પડકાર સમાન દાવો આ ''વેડછીકરણ'' કરવામાં કાકાએ કર્યો છે. અમે નઈ તાલીમની અપેક્ષા મુજબ જનસામાન્યની પ્રાપ્ત આવડતો અને શક્તિઓને ખીલવવાને બંધાઈએ છીએ. કેવળ નોકરિયાત થવામાં અને ચીલાચાલુ પ્રવાહમાં ઘસડાઈ કૂટાઈને જીવી જનારા માનવો નહીં જ રહીએ.

આ ગીતની છેલ્લી કડી મજાની છે :

''અમે બાવડાના બળે નિપજાવીએ રે
પ્રાણ ખરચીને ગમતાં ઘર બંધાવીએ રે
એવા હાથના ચણેલા ઘર વસાવીએ રે''

નઈ તાલીમમાં ધરબાયેલા 'સ્વાવલંબન'ના સિદ્ધાંતને પૂરેપૂરા અર્થયુક્ત ખીલવવા મંડ્યા રહીશું. અહીં એ યાદ કરીએ કે : ગાંધી વિદ્યાપીઠ સ્થાપવાનો નિર્ણય થયો પરંતુ તેના અમલમાં વિઘ્નો આવ્યાં જ હતાં. ગુજરાત સરકારે પ્રારંભનાં પોણા બે વર્ષ સુધી એક પૈસો, મકાન, કે જમીન નહીં આપવાનો નિર્ણય કર્યો હતો. આપણી જંગલ કામદાર સહકારી મંડળીઓ, અને પ્રદેશના રચનાત્મક કાર્યકરોની જહેમતથી આ વિદ્યાપીઠ થઈ જ થઈ. રાજકીય ખટપટ પણ વિરુદ્ધની હતી. એમ સ્પષ્ટ કરવામાં આવ્યું કે ''ગુજરાત વિદ્યાપીઠ'' સિવાય ગુજરાતમાં બીજી કોઈ વિદ્યાપીઠ હોઈ જ ન શકે એવો હુંકાર પણ પ્રગટ્યો હતો.

પણ પ્રાણ ખરચીને ગમતાં ઘર બંધાવીએ રે એ સંકલ્પને આધીન, જમીન ખરીદી, જાત મહેનત કરીને મજૂરી કરીને મકાનો યે બાંધ્યાં. તે આ ગાંધી વિદ્યાપીઠ.

આવા પ્રયત્નો દ્વારા જ નઈ તાલીમના આદર્શને પહોંચવાનો ઊંચો આદર્શ મેળવવાની વાત આ ગીતમાં સાંપડે છે.

હવે શિક્ષણને બંધિયાર ઘરેડમાંથી મુક્ત કરવા વિશ્વભરમાં જેમણે નૂતન અભિગમો ઊભો કરવા પ્રયત્નો કર્યા છે તેમની વાતો ધ્યાન ઉપર લઈએ.

એક છે શ્રી ઈવાન ઈલિચ. તેઓ ઘણી ક્રાંતિકારી વાતો લઈને આવ્યા છે. સમાજને શાળા (શિક્ષણ)મુક્ત બનાવવાનો આગ્રહ ધરે છે : ડીસ્કૂલીંગ ધી સોસાયટી.

બીજા છે જ્હોન ડ્યૂઈ, તેમણે અમેરિકાની શિક્ષણ પ્રણાલિકાને ઢંઢોળીને સફળ પ્રયત્ન કર્યા છે. જાત અનુભવના મહત્ત્વ વગરનું શિક્ષણ બોદું છે એવો તેમનો અભિગમ છે.

અલબત્ત, ગુરુદેવ ટાગોર, નાનાભાઈ ભટ્ટ જુગતરામભાઈ, માર્જરીબહેન જેવા આપણા દેશના પ્રયોગવીરોએ પણ શિક્ષણને ઘરેડની બહાર કાઢવાની વાતો સમજાવી છે તે બધાયના પ્રમાણો આપણા વિષયને ખપમાં લઈએ તે જરૂરી છે.

ઈલિચ કહે છે - શાળામાં બેસીને બંધ ઓરડામાં શિક્ષકે રજૂ કરેલા નિષ્ણાતોને આધારિત વાતો-વિચારો છ/સાત વર્ષ સાંભળ્યાં હોય તે શિક્ષિત અને જેમણે જીવનની જદ્દોજેહદમાંથી અનુભવો દ્વારા સમજણો મેળવી હોય તે 'અભણ' એવો ફતવો જાહેર થયેલો છે તે કેવળ અન્યાય જ છે. તેઓ જણાવે છે કે ''શાળામાં શીખવાય છે નીચે મુજબ : પાઠ્ય પુસ્તક દ્વારા ! પાઠ્ય પુસ્તક રચ્યું છે નિષ્ણાતોએ ! એની પરીક્ષા લેવાશે નિષ્ણાતોની અપેક્ષા મુજબ ! જે કોઈ આ નિષ્ણાતોને આધીન ચાલે તે જ શીખે, લો ! આમ વિદ્યાર્થીએ કેવળ નિષ્ણાતોની સમજણ/ ગણતરી અને અપેક્ષા પૂરી કરવાની છે. શિક્ષકનું કામ ઉપરથી આવેલો ફેક્ટરીમાં બનેલો માલ વિદ્યાર્થીને પકડાવી દેવાનો છે.''

પરિણામે શિક્ષક સામે જે વિદ્યાર્થી છે તે એને દેખાતો જ નથી. એ વિદ્યાર્થીમાં શું ભરી આપવાનું છે તેટલું જ અપેક્ષિત છે. આ નિષ્ણાત સર્જિત માલને પહોંચાડવા શિક્ષકને અને તે સ્વીકારી લેવાની જબરદસ્તી વિદ્યાર્થીને કરવામાં આવે છે. નથી શિક્ષકના પોતાના અનુભવોને સ્થાન અને વિદ્યાર્થીને તો કોઈ અનુભવ થયા હોય છે એ વાત જ ભૂલવાની હોય છે. આમ નિષ્ણાત કલ્પિત વિદ્યાર્થીને તાલીમ આપવાનો - સરકસનો ઘોડો - બનાવવાનો ખેલ ચાલે છે. વિદ્યાર્થીને પોતાનો કોઈ જુદો અનુભવ હોય કે કાંઈ પૂછવાનું હોય તો તે વિદ્યાર્થી ''વિઘ્નકર્તા'' જ બનાવી દેવાને યોગ્ય ગણાય છે.

આવી શાળાકીય શિક્ષણ વ્યવસ્થામાં શિક્ષકને સામે બેઠેલો વિદ્યાર્થી દેખાતો નથી. એને તો આ ૪૦ કે ૪૫ જણામાં શું ભરી દેવાનું છે તેટલું જ અપેક્ષિત છે. ફળ સ્વરૂપ શિક્ષકને તેમજ વિદ્યાર્થીને ઘણી ઘણી

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વધુ મહેનત કરવાની થાય છે. ઉભયપક્ષે થતા અનુભવોનું શાળાના આવા શિક્ષણના વ્યવહારમાં કોઈ સ્થાન પ્રાપ્ત નથી. આવા કૃત્રિમ અનુભવો દ્વારા મળેલું પ્રમાણપત્ર જીવનમાં બહુ તો નોકરી મેળવવામાં ખપમાં આવે. ના પણ આવે ! વળી નોકરી કરવામાં કોઈ જવાબદારી હોય નહીં. 'આપણે તો કહ્યાં, સૂચવાયાં તે કામ કર્યાં એટલે મુક્ત. પાઠ્યપુસ્તકના ૩૫ પાઠ ભણાવી દીધા. જરૂરી (બોર્ડ સૂચિત) નિબંધો લખાવી દીધા, વર્ષ દરમ્યાન ચાર કસોટીઓ પણ લઈ લીધી. હવે ? હવે તો ''બોર્ડ તમારું જે કરે તે !''

કોઈ આપ-લે, કોઈ આત્મીય સંબંધ - એવી એવી વાતો માટેનો અવકાશ લેવાની મૂર્ખામી કોણ કરે ? વખત પણ ના હોય ને ! આમ, આ શિક્ષણ આપવાનો ખેલ - જેમાં વિદ્યાર્થીની વાસ્તવિક સ્થિતિ અને સમજણો, તેના કુટુંબના તેમજ સમાજનાં આવરણો એ બધું કશું છે જ નહીં એમ સમજીને શીખવવાનું ચાલ્યા જ કરે. આ જોહુકમી છે. શીખવા માંગનાર વ્યક્તિને જે શીખવું છે કે સમજવું હોય તેને માટે દ્વાર ખુલ્લાં જ હોવાં જોઈએ. કોઈ પૂર્વ શરતનાં બંધનો વગર અનુભવો મેળવતાં મેળવતાં જાતે શીખી લે તેવી સગવડ હોવી જ જોઈએ.

ઈલિચ કહે છે કે જ્યારે કોઈ જવાબદારી લે ત્યારે મીઠો કે ખાટો અનુભવ થાય અને ત્યારે જ હીર પ્રગટાવાય અને આત્મવિશ્વાસ કેળવવાની તકો આવી ઊભે. સમાજે શિક્ષણવ્યવસ્થા નિર્માણ કરી છે તેની પાછળનો છુપાયેલો મર્મ Hidden Agenda રજૂ કર્યો છે. 'શિક્ષણને વેચાણની વસ્તુ બનાવી દીધી છે અને અર્થ ઉપાર્જનનું સાધન. આમ કેળવણીની વાત ભુલાવી દઈને અર્થશાસ્ત્રીઓ દ્વારા રચાયેલી દુનિયાનાં પ્યાદાં બનાવી દેવાની વાત જ આગળ કરવામાં આવી રહી છે.'

માણસે તો જાતઅનુભવોથી ઉપર ચઢીને સ્વનિયમન કરીને માનવ બનવા મથવાનું છે. તેવું ''માનવ'' બનાવે તે જ્ઞાન તો જાતે ઘસાઈ, કૂટાઈને મેળવવાનું છે. ઉપર જેવા અપમાનાસ્પદ કાર્યક્રમથી માનવની કેળવણીને ઊંધી જ દિશામાં વાળવામાં આવી છે. તેમાંથી મુક્ત થવા સમાજે પ્રયત્ન કરવાનો છે. આવું કરવા માટે નિષ્ણાત ઉપર જ અંકુશ મુકાવો જોઈએ. એના અનુભવોનો તે 'માલિક' બને, અને તેનો જ સિક્કો વાપરવો જોઈએ - એ વાત સ્વસ્થ સમાજને માન્ય ન હોય.

''પ્રાપ્ત થયેલા અનુભવોની કોઈ માલિકી નહીં. નવતર કાંઈ કરી શકાયું તો તે મેં નહીં, ઊભા સમાજના યોગદાન અને સહકારથી જ તે થઈ શક્યું છે એવી સ્પષ્ટ સમજણ જરૂરી છે. શ્રેષ્ઠતા, આગેવાની માન્ય, પણ જોહુકમી વગરની. આવું યોજીએ તો સ્વસ્થ સમાજ બનાવી શકાય.''

* * *

ડ્યૂઈ, 'અનુભવ'ને, જાત અનુભવને પ્રાધાન્ય આપવાની જરૂરિયાત સમજાવવા માટેની રજૂઆત આ રીતે કરે છે : ડ્યૂઈ કેળવણીનો એવો અર્થ કરે છે કે ''કેળવણી એ વૈજ્ઞાનિક પદ્ધતિ છે, જેનાથી માનવી વિશ્વને સમજે છે, અને શબ્દોના અર્થ અને તેનાથી સૂચવાતાં મૂલ્યોનું જ્ઞાન મેળવે છે. કેળવણી દ્વારા પ્રાપ્ત પ્રશ્નોના સ્વરૂપ અને અર્થ સ્પષ્ટ થતાં રહે તેમ કરવું છે. વૈજ્ઞાનિક અનુભવ જેટલે અંશે સાર્થક જ્ઞાનના સાતત્ય ઉપર અને એ જ્ઞાન વિદ્યાર્થીના દર્શન, વલણ અને આવડતને પરિષ્કૃત કરે અને વિકસતાં રાખે તેટલે જ અંશે કામના છે.''

ડ્યૂઈએ જે શિક્ષણની ભૂલભરેલી પદ્ધતિની વાત મૂકી છે તે નીચેના ઉદાહરણથી સમજી શકાય. ''બારમા ધોરણની પરીક્ષા પતી, પ્રયોગોનો ખેલ પણ પાર પાડ્યો ત્યાર પછી દીકરી માને કહે છે : ''મમ્મી તારે હવે મને કોઈ દિવસ સવારે જગાડવાની નહીં !! ૧૧ વાગ્યે કે બપોર પછી ઊઠું તો પણ નહીં જ. હવે વાંચવાનું બંધ ! એ લપમાંથી હવે હું છૂટી. હવે હું ટી.વી. પર બધી જ ફિલ્મ જોવાની છું. આવતી કાલે અમે અમને મન ફાવતી પાર્ટી ગોઠવી છે તેમાં મોડે સુધી બધી બહેનપણીઓ મોજ કરીશું. તારી પર્સમાંથી મારે જોઈએ તેટલા પૈસા કાઢી જ લઈશ. પપ્પાને કહી દેજે કે કટકટ ના કરે.''

આ હાશ છૂટ્યા ! ભણ ભણ કરવાનું, પરીક્ષા પરીક્ષાની જોહુકમીમાંથી પરવાર્યાની લાગણી એ આપણા શિક્ષણની દેણ છે. જ્ઞાન મેળવવા, જાણવા માટે નહીં માત્ર પરીક્ષા અને ડિગ્રી મેળવવા માટે ભણવાનું.

ગ્રેજ્યેટ થયેલો ૨૨/૨૩ વર્ષનો એક મિત્ર હતો તેણે મને પૂછેલું ''તમે આ ગ્રંથ શા માટે વાંચો છો ? કઈ પરીક્ષા આપવાના છો ?'' આમ પરીક્ષા આપવા માટે જ વાંચવાનું, બાકી તો વાંચવા પ્રતિ તિરસ્કાર જ મેળવી આપે તેને ખોટું શિક્ષણ જ કહેવું પડે. ડ્યૂઈ આવા ખોટા શિક્ષણથી મુક્ત થવાની વાત કરે છે. 'ભણતર ભારરૂપ અને કંટાળાજનક બને તે સ્વીકારી ના શકાય. કેટલાં બધાંને પછીથી / જીવનમાં મોડેથી ખબર પડતી હોય છે કે જે કાંઈ ભણ્યા તે બધું એટલું સીમિત હતું કે શાળા બહારના સમાજજીવનમાં આવી મળતી નવી પરિસ્થિતિઓને સમજવાની કે તેમાંથી ઉકેલ મેળવવાની કોઈ આવડત મેળવેલા ભણતરમાંથી પ્રાપ્ત જ નથી. વાચનમાત્ર નીરસ વેઠ ગણવાનું સહજ બને છે....'

શાણી માતા શિશુની જરૂરિયાતોનો ખ્યાલ રાખે જ છે; અને જો શાણી માતા હોય તો, કેવા અનુભવો બાળકના સમતોલ વિકાસમાં વધુમાં વધુ મદદરૂપ છે તેને ઓળખવા માટે તે નિષ્ણાતો ઉપરાંત પોતાના ભૂતકાલીન અનુભવોમાંથી પાઠ લેશે. આ બાહ્ય બાબતોને બાળકની તત્કાલીન આંતરિક સ્થિતિને ગૌણ બનાવી દેવાને બદલે, તેને એવી વ્યવસ્થિત બનાવશે જેથી શિશુની અંતરંગ પરિસ્થિતિ સાથે એ બધી એક પ્રકારની પરસ્પર પ્રક્રિયાઓ થશે.

''પરસ્પર પ્રક્રિયા'' શબ્દ અનુભવની કેળવણીની પ્રક્રિયા અને તેમાં રહેલી શક્તિઓને દર્શાવવા માટે મુખ્ય સિદ્ધાંત ડ્યૂઈ સૂચવે છે. અનુભવનાં બેય પાસાં - બાહ્ય પરિસ્થિતિ અને અનુભવની આંતર પરિસ્થિતિ પર તે એકસરખું ભારણ મૂકે છે. પરંપરાગત કેળવણીની ખામી એ નહોતી કે તે અનુભવોનું નિયમન કરનાર માત્ર બાહ્ય પરિસ્થિતિને મહત્ત્વ આપતી, પણ અનુભવનું સ્વરૂપ સારી રીતે સમજવા માટે અંદરના પરિબળ તરફ નહિવત્ ધ્યાન આપતી.

અહીં મૂળશંકરભાઈને યાદ કરીને તેમની શિસ્ત અંગેની, શિક્ષણ અંગેની - સાચી કેળવણી અંગેની વાત રજૂ કરવી મને આવશ્યક લાગે

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

છે. 'ભાઈ' કહે છે, ''મનુષ્યચિત્તમાં જેમ વાસનાઓનું તંત્ર છે, તેમજ આ તંત્રની પકડમાંથી છૂટવાની ઝંખના પણ મૌલિકપણે હોય તેમ લાગે છે.... બાળક અવ્યવસ્થામાંથી વ્યવસ્થા ઊભી કરવા મથે છે. તેના ચિત્તના પરસ્પર વિરોધી આવેગોના ઘર્ષણમાંથી માર્ગ કાઢવા મથતું હોય છે. તે વખતે જરૂર છે સ્વસ્થ વર્તનના નમૂનાની.... ઈમોશનલ મેચ્યુરિટી ન હોવાનું કારણ તેમને વાસનાના ધમપછાડા વખતે શાંત સ્વસ્થ માર્દર્શનનનો અભાવ... રમત તેના નિયમ પ્રમાણે ચાલે તો ચગે. રાસ રમનાર ગતિનિયમમાં રહે તો જ તેનો રસ માણવાનું શક્ય બને.

ડ્યૂઈ સામાજિક નિયમનની વાત આગળ મુજબ રજૂ કરે છે. ''સામાન્ય રીતે રમતગમતો સ્પર્ધાત્મક હોય છે. જેમાં એક સમૂહના બધા સભ્યો ભાગ લેતા હોય તેવી સહકારી પ્રવૃત્તિઓનો દાખલો લઈએ તો, એક બીજા ઉપર પૂરા વિશ્વાસવાળા એક સુવ્યવસ્થિત કુટુંબના દાખલા પરથી વાત સ્પષ્ટ થશે. આવા બધા કિસ્સામાં કોઈ એક જણની ઇચ્છાથી નહીં પણ આખા સમૂહની જીવંત સદ્ભાવનાથી વ્યવસ્થા સચવાય છે. નિયમન સામાજિક હોય છે, પણ સમૂહનો દરેકે દરેક સભ્ય એક સમૂહનું અંગ હોય છે... રમતમાં રમનારાઓને એમ નથી લાગતું કે કોઈ એક વ્યક્તિ તેમના પર ઉપરીપણું કરે છે.... શિક્ષક-શિક્ષિકાએ જ્યારે અંગત રીતે વિક્ષેપ કરવો પડે તેવા પ્રસંગો બને તેટલા ઓછા કરવા પ્રયત્નશીલ રહે છે. બીજું જ્યારે દઢપણે કહેવાની કે પગલું ભરવાની જરૂર પડે ત્યારે તે અંગત અધિકારના આવિષ્કાર લેખે નહીં, પણ સમસ્ત સમૂહના હિતમાં તેમ કરે છે. આ વાત સ્વૈર નિર્ણય અને વાજબી નિર્ણય, એ બે વચ્ચે ફેર બતાવે છે.''

* * *

આ નવતર કેળવણીનો પાયો 'અનુભવ' છે. સતેજ કે તીવ્ર સમજ-શક્તિ ખીલવવા તેમજ તેને યોગ્ય દિશા મેળવી આપવાનું અનન્ય બળ જાતઅનુભવમાં પડેલું છે. કારણ, વ્યક્તિનો પોતાનો અનુભવ સતત આકરી કસોટીમાંથી પસાર થતો હોય છે. અનુભવને બુદ્ધિપૂર્વક વિકાસ અને દિશા પ્રદાન કર્યા પછી અનુભવથી જે નિયમન આવે છે તેના જેટલું કડક નિયમન બીજું નથી. આખરે સ્વનિયમન પ્રાપ્ત કરવા માનવે મથવાનું છે. ત્યારે તેવું મેળવી આપવામાં ઉપયોગી થાય તેવી કેળવણી ખીલવવા માટે મથવાનું છે.

હવે 'નઈ તાલીમ'માં ખૂંપેલા, તેમજ ગુરુદેવ ટાગોરને ત્યાં કાર્યશીલ એવાં માર્જરીબહેન સાઈક્સની વાત સાંભળીએ. આજના 'આધુનિક' વાલીઓને તેમનો પ્રશ્ન નીચે મુજબ છે.

'આપણા બાળકના માનવીય વિકાસ માટે આપણે કોઈ ચાતુર્ય-ભર્યા સાધન પર વિશ્વાસ રાખીશું કે આત્મીયતાપૂર્વકના સંબંધો ઉપર? વધુ સ્પષ્ટ શબ્દોમાં પૂછીએ કે મહત્ત્વની જે સમજણો જીવન માટે મેળવવાની છે તે બધી, બાળક કેવી રીતે શીખી શકે તેમ છે ? ટી.વી. કે કોમ્પ્યુટરથી ? કે સમજુ અને પ્રેમાળ વડીલ વ્યક્તિ પાસેથી, જેમની સાથે કાંઈક કરવા-મૂકવાનું તેમજ સમાન વયનાં બાળકો સાથે મળીને કામ કરવા, રમવા આદિની આપ લે દ્વારા ? હકીકતે આ કેળવણી શું છે તેની સમજણમાં જ ભેદ છે. જે જાહેર રીતે કહેવાતું તો નથી પણ ઝોક આખો વધુ માહિતીઓથી ભરી દેવાની વાત પર આપવામાં આવે છે. એથી જુદો સવાલ એ છે કે શું વ્યક્તિની શક્તિ અને આવડતોને ખીલવવાનો અવકાશ મેળવી આપવાની જરૂર છે ?

ગુરુદેવે શાંતિનિકેતનમાં શિક્ષણ મેળવનારા વિદ્યાર્થીઓ કેવી રીતે શિક્ષણ મેળવી રહ્યા છે તે અંગે કહ્યું છે કે 'અમારાં બાળકોને રજાઓ, છુટ્ટીઓનો કોઈ ખપ જ નથી. કારણ કે ભણવાનો, શીખવાનો ભાર કે તાણ હોય એવી વાત તેમને ઊગતી જ નથી. રસોડામાં કામ કરે, કે શાકભાજીના ક્યારામાં, વણાટ કરે કે નાનું મોટું સમારકામ કરે, શિક્ષણ તો તેમના રોજિંદા જીવનનું અંગ છે. રોજરોજનાં કામો તેમને પ્રગતિ કરવાનો ઉત્સાહ જગાડે છે.

'અહીં તેઓ જે મૈત્રીભાવ કેળવે છે અને એકબીજાનો સાથ લઈને મંડ્યા રહે છે તેમાં જે સમર્પણ અને આત્મીયતા મેળવે છે તે શ્રેષ્ઠીઓની શાળાઓમાં ભણનારાં બાળકોને કદી ના મળે તેવી અમૂલ્ય મૂડી છે. સાથે જીવવાના અહીંના પ્રયોગથી તેમનામાં જે સદ્ગુણો છે તે ખીલી ઊઠે છે અને તેમનામાં પડેલી જુનવાણી કે પૂર્વગ્રહયુક્ત સમજણો તો ક્યારે તેમનામાંથી સરી પડે છે તેનું ભાન તેમને રહેતું નથી. રોજરોજનાં કામ કરવા જતાં જીવનમાં નૈતિકતાના પ્રશ્નો પણ સીધા જ સામે આવે છે. (દોસ્તને વધુ પીરસું ? જવાબદારીમાંથી છટકું ? એવા પ્રશ્નો જાતને પૂછવાના થાય જ થાય. કારણ એક જાગૃત સમૂહમાં ભળેલા છીએ.) અહીં જે કાંઈ વપરાય છે તે તેમનું છે અને તેમણે જ મેળવવાનું છે. અને તેથી સાદાઈ કે કરકસર તેઓ પોતે જ આવકારે છે. વધુ કાંઈ વાપરે તો તેનો ભાર જાતે જ ઉપાડવો પડે ને ! આમ સમૂહનો અને વ્યક્તિનો ભાર બને એટલો પોતાના ઉપર જ ઉપાડવામાં જોડાઈ જાય છે, તેથી જ કાચું છે કે બળેલું છે, એમ કરી બગાડ કરવામાંથી બચીને તે બધુંય પોતાનું માનીને વધુ સારું કરવાનું કૌશલ્ય ખીલવવામાં જાગૃત રહે છે. તેમનાં જે સાધનો છે, આવડતો છે, સમજણો છે તે બધાંયનો ઉપયોગ કરીને નાની મોટી તમામ આવશ્યકતાઓ જાતે સર્જવા તેમજ મેળવવામાં જે આનંદ અને ઉત્સાહ પ્રગટાવે છે તે કોઈ બજારુ કે પરાવલંબી વ્યવસ્થા દ્વારા કદી પ્રાપ્ત નહીં થઈ શકે.'

''ખોજ સત્યની કરવાની છે. અને તેથી જ સત્ય કોઈ બીજું તમને બનાવીને આપે એવું હોઈ શકે ખરું ? તે સ્વપ્રયત્નથી જ મેળવવા મથતા રહેવાનું છે. અગાઉની આપણી ગુરુ પરંપરામાં ઉસ્તાદની સાથે સમૂહમાં જીવીને આવડતો કેળવવાનું કામ થતું. તેથી ત્યાં પ્રત્યક્ષ જીવન જીવવાનું જ મહત્ત્વનું હતું. અને જે કાંઈ શીખવા મળે તે ઉત્તમ કાર્યોની પ્રક્રિયાને સમજવામાંથી જ મળતું. સાચા બૌદ્ધિક વિકાસનું મહત્ત્વનું અંગ સર્જકતા છે. સર્જન તો ઉત્સાહ, હિંમત અને પ્રામાણિકતામાંથી જ પ્રગટે છે.''

પ્રભુદાસ ગાંધીએ ''જીવનનું પરોઢ'' પુસ્તક લખ્યું જેમાં દક્ષિણ આફ્રિકાના અનુભવોની વાત તેમણે લખી છે. ગાંધીજીના શિક્ષણ આપવાના પ્રયત્નોનો આ દસ્તાવેજ છે. તેમાનું એક જ ઉદાહરણ લઈએ.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'એક વાર મારા નાના ભાઈ કૃષ્ણદાને ગળે ગાંઠ ઊપડી આવી.... બાપુજીએ જાતે ગાંઠ ચીરવાનું નક્કી કર્યું. પૂરી પકવી અને સવારે ગરમ પાણી અને અસ્રો તૈયાર રાખવાનું કહી ગયા. બધી તૈયારી થઈ ત્યારે મારી બાએ મને બાપુજીને બોલાવવા મોકલ્યો. બાપુજીની ટોળી એક બીડ સાફ કરવાનું કામ કરતી હતી. મેં જોયું કે સૌથી મોખરે બાપુજી વાંકા નમી પાવડો તાલબદ્ધ ચલાવી રહ્યા હતા. ઘાસ કાઢવા સિવાય દુનિયામાં જાણે તેમને બીજું કંઈ લક્ષ્ય જ ન હતું. તેમની પીઠ પાછળ છોકરાઓની ધિંગામસ્તી અને ટોળ ટપ્પાં ચાલતાં હતાં. એકાદ જણ વચ્ચે વચ્ચે જરા એક-બે પાવડા ઘાસ કાઢી લેતું હતું, પણ મોટે ભાગે તો વાતો અને ચર્ચાઓ ચાલુ હતી. મને થયું કે બાપુજી પાસે પણ જ્યારે આ લોકો રમતચેળાં કરે છે, ત્યારે ટોલ્સ્ટોય વાડીમાં બીજાં શિક્ષકોને દાદ જ ન આપવાનાં એમનાં પરાક્રમોની જે વાતો હતી તે બધી સાચી તો ખરી. કેટલીયે મિનિટો લગી હું બાપુજીની પાસે ઊભો રહ્યો. પણ ખોદવાના રસમાં તેમણે મને ન જોયો, અને છોકરાઓની એકબીજા જોડે ચાલતી ટીખળના રસ આડે હું યે બાપુજીને બોલાવીને લઈ જવાનું ભૂલી ગયો ને મૂંગો મૂંગો ઊભો રહ્યો. કેટલીક વારે બાપુજીએ મને જોયો અને પૂછ્યું, ''કૃષ્ણ સારુ બોલાવવા આવ્યો છે ને ? ચાલ હું આવ્યો.'' એમ કરી તેમણે હાથમાંથી પાવડો મૂક્યો, પાટલૂન પરની માટી ખંખેરી નાંખી અને મને આગળ કરી ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં છોકરાઓને ચેતવણી આપતા ગયા, ''જુઓ, હવે તમારી વાતો પૂરી થવી જોઈએ. મારી હાજરીમાં તમે ખૂબ રમ્યા અને વાતો કર્યે રાખી, પણ હવે મારી પીઠ પાછળ જરાયે સુસ્તી ન થવી જોઈએ. હું આવું ત્યાં સુધી કામમાં પૂરું ધ્યાન આપજો. મોટાંના દેખતાં આળસ કરે એ ચાલે, પણ મોટાં ચાલ્યાં જાય ત્યારે આળસ કરી એમને મુદ્દલ ન છેતરવાં જોઈએ.''.... ઉપચાર સૂચવી ઝપાટાભેર બાપુજી પાછા ખેતરકામની જગ્યાએ પહોંચ્યા. હું યે પાછળ પાછળ ગયો. જતાં આવતાં અડધો કલાક પૂરો નહોતો વીત્યો. પણ એટલા વખતમાં તો છોકરાઓએ એટલું બધું કામ કર્યું હતું કે ત્યાં સુધીની રમતનું બધું સાટું વળી ગયું. બીડના એ મોટા ચોરસનો ઘણોખરો ભાગ સાફ થઈ ગયો હતો ને છોકરાઓ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા.

''શાબાશ !'' બાપુજી બોલ્યા અને કહ્યું, ''આવા સાચા રહેવું, કોઈની પીઠ પાછળ તો આળસ કરવું જ નહીં. હવે થોડો થાક ખાવ, બાકીનું હું કરું છું.'' એમ કહી બાપુ ફરી ખોદવામાં મશગૂલ બની ગયા. પણ છોકરાઓએ થાક ન લીધો અને બાકીનો ટુકડો પૂરો કરવામાં બાપુજીને મદદ કરી. આઠનો ઘંટ થયો ત્યાં સુધીમાં તે આખો કટકો અરીસા જેવો સાફ થઈ ગયો. મારી ખાતરી છે કે બાપુજીએ કડકાઈથી ને કોરા ઉપદેશથી કામ લીધું હોત તો એ સાફ ન થાત.

રાષ્ટ્રને પોતાની ઉત્તમ ભેટ ''નઈ તાલીમ'' ગણાવનારા ગાંધીજીનો ઉપરનો દાખલો ઘણું અને પૂરતું સમજાવે છે.

વિદ્યાર્થીઓ ઉપર પૂરો વિશ્વાસ રાખવો
તેમનામાંના એક થઈને જીવવું.

આપણે માટે તો, જુગતરામકાકા 'આત્મરચના અથવા આશ્રમી કેળવણી' આપી ગયા છે.

કાકાએ પૂછ્યું છે કે : ''આશ્રમી કેળવણી પહેલાં અને પછીના આપણા વ્યવહારોમાં શું તત્ત્વતઃ ફેર પડી ગયો નથી ?''

નવી શ્રદ્ધા જાગી ? ''આપણે'' થઈએ અને એક જ પ્રકારે આચરણ કરવા તૈયાર થઈએ.

નવાં મૂલ્યો મેળવીએ. જૂનાં સૂત્રો કાઢી શકીએ.

આવો, આપણે જૂના અને નવા મિત્રો એકબીજાનો હાથ ઝાલીને લહેર કરતાં અને એકબીજાને ટેકો આપતાં આશ્રમી કેળવણીના પહાડ ચઢવા માંડીએ. આવો, આપણે દેશરચનાના કામે લાગીએ તે પહેલાં આત્મરચના કરીએ, મહાન કાર્ય કરવાની લાયકાત પ્રાપ્ત કરીએ.

''આખી વાટ હજૂ રહી બાકી એના ભણકારા
રહેજો અંતરમાં મારા.''

– જ્યોતિભાઈ દેસાઈ

પર્યાવરણ મંથન... (પાન ૧૪નું ચાલુ)

વાહનોનો ઉમેરો દિલ્હીમાં નોંધાયો છે. પ્રાઈવેટ વાહનોની સંખ્યા ઓછી કરવા સરકાર 'માસ ટ્રાન્સપોર્ટ' સિસ્ટમ લાગુ કરી રહી છે. બધાં જ શહેરોમાં ખાનગી વાહનોનું પ્રમાણ અમર્યાદપણે વધી રહ્યું છે. વાહન ખરીદવા માટે ઓછા વ્યાજે મૂડી પણ બેંકો દ્વારા મળી રહે છે.

પૃથ્વીનું વધતું જતું તાપમાન, જૈવ વિવિધતા, વાયુ પ્રદૂષણ, જંગલોનું ઝડપથી ખતમ થવું વગેરે બધા જ એકબીજા સાથે જોડાયેલા પ્રશ્નો છે. તાપમાન વધવાને કારણે આજે આપણા ગ્રહ – આપણા ઘર પૃથ્વીના અસ્તિત્વ પર અને તેને લીધે મનુષ્ય તેમજ સમગ્ર સૃષ્ટિના અસ્તિત્વ પર પ્રશ્નચિહ્ન લાગી ગયું છે. છેક ૧૯૯૨માં રીઓ ડી જનારીઓ (બ્રાઝિલ)માં યોજાયેલ 'અર્થ સમીટ'થી જલવાયુ પરિવર્તન એ અત્યંત જોખમી ઘટના છે અને તેને માટે તાત્કાલિક પગલાં લેવા જોઈએ એવી ચેતવણી અપાતી રહી હોવા છતાં આજે ૨૦૨૬માં પણ માનવજાતે સંતોષકારક પ્રગતિ કરી નથી. ઉદ્યોગોના સ્થાપિત હિત તેમજ સ્વાર્થ, લોકોની ઉદાસીનતા, ન્યાયતંત્રની ઢીલાશ તેમજ સરકારોની સંકુચિત અને દૃષ્ટિહીન નીતિઓને કારણે જલવાયુ પરિવર્તનના જોખમે ૧૯૯૨માં હતું તેના કરતાં આજે ઘણું વધારે વિકરાળ સ્વરૂપ પકડી લીધું છે. 'પ્રથમ વિશ્વ'ના દેશો જે પોતાની જીવનશૈલીને બદલવા નથી માંગતા અને અન્ય દેશોના સમૃદ્ધ તેમજ મધ્યમ વર્ગના લોકો પણ – તેના કારણે ગરીબ દેશો, નાના ટાપુઓ તેમજ ગરીબ લોકોનાં જીવનો પ્રતિદિન વધુ ને વધુ જોખમમાં મુકાઈ રહ્યાં છે.

તેની સાથે ઘણા દેશો અને અનેક સંગઠનો, વ્યક્તિઓ પર્યાવરણના આ પ્રશ્ન અંગે જાગૃતિપૂર્વક કામો કરી રહ્યાં છે, જે એક આશાનું કિરણ છે.

– રજની દવે

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

રઘુરાય : છબીઓ જેમનો શ્વાસ હતી...



રઘુરાય એટલે રઘુરાય. પરંતુ તેઓ આવા બન્યા તેનું કારણ છે તેમના પર પડેલો બે અવ્વલ ફોટોગ્રાફરોનો પ્રભાવ. પ્રથમ હતા તેમના મોટા ભાઈ એસ.પૌલ, જેમણે તેમનાં પ્રારંભિક વર્ષોમાં તેમને ફોટોગ્રાફી શીખવી, કેમેરા સાથેનો પ્રથમ પરિચય કરાવ્યો. અને સૌથી મહત્ત્વની વાત – તેમને દુનિયાને પોતાના દૃષ્ટિકોણથી જોવા માટે પ્રોત્સાહિત કર્યા. દિલ્હીમાં તેમની સાથે રહેતા રઘુએ મોટા ભાઈ પાસેથી માત્ર ટેકનીક જ નહીં પરંતુ કોઈ પણ વસ્તુને 'જોવાની રીત' પણ શીખી હતી. આજે પણ મને એવું લાગે છે કે એસ. પૌલને જે કદર અને સન્માન મળવાં જોઈતાં હતાં તે મળ્યાં નહીં. ભારતીય ફોટોગ્રાફીમાં તેમનું યોગદાન અને રઘુરાયના સર્જનમાં તેમનો ફાળો ઘણી વાર નજરઅંદાજ થયો છે.

રઘુ પર બીજો પ્રભાવ હતો Henri Cartier Bresson નો. તેઓ 'ડિસીસીવ મોમેન્ટ'ના સિદ્ધાંતના સર્જક હતા. બ્રીસોનની વિચારધારાએ માત્ર રઘુરાયને જ નહીં, પણ છબીકારોની આખી એક પેઢીને પ્રભાવિત કરી. ભારતની ફોટોગ્રાફી એક રીતે પહેલાં બ્રીસોનની નજરથી દુનિયાને જોતાં શીખી અને પછી રઘુરાયની નજરથી ભારત તેમને ફરીથી જોવા મળ્યું. તેમણે વૈશ્વિક દૃષ્ટિને સ્થાનિક સંદર્ભ આપ્યો, પૂરા અર્થમાં ભારતીય સંદર્ભ.

મારી તેમની સાથે પહેલી મુલાકાત અમદાવાદમાં થઈ, જ્યારે તેઓ ઇન્ડિયા ટુડે માટે એક અસાઈનમેન્ટ પર આવ્યા હતા. ત્યારે હું નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઑફ ડીઝાઈનનો એક વિદ્યાર્થી હતો. ઉત્સુક પરંતુ બિનઅનુભવી. તેમને શહેરમાં ફેરવવા માટે એક યુવાનની જરૂર હતી અને હું તેમની સાથે જૂના અમદાવાદના શહેરની ભૂલભૂલામણી ગલીઓમાં ફરતો રહ્યો. આ એક માત્ર ફરવા જવાની વાત ન હતી. આ એક અદ્ભુત અનુભવ હતો. અમે માણેકચોક અને પોળોના ગીચ વિસ્તારોમાં રખડ્યા, જે ઇતિહાસ અને વાર્તાઓથી સમૃદ્ધ એવો વિસ્તાર છે. રઘુરાયને કામ કરતા જોવા એ જાણે કોઈ જીવંત અભિનય જોવા સમાન હતું, જે સહજ પણ હતો અને તેટલો જ ગહન પણ.

તેમની ઊંચી કાયાએ તેમને ભૌતિક ઊંચાઈ આપી હતી, પરંતુ તેમની દૃષ્ટિની ઊંચાઈ ઘણી વધુ પ્રભાવિત કરનારી હતી. તેઓ ક્ષણોને બનતાં પહેલાં જ અનુભવી લેતા. થોડી ક્ષણ માટે ઊભા રહી દૂર નજર કરતા અને તેમને જાણે કે પ્રતીતિ થઈ જતી કે હવે શું બનવાનું છે. તેમની પાસે હંમેશાં બે કેમેરા રહેતા. એક ગળામાં અને બીજો ખભા પર લટકાવેલો. એકમાં બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મ અને બીજામાં કલર સ્લાઈડ. કયું માધ્યમ યોગ્ય રહેશે એ નક્કી કરવા એમને ક્ષણવાર પણ ન લાગતી. ક્યારેય ન કોઈ ખચકાટ ન કોઈ શંકા – માત્ર સ્પષ્ટતા. તે દિવસ મારે માટે એક જીવંત પાઠ હતો – જે કોઈ વર્ગમાં ન મળી શકે તેવો પાઠ.

ઇન્ડિયા ટુડે માટે તૈયાર કરેલા તેમના આ ફોટોફીચર્સ દ્વારા ફોટોગ્રાફીની વર્ણનશક્તિનું મહત્ત્વ મને સમજાયું. માત્ર ૧૦-૧૫ તસ્વીરોમાં પાંચ પાનાંમાં તેઓ પોતાની સંપૂર્ણ રજૂઆત કરી શકતા, કોઈ વિશેષ વર્ણન વગર. કારણ કે તેમની તસવીરો પોતે જ બોલતી. એક ફિલ્મની જેમ તે તમારી સામે ખૂલતી જતી, અનુસંધાન બનાવતી. આ અનુભવમાંથી મને ખૂબ શીખવા મળ્યું અને તેણે મારા કામને પણ આકાર આપ્યો. મારું પહેલું પુસ્તક 'Working in the Mill No More' એ પણ એક ફોટોફીચર તરીકે જ શરૂ થયું હતું, જે મારા અભ્યાસના ભાગરૂપે મારે તૈયાર કરવાનું હતું. અમદાવાદના મિલ કામદારોના જીવન પર આધારિત આ પુસ્તક હતું.

થોડાં વર્ષો બાદ હું દિલ્હી આવ્યો અને પછી તો રઘુરાયને વારંવાર મળવાનું થતું રહ્યું. હું તે વખતે PTI-TV સાથે કામ કરતો હતો, જ્યારે રઘુ પોતાના કમેરા સાથે એ જ ઘટનાઓમાં હાજર હતા પણ એક સ્વતંત્ર ફોટોગ્રાફર તરીકે. તે સમયના મહત્ત્વના પ્રસંગો – મંડલ કમિશન સામેનો વિરોધ, રાજીવ ગાંધીની અંતિમ યાત્રા તેમજ એલ.કે.અડવાણી દ્વારા શરૂ કરવામાં આવેલ રથયાત્રા –માં તેમને નજીકથી જોયા. ગમે તેટલી અફરાતફરી વચ્ચે પણ તેઓ શાંત રહી શકતા. ત્યારે મને સમજાયું કે કેમેરા તેમના માટે સાધન નહોતો, તે તેમના શરીરનો અવિભાજ્ય અંગ હતો. તેમને જોઈને મને મલ્લિકાર્જુન મન્સૂર યાદ આવતા. જેમ સંગીત તેમનો શ્વાસ હતો તેમ રઘુ માટે તેમની તસ્વીરો જ તેમનો શ્વાસ હતી. તેમની તસવીરમાં 'એક ચોથું પરિમાણ' હતું. દેખાતું તેનાથી કંઈક વધુ – કંઈક વિશેષ. કળા અને આ વ્યક્તિઓ વચ્ચે કોઈ અંતર ન રહેતું. તેઓ એક થઈ જતાં. રઘુરાયની વિશેષતા હતી તેમની છબીઓમાં આવતું ઊંડાણ. આ તેમના વિશાળ જ્ઞાનને લીધે આવતું હતું.

રાજકારણ, ઇતિહાસ, કળા, સંગીત તેમજ એંજિનિયરિંગ – લગભગ બધા જ વિષયો અંગે તેઓ બહોળું જ્ઞાન ધરાવતા. આ જ્ઞાનને કારણે તેઓ પોતાની તસવીરોને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકી શકતા, તેને અર્થપૂર્ણ બનાવતા, તેમની તસવીરો માત્ર 'શું છે' કે 'શું થઈ રહ્યું છે' તે બતાવીને અટકતી નહીં પરંતુ 'શા માટે એ મહત્ત્વનું છે' તે પણ કહેતી.

વિશ્વ ભલે તેમને ઇન્દિરા ગાંધી, મધર ટેરેસા અને દલાઈ લામાનાં વ્યક્તિચિત્રો માટે ઓળખતું હોય પરંતુ મને ભારતીય શાસ્ત્રીય સંગીતકારો પરનાં તેમનાં કામ વધુ ગમે છે. બિસ્મીલ્લા ખાન, મલ્લિકાર્જુન મન્સુર અને કિશોરી અમોનકરની તેમની તસવીરો મને ખૂબ જ આત્મીય લાગે છે. આ મહાનુભાવોના ફોટાઓ તેઓ માત્ર મંચ પર જ નહીં પરંતુ એક વ્યક્તિ તરીકે વિવિધ મુદ્રાઓમાં પણ ખેંચતા જે તેમનાં ઘરોમાં, આંગણમાં, શાંતિથી બેઠેલા હોય ત્યારે લેવાયેલી હોય – સ્ટેજ અને મહેફિલોથી દૂર – સહજ. આ તસવીરો મને એક દસ્તાવેજીકરણ કરતાં વાર્તાલાપ જેવી વધુ લાગે છે.

મારી અને તેમની વધુ મુલાકાતો સંગીતના કાર્યક્રમોમાં જ થતી. મને શાસ્ત્રીય સંગીત ખૂબ પ્રિય છે અને હું તેના કાર્યક્રમોમાં અચૂક પહોંચી

(જુઓ પાન નં. ૨૨)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ચંદુભાઈ મહેરિયાના લેખનનું ગૌરવ : દેશના અગ્રણી અભ્યાસીઓના શબ્દોમાં

મે મહિનાના પહેલા અઠવાડિયામાં જાણીતા દલિત લેખક, કર્મશીલ અને જાહેર જીવનના અભ્યાસી ચંદુભાઈ મહેરિયાના આત્મકથનાત્મક ગુજરાતી નિબંધોના અંગ્રેજી અનુવાદનું પુસ્તક પ્રસિદ્ધ થયું છે. પુસ્તકનું નામ છે Homes without Windows. અનુવાદક હેમાંગ અશ્વિનકુમાર અને પ્રકાશક છે Juggernaut Books, દિલ્હી. પુસ્તકમાં સમાવાયેલા નિબંધોના મૂળ ગુજરાતી નિબંધો હજુ પુસ્તક રૂપે પ્રસિદ્ધ થયા નથી. તેમાંથી મોટા ભાગના નિબંધો ગયાં બારેક વર્ષ દરમિયાન સાર્થક પ્રકાશનના અર્ધવાર્ષિક 'સાર્થક જલસો'ના અંકોમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે.

Homes without Windows સંચયમાં અઢીસો જેટલાં પાનાંમાં ઉત્તમ રીતે અંગ્રેજીમાં ઊતરેલા અગિયાર નિબંધો છે. અનુવાદકે લખેલી પ્રસ્તાવના અને દરેક નિબંધ માટેની તેમણે તૈયાર કરેલી ટિપ્પણીઓ ખૂબ વાચનીય છે. પુસ્તક માટે ભારતના જાણીતા અભ્યાસીઓએ આપેલા અભિપ્રાયો પુસ્તકના આવરણ અને ઉપરણા પર તેમ જ અન્યત્ર મૂકવામાં આવ્યા છે. તે અહીં ગુજરાતીમાં મૂક્યા છે.

રામચન્દ્ર ગુહા – ઇતિહાસકાર, પર્યાવરણવિદ, લેખક અને પબ્લિક ઈન્ટેલેક્ચ્યુઅલ

આ ખરેખર નોંધપાત્ર પુસ્તક છે. તે શ્રમજીવી દલિતવર્ગની અણધાર્યા જોખમોવાળી જિંદગીનું તાદશ અને ખૂબ પ્રભાવશાળી ચિત્ર આપે છે. તે વિગતોથી સમૃદ્ધ, દષ્ટિસંપન્ન અને હૃદયસ્પર્શી હોવાની સાથે નર્મમર્મના સ્પર્શવાળું પણ છે. જાહેર સ્થળોએ – શાળાઓ, અસ્પતાલો, કચેરી અને સહુથી વધુ તો સામૂહિક શૌચાલયોમાં – જોવા મળતા માણસના સામાજિક વર્તનનાં ઉત્તમ વર્ણનો અહીં છે. મિત્રો અને પરિવારજનોનાં વહાલભર્યાં શબ્દચિત્રો પણ યાદગાર છે. તેમાંય શિરમોર છે લેખકના સમભાવી અવિચળ પિતા અને બધું જ ખમી જનાર મક્કમ માતા. આ પુસ્તકને બાજુ પર ન મૂકી શકાય તેવી સ્મરણકથા બનાવવાનો યશ હેમાંગ અશ્વિનકુમારે સહસંવેદનથી કરેલા સુઘડ અનુવાદને મળે છે. આ એક એવું પુસ્તક છે કે જેમાં સંઘર્ષ અને પીડાની વચ્ચેથી આશા અને વિનોદ સતત ડોકાયા કરે છે.

વી.ગીથા – નારીવાદી કર્મશીલ અને Bhimrao Ramji Ambedkar and the Question of Socialism in India પુસ્તકના લેખક

ચંદુ મહેરિયાના નિબંધોનો આ સુંદર સંગ્રહ જીવનની હૃદયસ્પર્શી વક્તાનું ઉત્તમ ઉદાહરણ છે. હેમાંગ અશ્વિનકુમારે કરેલા અનુવાદમાં ઉલ્લાસ અને સૌંદર્ય અનુભવી શકાય છે. અન્ન અને મળ, તહેવારો અને મજૂરી, થાકેલા પગ અને મૂલ્યવાન ચપ્પલ, જેનાં ગીતો રચાયાં નથી તે – શહેરી દલિતો માટે હોનારત લાવનાર – ચોમાસાં જેવાં સંભારણાં અહીં છે. તેમની અડોઅડ છે ગાંધી, લેખકના આંબેડકરવાદી પિતા અને હૈયાઉકલત ધરાવતાં માતાનાં શબ્દચિત્રો જે વિષયાંતર છતાં મનને ગમી જાય છે. આ પુસ્તકમાં દલિતોની ભૌતિક હસ્તીનું તીક્ષ્ણ રીતે વેધક પ્રતિબિંબ છે, જેમાં અભાવ અને હાડમારીની સાથે કપરા જીવતરમાં ટકી રહેવાનું બળ આપનાર કલ્પનાશક્તિ અને ભાષાશક્તિ છે.

સૂરજ યેન્ગડે – સંશોધક તેમ જ Caste, a Global Story પુસ્તકના લેખક

આ પુસ્તકમાં ગાંધીવાદી વિચારસરણી સાથે સંકળાયેલા આંબેડકરવાદી એવા બેવડા કર્મશીલ ચંદુભાઈની નજરે જોવાયેલા ગુજરાતની આ અદ્ભુત અને વાચનીય કથા છે. ચંદુ મહેરિયા આપણને પોતાના વિસ્તારમાં લઈ જઈને પ્રભાવશાળી ગદ્યમાં એમની વાત માંડે છે. એમની વાત આપણને સ્પર્શે છે, કેમ કે તેની સાથે સત્ય અને આશય જોડાયેલાં છે. ચંદુભાઈ જિંદગીની વાત તો કરે જ છે, સાથે મોતને ટિખળની નજરે જોઈને, જીવનક્રમમાં એ પણ કેટલું કંટાળાજનક હોઈ શકે તે સુધ્ધાં બતાવે છે. ગુજરાત આભડછેટ મહામંડળની આ કથાનો અનુવાદ વાંચવામાં મજા પડે તેવો થયો છે.

ગણેશ દેવી – લેખક, ચિંતક અને સાંસ્કૃતિક કર્મશીલ

માત્ર નરસિંહ મહેતા કે મહાત્મા ગાંધીને જાણીને તમે ગુજરાતને જાણી ન શકો. તમે એને ભીષણ કોમી હુલ્લડો વિશે જાણીને પણ જાણી ન શકો. આ રીતે જાણીતું ગુજરાત તો સાહિત્ય, ઇતિહાસ અને રાજકારણનું ગુજરાત છે. ગુજરાતની સચ્ચાઈ ઊંડા મૂળ ઘાલી ગયેલા નાતજાતના ભેદભાવોમાં છે. ગુજરાતના વર્ણવિભાજનની ચંદુ મહેરિયાએ કરેલી ફોરેન્સિક તપાસ ગુજરાતના હૈયે શું છે તે આપણને બતાવે છે. ભારતને લાગેલા શાપ સમી અપમાનજનક વર્ણવ્યવસ્થા હેઠળ વીતેલી જિંદગીનાં, વાચકને દઝાડતાં ગદ્યમાં લખાયેલાં, ઉત્કટ સંસ્મરણો દલિત ચરિત્રલેખનમાં યાદગાર છે. કવિ હેમાંગ અશ્વિનકુમારે કરેલો અનુવાદ મહેરિયાએ ગુજરાતીમાં લખેલા એક-એક શબ્દને જીવંત બનાવે છે. ચંદુભાઈ જાણે પોતે જ તેમનાં જખમો, પીડા, દુર્ગંધ અને એ બધાંની વાત અંગ્રેજીમાં માંડતા હોય તેમ લાગે છે.

ઉર્વીશ કોઠારી – લેખક,પત્રકાર અને વ્યંગકાર

ગુજરાતમાં ચંદુભાઈનું લેખન તેની વેધક સ્પષ્ટતા માટે ક્યારનુંય વખાણાઈ ચૂક્યું છે. તેમનું લેખન વીંધી નાખનારું છતાં કડવાશ વિનાનું, તીક્ષ્ણ છતાંય સંવેદનપૂર્ણ, પાકા પાયે વાસ્તવદર્શી છતાંય બીબાંઢાળ નહીં એ પ્રકારનું છે. આ અનુવાદ થકી અંગ્રેજી વાચકો માટે એમના લખાણનું તેજ અને તેમણે જીવંત કરેલી સીધા અનુભવની સાચી દુનિયા જોવા માટેનું દ્વાર ખૂલ્યું છે.



પુસ્તકના આવરણ પર લેખકનો પરિચય આ મુજબ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આપવામાં આવ્યો છે : ચંદુ મહેરિયા પ્રમુખ ગુજરાતી દલિત લેખક, સંપાદક, કર્મશીલ અને પત્રકાર છે. તેમના દષ્ટિપૂર્ણ સંપાદનને કારણે જાણીતા બનેલા પખવાડિક 'દલિત અધિકાર' દ્વારા ચંદુભાઈએ દલિતોને લગતા મુદ્દાઓને ગુજરાતના રાજકીય તખ્તામાં અગ્રસ્થાને મૂકવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. વર્ણભેદ સામેની આજીવન ઝુંબેશમાં ચંદુભાઈએ રાજકીય ચળવળો પણ કરી છે.

ગુજરાતી દલિત સાહિત્યની એક આરંભિક આહલેક સમા ચંદુભાઈએ સંખ્યાબંધ પુસ્તકોનું લેખન અને સંપાદન કર્યું છે, તેમ જ છાપાં-સામયિકોમાં સેંકડો વૈચારિક લેખો લખ્યા છે. ચાહીને વંચાતાં તેમનાં પુસ્તકો આ મુજબ છે : 'સાંબરડાથી સ્વમાનનગર'(ગુજરાતમાં દલિતોએ જોરજુલમ હેઠળ કરેલી હિજરતનો ઇતિહાસ અને તેની સમીક્ષા), 'ડૉ. આંબેડકર' (બાબાસાહેબનો ટૂંકો સર્વાંગી પરિચય),'પ્રાણપ્રશ્ન પાણીનો' (જળસંકટ અને જળસંરક્ષણના પ્રયોગો), 'ચોતરફ'(અગત્યના સામાજિક પ્રશ્નોનો પરિચય અને તેમની સમીક્ષા), 'અસ્મિતા' અને 'વિસ્ફોટ'(દલિત કાવ્યસંચયો) અને 'માડી મને સાંભરે રે' (દલિત લેખકોએ 'મા' વિશે લખેલા લેખો).

ચંદુભાઈના પ્રદાનમાં વિચાર અને કર્મશીલતાનો સમન્વય છે, જેમાં તેમના શેરીઓમાં થયેલા ઘડતર જેટલો જ ફાળો પુસ્તકોનો પણ છે. સ્વકથનના આ પુસ્તકમાં ચંદુભાઈએ પૂર્વ અમદાવાદની કામદાર-ચાલીઓની ગરીબીમાં પિસાતા તેમના દિવસોથી લઈને વાચન-લેખન અને રાજકીય લડતમાં આગળ વધેલા જીવનનો આલેખ આપ્યો છે. પહેલવહેલી વખત અંગ્રેજીમાં અનૂદિત થઈ રહેલાં ચંદુભાઈનાં લખાણો ભારતમાં રોજબરોજની આભડછેટની હિંસાને ખુલ્લી પાડે છે. લેખકે ૧૯૮૦ના દાયકાના ગુજરાતના સામૂહિક હિજરત, કોમી તણાવ અને અનામત-વિરોધી આંદોલનના ખળભળાટભર્યા તબક્કાને પણ આવરી લીધો છે.

જાહેરજીવનની ઝલક આપતી આ આ સ્મરણકથા વ્યક્તિગત જીવનની વિગતો અને જિવાતી જિંદગીની વાસ્તવિકતાની ભૂમિ પર રચાઈ છે. તેમાં સામુદાયિક શૌચાલયમાં રોજબરોજ વેઠવી પડતી બેઇજ્જતી, ચપ્પલ વિનાનાં આખાં બાળપણ, સતતની ભૂખ, પિતાના મગજમાં પાછલી ઉંમરે પ્રવેશેલી કટ્ટર નાસ્તિકતા, માની કઠોર મક્કમતા; અને માંદગી તેમ જ મૉત સાથે લેખકની વારંવારની મુલાકાત - આ બધું ચંદુભાઈ આપણને કહે છે.

લેખકની રોજબરોજની જિંદગીના બયાનને સમાંતરે બૌદ્ધિક ઘડતરની વાત આવે છે. તે ગાંધીના સંકુલ વિચારવારસા સાથેની તેમની નિર્મમ મથામણથી લઈને સમકાલીન દલિત વિચારકો સાથેની દલીલો સુધીના પટ પર વ્યાપેલી છે. સરવાળે આપણને એવું પુસ્તક મળે છે કે જેમાં વંચિતતાની તવારીખ, રાજકીય કેળવણી અને ભારતને વિભાજિત કરતાં રહેલાં સત્તામાળખાંની સતત વૈચારિક તપસીલ ત્રણેય એકસાથે હોય.

પુસ્તકના આવરણ પર અનુવાદકનો પરિચય આ મુજબ આપવામાં આવ્યો છે : હેમાંગ અશ્વિનકુમાર દ્વિભાષી કવિ, વાર્તાકાર, અનુવાદક, સંપાદક અને વિવેચક છે. તેઓ ગુજરાતી અને અંગ્રેજીમાં લખે છે. તેમની કૃતિઓ ગ્રીક, ઈટાલિયન તેમ જ ભારતીય ભાષાઓમાં અનુવાદિત થઈ છે. સમકાલીન ગુજરાતી કાવ્યોના તેમણે કરેલા અનુવાદ Poetic Refractions (2012) અને સુંદરમ્‌ની વાર્તાઓનો તેમણે કરેલો અનુવાદ Thirsty Fish and Other Stories (2013) નામના સંચય તરીકે પ્રકાશિત થયો છે. ન્યુ ઇન્ડિયા ફાઉન્ડેશનની ફેલોશીપ હેઠળ હેમાંગે કરેલા, ગાંધીજીના ભત્રીજા છગનલાલ ગાંધીના પુત્ર પ્રભુદાસ ગાંધીના પુસ્તક 'જીવનનું પરોઢ'નો અનુવાદ The Dawn of Life (2025) તરીકે પ્રસિદ્ધ થયો છે.

૧૦ મે ૨૦૨૬ સંકલન : સંજય સ્વાતિ ભાવે

રઘુરાય... (પાન ૨૦નું ચાલુ)

જાઉં છું, રઘુરાય લગભગ ત્યાં મળી જ જાય. તેઓ હંમેશ આગળની લાઈનમાં બેસતા અને સંગીતમાં લીન થઈ જતા. ક્યારેક આંખો બંધ હોય. ક્યારેક મોઢા પર સ્મિત હોય - અને યોગ્ય ક્ષણે કેમેરા ઊંચકીને એ પળને કેદ કરવાનું કદી ન ચૂકતા. અમારી વાતચીત ફોટોગ્રાફી કરતાં સંગીત વિશે જ વધુ થતી. ત્યારે મને ખ્યાલ આવતો કે તેમના મનમાં કળાઓ કેવી એકબીજા સાથે જોડાયલી છે.

આપણે ત્યાં શાસ્ત્રીય પરંપરાઓનું દસ્તાવેજીકરણ તો બરાબર કરવામાં આવે છે પરંતુ મોટેભાગે સામાન્ય લોકો, આદિવાસીઓ તેમજ આધુનિક અભિવ્યક્તિઓને અવગણાય છે. રઘુરાયનું છ દાયકાનું કામ આવી કોઈ મર્યાદામાં બંધાતું નથી. તે એક દુર્લભ તેમજ અમૂલ્ય દસ્તાવેજ છે. તેમણે ભારતને પૂરી સંપૂર્ણતા સાથે દસ્તાવેજિત કર્યું છે, તેના વિરોધાભાસો, તેના તાલ અને તેની રોજિંદી કવિતા સહિત. રસ્તા પર રેડિયોની આસપાસ ભેગા થયેલા લોકો હોય કે ક્રિકેટરનો જુસ્સો, વારાણસીના ઘાટ પરનાં વિવિધ દશ્યો, જૂની દિલ્હીની ગલીઓ અને લુટીયંસનું દિલ્હી, કલકત્તાનો હાવરાબ્રીજ, ૧૯૭૦ના દાયકાના ફિલ્મ સિતારાઓથી લઈને ક્યાંક ખૂણે બેઠેલા અજાણ ચહેરાઓ - તેમની તસવીરોએ આ બધું જ ઝીલી લીધેલું - એક જીવંત ભારતનું દસ્તાવેજીકરણ - જે માત્ર દસ્તાવેજીકરણ નથી; તે તો એક દષ્ટિપૂર્ણ સ્મૃતિ છે આ દેશની, તે કાળની - જેમાં રઘુ જીવી ગયા.

Magnum Photos માં જોડાનારા તેઓ પ્રથમ ભારતીય તસવીરકાર હતા - આ રીતે તેમણે ભારતને વૈશ્વિક નકશા પર સ્થાન અપાવ્યું. તેમ છતાં હંમેશ તેમની નજર અને નિસ્બત ભારત સાથે જ જોડાયેલાં રહ્યાં. ગયા વર્ષે જ્યારે મેં શાળાના એક વર્કશોપમાં બાળકોને કલાકારો વિશે પૂછ્યું તો તરત તેમણે એમ.એફ.હુસેનનું નામ લીધું. જ્યારે મેં ફોટોગ્રાફરો વિશે પ્રશ્ન પૂછ્યો તો બધાએ એકસાથે કહ્યું - ''રઘુરાય'' તે ક્ષણે મને સમજાયું કે રઘુરાય એક સામાન્ય ફોટોગ્રાફર નહોતા; તેઓ ભારતની ફોટોગ્રાફીની ઓળખ બની ચૂક્યા હતા.

તેમના જવાથી એક નીરવતાનો અનુભવ ચોક્કસપણે થાય છે પરંતુ તે ખાલીપો નથી. તેમની યાદો લાખો છબીઓથી ભરેલી છે, એવી છબીઓ જે દરેક એક સમયનો અંશ છે. એમની તસવીરો જીવંત રહેશે, બોલતી રહેશે, પ્રેરણા આપતી રહેશે. એ તસવીરોના માધ્યમથી રઘુરાય આપણી વચ્ચે હંમેશાં હાજર રહેશે. તેઓ જોતા રહેશે. સાક્ષી બનીને શીખવતા રહેશે કે કેવી રીતે 'જોવું' જોઈએ.

૨૪.૪.૨૦૨૬ નવી દિલ્હી. **- પાર્થિવ શાહ**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આત્માને જાણીએ... (પાન ૦૩નું ચાલુ)

છે. આ જ બુદ્ધિગત સાક્ષાત્કાર છે. બીજા સાક્ષાત્કાર સમાધિગત રહે છે. ત્યાં તર્ક-વિતર્કને કોઈ સ્થાન હોતું નથી. બંને પ્રકારના સાક્ષાત્કારમાં વ્યાપક જ્ઞાન રહેલું છે.

પરમાત્માનું દર્શન થવું, એનો સાક્ષાત્કાર થવો, આ ગહન વિષય છે. જ્યાં સુધી માણસને મનની પેલે પાર કેવી રીતે જઈ શકાય - તેનો ઉત્તર મળતો નથી ત્યાં સુધી પરમાત્માદર્શન અને પરમાત્મા-સાક્ષાત્કારનો ઉત્તર મળી શકતો નથી. જાગૃતિ - સ્વપ્ન આ બધું મનની અંદર છે. આપણે મનથી ઉપર ઊઠીશું, ત્યારે ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે. મનથી અલગ થઈને જ્યારે શુદ્ધ થવાની પ્રક્રિયા શરૂ થાય છે, ત્યારે ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે અને આ ઈશ્વરસાક્ષાત્કાર થયા બાદ માણસનું મન પોતાનું રહેતું નથી. તે માણસ વિશ્વમનુષ્ય થઈ જાય છે. વિશ્વમાનસ થઈ જાય છે. અને જગતનું મન તે મનુષ્યને નિમિત્ત બનાવીને કામ કરે છે. આ માણસ ઈશ્વરના હાથનું ઓજાર બનીને કામ કરે છે.

(ક્રમશઃ) (સંકલિત)

ચારુમતી યોદ્ધા

જન્મ : ૨૫ જાન્યુઆરી ૧૯૧૨, અમદાવાદ; અવસાન : ૩૦ જાન્યુઆરી ૧૯૮૧, અમદાવાદ. વીસમી સદીના ગુજરાતમાં મહિલાઓના અધિકારો અને કલ્યાણ માટેની લડત અને પ્રવૃત્તિઓનાં અગ્રણી મહિલા કાર્યકર. મહાત્મા ગાંધીજીના આશીર્વાદથી અમદાવાદમાં ૧૯૩૪માં સ્થપાયેલી મહિલાસંસ્થા 'જ્યોતિસંઘ'ની સ્થાપનાથી શરૂ કરી આજીવન ચારુમતીબહેને સંસ્થાના વિકાસમાં મહત્ત્વનું યોગદાન કર્યું. જ્યોતિસંઘના રાહતવિભાગ દ્વારા કૌટુંબિક પ્રશ્નોથી ગ્રસ્ત અને પુરુષપ્રધાન સમાજથી શોષિત-અપમાનિત એવી મહિલાઓના અધિકારોના રક્ષણ માટે તેમણે એક 'યોદ્ધા'ની જેમ લડત આપી.

ગાંધીવાદી મહિલા-કાર્યકર મૃદુલાબહેન સારાભાઈના માર્ગદર્શન હેઠળ સ્વાતંત્ર્ય-સંગ્રામમાં અને ત્યાર પછી સ્ત્રીજાગૃતિ અને કલ્યાણના અનેક પ્રશ્નોમાં તેઓ અગ્રેસર રહ્યાં. સ્વાતંત્ર્ય-આંદોલનમાં પ્રભાતફેરી, રેંટિયાક્લાસ, સ્વદેશીના કાર્યક્રમો તેમજ પરદેશી માલનો બહિષ્કાર જેવી દેશદાઝની પ્રવૃત્તિઓ માટે ચારુમતીબહેને શાળાને તિલાંજલિ આપી લડતમાં ઝંપલાવ્યું. ૧૯૮૧માં ચારુમતીબહેનનું અવસાન થયું ત્યાં સુધી સતત તેમણે જ્યોતિસંઘમાં રહીને પાંત્રીસ હજારથી વધુ કેસોમાં સ્ત્રીઓને કૌટુંબિક કલહ, અપહરણ, બાળલગ્ન, દ્વિપત્ની, છૂટાછેડા, ત્યક્તા, મારઝૂડ, લોહીનો વેપાર, શકમંદ મૃત્યુ એવા એવા અનેક પ્રશ્નોમાં કાયદાકીય સલાહ અને મદદથી માંડીને પોલીસ-કેસ સુધીની કાર્યવાહીમાં સક્રિયતા દાખવી. પોતાની જાતને વારંવાર જોખમમાં મૂકીને પણ તેમણે અનેક મહિલાઓને તેમના અધિકારો અપાવ્યા અને સંકટના સમયમાં રક્ષણ પૂરું પાડ્યું. નારીવાદી આંદોલનો જે જમાનામાં હજુ શરૂ પણ થયાં ન હતાં એવા સમયે ચારુમતીબહેને ગાંધીવાદી વિચારને સ્ત્રી-કલ્યાણ સાથે સાંકળી ગુજરાતમાં નારીવાદી આંદોલનનો પાયો નાંખ્યો.

(ગુજરાતી વિશ્વકોશ) **- ગૌરાંગ જાની**

વિશ્વ પર્યાવરણ દિવસ... (પાન ૧૧નું ચાલુ)

આગળ વધારશે અને આ રીતે પોતાનું યોગદાન આપશે. જેમાં મે મહિનામાં યુ.એન. હેબીટેટ સાથે ભાગીદારીમાં આયોજિત વર્લ્ડ અર્બન ફોરમ (WUF-13)નું ૧૩મું સત્ર, જુલાઈમાં શમાખીમાં આયોજિત UNFCCC ના વડાઓની ત્રીજી અનૌપચારિક બેઠક અને UNFCCC દ્વારા ઊજવાનાર 'બાકુ આબોહવા એક્શન સપ્તાહ'નો સમાવેશ થાય છે.

અઝરબૈજાને તેને મળેલી કુદરતી સંપત્તિના રક્ષણમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. દેશનો ૧૦%થી વધુ વિસ્તાર હવે સંરક્ષણ હેઠળ છે, જેમાં રાષ્ટ્રીય ઉદ્યાનો, તેમજ અનામત જંગલો - જેમાં વધારો થઈ રહ્યો છે તેમનો સમાવેશ થાય છે. એક નોંધપાત્ર સિદ્ધિ એ છે કે યુનેસ્કોની સૂચિમાં જેનો સમાવેશ થાય છે તેવાં હરકાયનીઅન જંગલો જે વિશ્વના સૌથી જૂના નિવસનતંત્રનો ભાગ છે, જેમાં ૩૦૦૦થી વધુ વનસ્પતિની પ્રજાતિઓ અને વિવિધ વન્યજીવનનો સમાવેશ થાય છે, તેવાં જંગલોના રક્ષણનું કામ આ દેશે કર્યું છે. દરિયાઈ અને દરિયાકાંઠાના નિવસનતંત્ર, ખાસ કરીને કેસ્પિયન સમુદ્રમાં, જે વિશ્વનો સૌથી મોટો ચારેબાજુથી બંધ એવો જળસંગ્રહ છે, તેના સંરક્ષણ માટે અનામત વિસ્તાર જાહેર કરવામાં આવ્યો છે. તેમજ વિવિધ સંરક્ષણ કાર્યક્રમો દ્વારા તેને સુરક્ષિત રાખવામાં આવે છે, અલબત્ત આ પ્રદેશમાં પાણીના સ્તરમાં ખૂબ જ ચિંતાજનક ઘટાડો થઈ રહ્યો છે. છતાં પણ આ દિશામાં પ્રયત્નો ચાલુ રખાય છે. વિવિધ પ્રજાતિઓના વિકાસ માટે થતા કાર્યક્રમો દ્વારા નિવસનતંત્ર પણ જળવાય છે, પરિણામે જૈવ વિવિધતા વધારવામાં મદદરૂપ બને છે.

(UNEP ની વેબસાઈટ પરથી..) **- સંકલિત**

બ્રહ્મવિદ્યામંદિરનાં શાંતિદીદીનું તા. ૨૧ મે ૨૦૨૬ના રોજ અવસાન થયું છે. શાંતિદીદી મૂળે પાકિસ્તાનનાં. ભાગલા પછી એમનો પરિવાર નાસિકમાં આવીને વસ્યો. ત્યારબાદ વિનોબાજી સાથે સંપર્ક થતાં બ્રહ્મવિદ્યામંદિરની સ્થાપના અગાઉ જ તેઓ પવનાર આવી ગયાં. બાબાની સેવા, બ્રહ્મવિદ્યામંદિરનો બૂકસ્ટોર સંભાળવો જેવાં કામો તેમણે એક સાધિકાનું જીવન વ્યતિત કરતાં કરતાં કર્યાં. તેમના નામ પ્રમાણે તેઓ શાંતિપ્રિય અને સહુની સાથે મૈત્રી કરનારાં હતાં. વળી, સ્વાધ્યાયપ્રેમી. સુંદર ભજનો પણ ગાતાં. સદ્‌ગતને ભૂ.પુત્ર પરિવારની શ્રદ્ધાંજલિ.

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૩૦૦

આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૩૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બૅંક ઑફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

ઉધારી

બાર બિલ્ડીંગની બનેલી નવમંગલ સોસાયટી. આટલી મોટી સોસાયટીમાં કંઈ ને કંઈ સમારકામ ચાલ્યા જ કરતું. દરેક કામ માટે કોન્ટ્રાકટ આપી દીધેલા. ખાળકૂવાની સફાઈ અને પ્લમ્બરીંગના કામનો કોન્ટ્રાક્ટ વસંતને મળેલો. વસંત બહુ ઈમાનદાર અને મહેનતુ માણસ. કોઈની કંઈ પણ ફરિયાદનો ફોન જાય એટલે તરત પોતાનાં સાધનો લઈને પહોંચી જ જાય. સોસાયટીના કામનો હિસાબ સેક્રેટરી રાખે પણ કોઈ પોતાના ઘરનું કામ કરાવે એના પૈસા ફ્લેટધારક ચૂકવે એવી સમજૂતી થયેલી.

''વસંતભાઈ, આ નળ લીક થાય છે, જરા જોઈ આપોને!''

''વસંત, મારા ટોયલેટનું ફ્લશ બરાબર ચાલતું નથી, રીપેર કરી જજે!'' આવાં નાનાં-મોટાં કામ માટે ફોન આવતા જ રહેતા. જે કામ સહેલાઈથી પતી જાય એના તો એ પૈસા પણ ન લેતો.

''એમાં પૈહા હું લેવાના ભાભી, ચાલો એના કરતાં એક રકેબી ચા પાઈ દો.''

એમ કહીને એક રકેબી ચામાં સંતોષ પામીને એ બીજા કામે વળગતો. તે દિવસે સોસાયટીની ડ્રેનેજ લાઈન ચોક-અપ થઈ ગઈ હોવાથી બીજા સાથીદારને બોલાવી એ ક્યારનો કામે લાગ્યો હતો. પાવડાથી ખોદાઈ કરતાં કરતાં એ પરસેવે રેબઝેબ થઈ ગયો હતો. ગરમી સખત હોવાને લીધે તરસથી ગળું પણ સુકાતું હતું. એ જલદી કામ પતાવવાની વેતરણમાં હતો ત્યાં 'ડી' બિલ્ડીંગવાળા નાગરજી હાંફળા-ફાંફળા આવીને કહેવા લાગ્યા,

''અરે વસંત, મારા રસોડાના સીંકના પાઈપમાંથી પાણી નીકળવાને બદલે બધું ઊભરાઈને બહાર આવે છે. બહારના રૂમમાં પણ આવવા માંડ્યું છે. તારે હમણાં ને હમણાં આવવું પડશે.''

ફાટેલા ખમીસથી મોઢું લૂછતાં વસંતે કહ્યું, ''આટલું કામ પતાવીને આવતો છું સેઠ, હવે પતવા જ આવેલું છે.''

''ના, ના, મોડું થાય એ નહીં ચાલે. તમે લોકો તો એવા કે, ક્યારે ચાલવા માંડો ખબરેય ન પડે. હમણાં મારી સાથે જ ચાલ.''

અંતે વસંતે પોતાનું કામ અધૂરું મૂકીને નાગરજી સાથે જવું જ પડ્યું. એણે જોયું તો રસોડાના કચરાથી પાઈપ જામ થઈ ગયેલો. એની સફાઈ કરવામાં ખાસ્સો સમય લાગે એમ હતું. લગભગ દોઢ-બે કલાકની મહેનત પછી પાઈપમાંથી પાણી જતું થયું. હજી એ કંઈ બોલે એ પહેલાં નાગરજીએ કહ્યું, ''સોસાયટીનું કામ પતે પછી તારી 'મજૂરી' લઈ જજે.''

અધૂરું છોડેલું કામ પતતાં દોઢ-બે વાગી ગયા. વસંતે નાગરજીના ઘરે જઈ કહ્યું, ''ચાલો સેઠ, પૈહા આપો એટલે ઘરે જઈને ખાવા ભેગો થાઉં.''

તારા પૈહા ક્યાં ભાગી જવાના હતા? તું તો ભઈ ભારે ઉતાવળિયો! બબડતાં બબડતાં નાગરજી અંદરના રૂમમાં જઈને પચાસ રૂપિયાની નોટ લઈ આવ્યા અને વસંતના હાથમાં મૂકતાં બોલ્યા, ''લે, ભઈ, રાજી ને?''

વસંત નવાઈ પામીને એમને જોઈ રહ્યો.

''સેઠ, આ હું? મસ્કરી કરતો છે કે? આટલી મેનતના પચા રુપિયા? આ તો સોસાયટી આખીનું કામ કરતો છું એટલે બહોમાં કરી આયપું, બાકી બીજા માણહને બોલાવો તો પાંચસે વગર ની માને.''

''જા જા હવે, પાંચસો વાળા! જ્યારથી યુનિયન બનાવ્યા ત્યારથી તમે બધા બહુ ફાટ્યા છો. રાજીખુશીથી જે આપું છું એ લઈ લે, નહીંતર હાલતો થા.''

સેઠ સાથે અગાઉથી મજૂરી નક્કી ન કરી એ બદલ વસંત પસ્તાતો હતો. પોતે કેટલા કલાક સુધી કેટલી મહેનત કરી, કેટલી સફાઈથી કામ કર્યું, હાથમાં લીધેલું કામ પડતું મૂકીને એમના ઘરનું કામ કર્યું એ બધું સેઠને સમજાવવાની કોશિશ કરીને વસંત થાક્યો પણ નાગરજી ટસથી મસ ન થયા એટલે એ સેક્રેટરીને બોલાવી લાવ્યો. આસપાસના ફ્લેટધારકો પણ એકઠા થયા અને સૌએ વસંતની માગણીને વાજબી ઠેરવી પણ નાગરજીની તો એક જ વાત હતી, ''તમે બધાય આવા લોકોની વાતમાં હા એ હા કરો છો તે પસ્તાવાનો વારો આવશે. એ લોકો માથે ચઢીને ધાર્યું કરાવવામાં હોશિયાર હોય. મારી તો સો વાતની એક વાત - વસંતે આ પચાસની નોટ લેવી હોય તો લે, નહીંતર એની મરજી.''

ભૂખ્યો-તરસ્યો તો હતો જ, પણ એના કરતાંય અન્યાયથી વસંત વધારે અકળાયો, ''સેઠ, અમારી મહેનતના પૈહા માગીએ છીએ, હરામના નહીં. આપવા હોય તો આપો નઈતર તમારી પાંહે જ રાખો.''

નાગરજી ધરાર ન જ માન્યા એટલે વસંત પૈસા લીધા વિના જ જતો રહ્યો. ભેગા થયેલા સૌને લાગ્યું કે, આ ગરીબ છતાં પ્રમાણિક માણસની આંતરડી કકળાવીને નાગરજીએ ઠીક ન કર્યું, પણ બીજાના મામલામાં પડવા કરતાં બધાને મૌન રહેવું યોગ્ય લાગ્યું. દિવસો વીતતા જતા હતા. નાગરજીને હતું કે, પૈસાની જરૂર પડશે એટલે વસંત આફઈડો આવીને જે આપું એ લઈ જશે, પણ વસંત એમને ઘરે ડોકાયો જ નહીં.

એક દિવસ સવારના પહોરમાં દૂધની થેલી લેવા નાગરજીએ બારણું ખોલ્યું ત્યારે જોયું કે, સાવ વચ્ચોવચ એક મરેલી બિલાડી પડી છે. રાતના સમયે કદાચ કોઈ કૂતરાએ ગળેથી પકડીને દબોચી લીધી હશે એટલે આસપાસમાં લોહીનું ખાબોચિયું ભરાયું હતું. 'અરે, આ વળી બીજે ક્યાંય નહીં ને મારા ઘર આગળ જ મરવાની થઈ?' એમની પત્નીએ આ જોઈને નાકનું ટીચકું ચઢાવ્યું ને બોલી, ''હાય હાય, આ તો હમણાં ગંધાવા માંડશે. જલદી એને અહીંથી કઢાવો. ઝટ વસંતને બોલાવો.''

હાથમાં બસો રૂપિયાની નોટ લઈને નાગરજી વસંત પાસે પહોંચ્યા.

''ભાઈ, તે દિવસે તું નારાજ થઈને જતો રહ્યો પછી મેં તારી બહુ રાહ જોઈ, પણ તું તો દેખાયો જ નહીં. ગરીબ માણસના પૈસા રાખીને મારે શું કરવું છે? લે, આ તારા આગલા કામની મજૂરી અને આજે હમણાં જ આવીને મારા આંગણામાં પડેલી બિલાડી ઉપાડી જા. એના તું કહીશ એ પ્રમાણે પૈસા આપીશ હં!''

એમનો હાથ પાછો ઠેલતાં વસંતે કહ્યું, ''સેઠ, મેં ઉધારી પર કામ કરવાનું છોડી દીધું છે. જે ઉધારી પર કામ કરતો હોય ને મારી જેમ ફાટેલા મગજનો ન હોય એની પાસે કામ કરાવી લેજો. ને આ પૈહા તો સેઠ, મારા વતી દાન-ધરમમાં વાપરજો. ચાલો તારે, મારે કામે જવાનું મોડું થતું છે.''

ખુમારી ભરી ચાલે ચાલ્યા જતા વસંતની પીઠ સામે નાગરજી મોઢું વકાસીને જોઈ રહ્યા.

(અખિલેશ શુક્લાની હિંદી લઘુકથાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org